

કુમાર

૨૭૭

સંસ્થાપક • રવિશંકર રાવળ ✿ તંત્રી • બચુભાઈ રાવત ✿ જાન્યુઆરી '૪



સ્કેચ : ધિરેન્દ્ર ગાંધી



જન્મ : ૧૬-૩-૧૮૭૭ અવસાન : ૯-૧-૧૯૪૬

ન્હાનાલાલ દલપતરામ કવિ

(તૈલચિત્ર : શ્રી રવિશંકર રાવળ)

શામળદાસ કૉલેજ—ભાવનગર—ના ગુજરાતી હૉલ માટે શ્રી યશવંત પંડ્યા તરફથી ભેટ અપાતાં ગુર્જર સાહિત્યકારોનાં તૈલચિત્રોની માળા માટે તૈયાર થએલું આ આગામી ચિત્ર, એમના સૌજન્યથી, કવિશ્રીની પહેલી સંવત્સરી (૯-૧-૪૭) નિમિત્તે પ્રકટ કરીએ છીએ.



ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. ૭; પરદેશમાં રૂ. ૯-૦-૦ અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.



જાહેરખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિશિંગ કંપની, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ–૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.

તમને આવી કોઈ કટેવ ખરી કે?...


તમને એ તદ્દન મામૂલી લાગે છે, અને તમે તો એમ જ જાણુતા હો છો કે એથી કોઇનું ખાસ ધ્યાન ખેંચાતું નથી; પરંતુ એવાં નાનાં નાનાં વર્તનથી પણ તમે કેવા કઢંગા દેખાઓ છો તેનું આ નીચેનું નિદર્શન તમારી સાન ઠેકાણે લાવશે.

આપણુને ખાસ ખ્યાલ પણ નથી હોતો એમ કેટલીક નાનીનાની કુટેવો આપણામાં જાણ્યે-અજાણ્યે પેસી ગઇ હોય છે. જાહેર આરોગ્ય કે સામાજિક શિષ્ટતાની દૃષ્ટિએ જ નહિ, પણ આપણા પોતાના સદ્‌વર્તન માટે પણ એ કેવી નુકસાનકારક હોય છે અને એના આચરણથી આપણે કેવા ભૂંડા દેખાઇએ છીએ તેનું આપણુને ભાન નથી હોતું. એનો એક તદ્દન નજીવો દાખલો લઇએ કે આપણે કોઇ છાપાં, ચોપડી કે વાંચવાના કાગળોનાં પાનાં છુટાં પાડવા માટે થૂકવાળી આંગળીની મદદ લઇએ છીએ; પણ ગમે તેનો સ્પર્શ પામેલા અથવા ગમે તે રીતે રજોટાઈ રગદોળાઇ ગએલાં એ પાનાં કે કાગળો અને આપણી જીભ વચ્ચેનો થૂક દ્વારા થતો સંસર્ગ આરોગ્યની દૃષ્ટિએ કેટલો ખતરનાક છે, ને એમ કરતાં આપણે દર વખતે કેવા વરવા દેખાઇએ છીએ તેનો કદિ જ વિચાર કરીએ છીએ ખરા? સામાજિક શિષ્ટતાની દૃષ્ટિએ કઢંગી એવી જે સંખ્યાબંધ કુટેવો કાળજીને અભાવે આપણામાં પેસી જવા પામે છે તેમાંની થોડીક આ નીચે આપી છે.

નીચેનાં ચિત્રોમાં ક્રમવાર: (૧) તમે પાંચ માણસની વચ્ચે બેઠા છો ને અચાનક તમારા કાનમાં સળવળાટ જાગે છે. તરત પેન્સિલ, હોલ્ડર, સળી કે જે કાંઇ હાથ પડે તે લઇને તમે એ સળવળાટના કારણરૂપ મેલને બહાર કાઢવા પ્રવૃત્ત થાઓ છો; પણ કાનમાંની સુંવાળી ચામડી પર એ અડવાથી તેમજ મેલ ખોતરવાથી થતી ગલીપચીની તથા સળવળાટ શમવાની મીઠી લાગણીને કારણે તમારૂં મોં કેવું કઢંગું થાય છે તે તો કોઇ તમારી સામે અરીસો ધરે તો જ જણાય! અને એમ જાહેરમાં મેલ કાઢવો એ અશિષ્ટ છે. (૨) એવું જ અશિષ્ટ, દાંતમાં ભરાએલું તરણું કે કચરો જાહેરમાં કાઢવો એ છે. જોકે એ ખરૂં છે કે પગમાં કાંટો, ધોતિયામાં ડાભોળિયું કે દાંતમાં શકટું પેઠાં હોય એ નીકળે નહિ ત્યાં સુધી કરાર નથી વળતો; પણ દાંતમાંની વસ્તુ ખોતરી કાઢવા માટે આપણે ટાંકણી, સળી, પેન્સિલ, ચશ્માની પાતળી દાંડી કે છેવટે આંગળી—જે કાંઇ સાધન હોય તે વડે મથીએ છીએ ત્યારે ગુફા જેવું મોં ઉઘાડીને જે વિચિત્ર ચેડાં કાઢીએ છીએ તે અત્યંત કઢંગાં હોય છે. આંગળી મોંમાં નાખી થૂકવાળી થવા દેવી એ સભ્ય આચાર નથી ગણાતો, તેથી ઘણા રૂમાલ પણ વાપરે છે; પરંતુ એમ થૂકવાળો રૂમાલ વારેવારે મોંમાં કાઢઘાલ કરવો એ ય અશિષ્ટ તો છે જ; (૩) એવી જ બીજી અશિષ્ટતા પાંચ માણસની વચ્ચે રૂમાલમાં નાક સાફ કરવું એ છે. જોકે રસ્તામાં ગમે ત્યાં લીંટ કે ગળફા ફેંકવાની આપણી પ્રજાવ્યાપક ટેવ કરતાં એ સારૂં છે; પણ એ કામ બને ત્યાં સુધી એકાંતમાં અગર શાંતિથી થાય તો સારૂં. પરંતુ કેટલાક તો રૂમાલમાં જે મોટો અવાજ કરીને ને ડોળા કાઢીને એ ક્રિયા કરે છે એ તો ત્રાસજનક છે. (૪) એ પ્રકારની બીજી કુટેવ તે છીંક ખાવાની. છીંક આવે તે રોકી રોકાઇ શકતી નથી એ ખરૂં; પરંતુ તે પણ રૂમાલમાં નાક દબાવીને તથા મોં આડું રાખીને બને તેટલો ઓછો અવાજ કરીને કરાય તો સારૂં. પણ માણુસ અત્યંત તુચ્છકારપાત્ર તો ત્યારે થાય છે કે જ્યારે તેને ખાતાંખાતાં છીંક કે ઉધરસ આવે છે! છીંક અનિવાર્ય હોય છે એ કબૂલ, પણ મંડળીમાં જમવા બેઠા હો ને મોંમાં ડબૂચો હોય ત્યારે છીંક આવતાં ચોતરફ તમારા કોળિયાનો જે છંટકાવ ઊડે તેથી શી દુર્દશા થાય (તમારી ને મંડળીની બંનેની) તેનો ખ્યાલ કરો! (૫) જમતી વખતની એક એવી જ બીજી કુટેવ તે ડબૂચા મારીને ખાવાની ને મોં ખૂબ પહોળું ઉઘાડવાસ કરીને ચાવવાની. કેટલાક તો વાગોળતા હોય એવી રીતે બંને જડબાંને દળતા હોય છે! ચાવવાની ક્રિયા તો સૌને કરવાની હોય છે, પણ એ ક્રિયા કેમ થાય છે તે મોં ઉઘાડીને બીજાને બતાવવાની શી જરૂર? (૬) અને પુરુષોમાં જ આવી કુટેવો હોય છે એવું કાંઈ નથી. સ્ત્રીઓને પણ આ બધું એટલું જ લાગુ પડે છે. નખ કરડવાની ટેવ પણ આપણી સામાન્ય સામાજિક કુટેવોમાંની એક છે. વાતો કરતાં અથવા કોઇની વાતો સાંભળતાં, મોંમાં આંગળીઓ નાખીને અને તમારા દાંતનું દર્શન સૌને કરાવતા જઇને કરડકરડ કરવાની શી જરૂર? (૭) અને એવી જ બીજી કુટેવ નાકના ગૂંગા કાઢવાની! હાથમાં હીરાની વીંટી પહેરી હોય, ને એ જ વીંટીવાળી આંગળી વડે ગૂંગા કાઢતાં બાઈસાહેબ એ વીંટીને લજવતાં હોય ત્યારે કેવી ચીતરી ચડે તેનો ખ્યાલ કરો!.... આ થોડા નમૂના જાણ્યા પછી તમે જરૂર તમારી જાતને પ્રશ્ન કરવાના કે 'આવી કાંઈ કુટેવ મને ખરી કે?'








અંગુલી હે!

· મિશ્ર ·

રચી રહો અંજલિ, અંગુલી હે!
શીખો હવે આજ લગી ન શીખ્યું તે;
ધરી લિયો પદ્મદલોનું માર્દવ,
રચી રહો સંપુટ કો અનન્ય.

હે અંગુલિ! કર્મ કર્યાં ઘણાંઘણાં:
માટી ભરી મોંમહીં શૈશવે ઘણી,
કૈશોર્યમાં ક્રીડનમાં ગુંથાઈ તેં,
યુવા વિષે વજ્જર બંધ થૈ લડી
કુસ્તી ઘણી, કે પ્રિયના કરે સરી
કુમાશ ધારી બિસતંતુ જેવી.

હે અંગુલિ, તેં કરજોડ કૈં કરી,
જેકાર ઝીલ્યા, અરપ્યા વળી ઘણા,
તું આશિષાર્થે થઈ છત્ર શી રહી.
અને કદી ભોળપભાવથી ઘણી
અબૂઝ માળા જપતી ય તું રહી.

રે, આ બધું આમ કર્યુંકર્યું છતાં
બાકી બધું બાવન બ્હારનું બધું;
કહે, તાહરાં અગ્ર થકી સર્યું કદી
સંજીવની અર્પતું ઇશઅમૃત?

હે અંગ મારા!
તારાં દશે અગ્ર થકી શરીરની
ચૈતન્યધારા દશજિહ્વ વહ્નિ શી
સ્ફુરે, વહે; એ વિખરાઇ જાતી
જ્વાલાવલી સંપુટમાં તું બાંધી લે.
બંધાયલી એ દૃઢ જ્યોત બાળશે
તારા અહંનાં વન, ને અગમ્યમાં
આરોહવા ક્ષેપનટોચ એ થશે.
ભિડાયલાં આ દશ બિન્દુની પ્રભા
ઉઘાડશે દ્વાર ઋતો અનંતનાં—
ને સંપુટે એ નભચારી દિવ્યતા
લેઇ બાધાં અમૃત ઊર્ધ્વ લોકનાં
આવી રચશે નિજ નીડ ઉન્નત.

સુન્દરમ

દારિદ્ર્ય માનવ તણું

વસંતતિલકા-સૉનેટ

આજે ક્ષયિષ્ણુ જગ જ્યાં નિજ ઘોર ખોદે
ને માનવી જ ક્ષુદ્ર માનવતા વિલોપે,
જ્યાં ભવ્ય દિવ્ય બનતું બધું ભૂમિશાયી,
ગાવા ઘણું તલપતું મન ગાય ક્યાંથી?

જન્મ્યાં તિરસ્કૃતિ તણા મર વિશ્વવ્યાપી
ને કાલજિહ્વ-ગગને અડતી કરાલી
સ્વાર્થાગ્નિઝાળ પડ ભીતરનાં વિદારી
સૌ સ્નિગ્ધ. ત્યાં હૃદયભોગ કહીં રસાળી?
દારિદ્ર્ય માનવ તણું જગજિષ્ણુ કેરું
નગ્નસ્વરૂપ અહ ભૂતલમાં પ્રકાશ્યું:
નાથ્યાં વરાળ-વિજળી, મન તો અનાથ્યું.
આંબ્યા ગ્રહો, નિજનું અંતર તો અજાણ્યું.
આ માનવોદ્ભવ તણી મહતી પ્રવૃત્તિ!
શું ગીત એ માગીશ વા કરુણ પ્રશસ્તિ?

અશોક હર્ષ

ભજન

હરિ તારાં ઘટના મંદિરિયામાં મોસણાં હોજી.
હરિ હું ય એ જ ઘરનું બાળ,
તારા ઓરડાની ભાળ,
આદુનાં વિજોગી તો ય આપણે,
આપણ બેની અંતરિયાળ
પડદા પડ્યા છે કીનખાબના હોજી.

હરિ તારે ઓરડે અગરુની ઊડે ફોરમો હોજી.
હરિ એના ધૂપનો બહાર,
આવે અહીં વારવાર,
આખા યે વરમાંડ મહીં વ્યાપતો;
મારા સુખનો નહિ પાર
કાળજે અમલ ચડે કારમો હોજી.

હરિ મારે પ્રાણને એકતારે ગીત ઊપડ્યાં હોજી.
હરિ મારી ભાંગીતૂટી વાણ,
આઠે પ્હોર એનો તાણ,
શબદ ઘુંમટ મહીં ગુંજતો;
એના સૂરમાં અભાન,
આયખાને અમરત લાધિયાં હોજી.

હરિ તારા ઓરડાનાં હજી બંધ બારણાં હોજી.
હરિ એને પડદાની આડ,
નયને તિમિરની વાડ,
ક્યારે રે મંગળ વેળ આવશે
ઘરશે તેજનો ઉઘાડ?
કાળના અવધાને માંડી ધારણા હોજી.

રાજેન્દ્ર શાહ



કવિવર નાનાલાલ

એમના સમાગમ સઆદર અને વિયોગનાં સંસ્મરણો

લેખક
શ્રી રવિશંકર રાવળ

ઇ. ૧૯૦૭–૮ના અરસામાં ભાવનગરમાં સ્ટેશન માસ્તર હરગોવિંદભાઈ પંડ્યાનો બંગલો ભાવનગરનાં કેટલાંક કુટુંબોનું સંસ્કારધામ બન્યો હતો. તેમના મોટા પુત્ર શ્રી હીરાલાલ પંડ્યા તથા તેમના મશિયાઇ ભાઇ સ્વ. ગિજુભાઈ બધેકા, શ્રી રતિભાઈ (હાલ સ્વામી સ્વયંજ્યોતિ), શ્રી બટુભાઈ ઉર્ફે શ્રી રામનારાયણ પાઠક આદિ સમવયસ્કો અને સહાધ્યાયીઓનો ત્યાં ચોરો જામતો. સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી સાહિત્ય તથા કાવ્યોનો રસભર અભ્યાસ થતો તથા કવિતાઓ લલકારાતી અને વાતાવરણ નિર્દોષ બંધુભાવથી ગહેકતું. એમનાથી બેત્રણ વર્ષ પાછળ અમારું એક નાનું મંડળ પણ તેની છાયામાં ખીલતું હતું. શ્રી હીરાલાલ પંડ્યાના નાના ભાઇઓ મસ્તરામ (માણેકલાલ) અને નાનાસાહેબ ઉર્ફે પ્રાણજીવન પંડ્યા, ગિરીશ ભટ્ટ, પરમાનંદ કાપડિયા વગેરે અમે પણ એ મોટા ભાઇઓની સોબતનો લહાવ પામતા. સ્વ. રણજીતરામ પણ તે વખતે ભાવનગરમાં હતા, તેમનો સમાગમ કેટલાકને થએલો. કવિ 'કાન્ત' (મણિશંકર ભટ્ટ)ને તો સૌ જાણતા, પરંતુ એ વખતે તેમની પ્રતિભાને 'પૂર્ણપણે પિછાનવાની' કે પ્રમાણવાની શક્તિ અમારામાં નહોતી. જોકે એમની ('કાન્ત'ની) તેમજ 'કલાપી' તથા બાલાશંકરની કવિતા મસ્તીથી ગવાતી. અમારામાંના કોઇનો કંઠ લહેરાતો તો ન હતો, પણ ગઝલની ઢબ સૌને બેઠી હતી. એમાં કવિ નાનાલાલનાં ગીતકાવ્યો અને નવી પદાવલિઓની ઝડી આવવા લાગી. તેના માધુર્યમાં સૌ ગળી જતા તે અમે જોતા. 'ભીંજે મારી ચુંદલડી' તો બટુભાઈ લહેકાથી ગાતા. 'ઈન્દુકુમાર'ની સુંદરરીતે છાપેલી પ્રત પહેલી વાર ત્યાં જોઈ. તેમાંનું અપદ્યાગદ્ય બધા નવી છટાથી વાંચતા; અને બધાને લાગ્યું કે ગુજરાતી કવિતામાં 'ઊગે છે પ્રભાત આજ ધીમે-ધીમે.' એ નવો યુગ માંડનાર એના કવિને નજરે જોવાની ઝંખના સૌને થતી, પણ મને અચાનક પ્રસંગે સિદ્ધ થઇ.

ઇ. સ. ૧૯૦૮નાં સપ્ટેમ્બરમાં ભાવનગર હાઈસ્કૂલમાંથી એક જ અને પહેલા જ વિદ્યાર્થી તરીકે હું ડ્રૉઈંગની પરીક્ષા માટે તૈયાર થયો. મારા ડ્રૉઈંગ માસ્તર નવા અભ્યાસક્રમથી માહિતગાર નહોતા, એટલે મેં વડોદરા ભણતા એક વિદ્યાર્થી મિત્ર પાસેથી તે તૈયાર કરી લીધો હતો અને એકદમ સેકંડ ગ્રેડમાં જ બેસવાનું ઠરાવ્યું હતું. પરંતુ તે વખતે ડ્રૉઈંગની પરીક્ષાઓનું કેન્દ્ર આખા કાઠિયાવાડમાં માત્ર રાજકોટ ખાતે જ હતું. એટલે એ વરસાદની મોસમમાં હું રાજકોટ ગયો. મારો ઉતારો મારા પિતાશ્રીના ગુરુબંધુ અને મિત્ર સ્વ. વિશ્વનાથ પાઠક (શ્રી રામનારાયણભાઈના પિતાશ્રી)ને ત્યાં જ હતો. તે વખતે તેઓ મેઇલ ટ્રેઈનિંગ કૉલેજના હેડમાસ્તરના પદેથી નિવૃત્ત થઇ ઘર આગળ જ ગીતાની ટીકા લખી રહ્યા હતા. એ ઘર સાથે અમારો કુટુંબ જેવો ઘરોબો હતો. એમના બીજા પુત્ર ગજુભાઈ (શ્રી ગજાનન પાઠક—સ્થપતિ) મારા સમવયસ્ક, એટલે તેમની સાથે હું વધુ ભળેલો. તે કુટુંબમાં બ્રાહ્મણી આચાર અને સંસ્કૃતિ માટે ખૂબ આગ્રહ અને પુરુષાર્થ હતો. બધાં બાળકો ગણિત, ભાષા ને સંસ્કૃતમાં બીજા કુટુંબોનાં બાળકો કરતાં વધુ ચપળ ને તેજસ્વી લાગતા. પણ સવિશેષ તો સૌને ગુજરાતી સાહિત્ય પર ઊંચી અભિરુચિ હતી. તેનું કારણ મુ. વિશ્વનાથકાકાનું અભ્યાસપૂર્ણ જીવન જ કહી શકાય. નિવૃત્ત થયા છતાં તેઓ સવારમાં આઠ વાગ્યે તો નિત્યક્રમથી પરવારી ઓશરીમાં પોતાનાં પુસ્તકો ને લેખન-સામગ્રી લઈ બેસી જતા. સ્નાનસંધ્યા કરી બેઠેલા એ પીઢ દેહના ભસ્માંકિત ચહેરા પરની ફાટી આંખો કોઇ ઋષિનો ખ્યાલ આપતી.

હું ત્યાં ગયો તેના બીજા દિવસે રવિવાર હતો, અને સવારમાં જ કોઇ બે જણ વાતો કરતા ખડકીમાં આવ્યા. તેમાંના એક પડછંદ શરીરના, પોલીસ જેવી ઊંચી કાળી ટોપીવાળા, ગાજતા સ્વરે વાત કરતા, અને બીજા ખુલ્લા માથાવાળા, સરવા નરમ સ્વરે વાત કરતા હતા. તરત મને ગજુભાઇએ એમની ઓળખાણ પાડી: 'આ ટોપીવાળા તે કવિ નાનાલાલ અને બીજા છે તે પઢિયારજી—સ્વ[illegible]-નાં પુસ્તકોના લેખક અમૃતલાલ સુંદરજી પઢિયાર.'

પઢિયારજી કવિના મહેમાન હતા અને કવિ પોતાના નિયમ પ્રમાણે મહેમાનને લઇ રાજકોટના સંસ્કૃતિભુવન સમા આ વિશ્વનાથકાકાને ઘેર ખેંચી લાવ્યા હતા. પઢિયારજી જ્ઞાનને લોકભોગ્ય કરવાના હિમાયતી અને વિશ્વનાથકાકા શિષ્ટ પ્રણાલિઓના આગ્રહી; છતાં એમની એ મુલાકાતમાં મેં ઉભય પક્ષે જે વિનય, આદર અને જ્ઞાનાનંદ જોયાં તે આજના યુગમાં વિરલ થઈ પડ્યાં છે. કવિ નાનાલાલનું એ મારું પ્રથમ દર્શન. એમને જોયા ત્યાર પછી એમનાં કાવ્યો પ્રત્યે મારું આકર્ષણ વધતું ચાલયું. એમાં 'મેં કવિને જાતે જોયા છે' એ વાતનો ભાર ખૂબ રહેતો અને કવિ કેવીરીતે સૌન્દર્યદર્શન કરતા હશે તેનું કુતૂહલ રહેતું.

ઇ. ૧૯૧૦માં મૅટ્રિક પસાર કરી, ૧૯૧૧માં સામળદાસ કૉલેજમાં પ્રીવિયસની એક ટર્મ ભરી, એ જ વર્ષના ઉનાળામાં કૉલેજનો અભ્યાસ વધારી લઈને હું મુંબાઈની આર્ટસ્કુલમાં દાખલ થયો. ત્યાં પ્રિન્સેસ સ્ટ્રીટ ઉપર આવેલી, મારા મિત્ર ભોગીલાલ નાનાલાલની પેઢી પર મેં સૂવા-બેસવાનું રાખ્યું હતું. એ જ મકાનની બીજી પાંખમાં શ્રી મોતીચંદ ગિરધરભાઈ કાપડિયા—સૉલિસિટર રહેતા હતા, અને તેમના કાકાના દીકરા ભાઇ પરમાનંદ કુંવરજી કાપડિયા જે ભાવનગરના (ઉપર વર્ણવ્યા મુજબ) મારા બાલ સહચર અને સુહૃદ હતા તે પણ મુંબાઈ ઝેવિયર્સ કૉલેજમાં દાખલ થએલા હોવાથી ત્યાં રહેતા. તેમનો સાહિત્ય ને સંસ્કારનો શોખ એટલો બધો હતો કે ભાવનગરમાં તે દર રવિવારે કોઇ ને કોઈ પ્રોફેસર કે વિદ્વાનને પોતાને

ઘેર નિમંત્રી મિત્રોની સભા કરે અને દેશ કે સમાજના મહત્ત્વના પ્રશ્નો પર ચર્ચા ઉપાડે. મુંબાઈમાં પણ તેમણે એ પ્રથા ચાલુ રાખી. તેમાં મુ. મોતીભાઇનાં પણ ઉત્તેજન અને પ્રોત્સાહન મળતાં.

ઘરની આવી એક સભામાં તેમણે કવિ નાનાલાલને પ્રમુખસ્થાન લેવા નિમંત્ર્યા. તે દિવસે હાજરી વધી પડી ચર્ચાનો વિષય હતો: 'આજે દેશને કેવા યુવકોની જરૂર છે.' સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ (જૈનોમાં નવા વિચારનો ભભૂકો આણનાર) પ્રથમ વક્તા હતા. એમણે જુસ્સાદાર રીતે શરૂઆત કરી વસ્તુને વેગમાં મૂકી મોતીભાઈએ પણ ભાગ લીધો. બીજાઓ સાથે હું પણ થોડુંક બોલ્યો. અંતે કવિશ્રીએ ઉપસંહાર કરતાં પોતાની લાક્ષણિક રીતે કહ્યું: 'આપણને સ્વતંત્રતા યે ન જોઇએ, અતંત્રતા યે ન જોઇએ; પણ બાંધેલી મર્યાદામાં ઉછરતા વછેરા જેવી મર્યાદાપૂર્ણ સ્વતત્રતા અને સુતંત્રતા જોઇએ, વગેરે ઉપસંહારમાં કવિએ દરેક જણના વિચારોની નોંધ લીધી હતી. તેમાં મારા પણ એક બે વિચારો ટપકાવી લઈ મારા નામોલ્લેખ સાથે તે પર પોતાની સંમતિ બતાવી ત્યારે હું ખુશ થયો કે કવિએ મને ઓળખી રાખ્યો છે.

તે પછી બીજે વર્ષે ૧૯૧૨માં કાઠિયાવાડમાં ઉમરાળા મુકામે મારા મોટા ભાઇ શ્રી રતિલાલ રાવળ પોસ્ટ માસ્તર હતા ત્યાં હું ઉનાળાની રજા ગાળવા ગયો. ત્યાં કવિ પણ, તેમના મોટાભાઈ શ્રી છોટાલાલ કવિ, જે એ મહાલના વહીવટદાર હતા, તેમને ત્યાં આવેલા. આ ખબર મળતાં હું મારા એક સ્નેહી સ્વ. છગનલાલ ઉપાધ્યાય થાણાદાર સાથે તેમને મળ્યો. છગનલાલ અંડર ગ્રૅજ્યુએટ હતા એટલે તેમને પણ સાહિત્યમાં ખૂબ રસ હતો. કવિ ગામડામાં બહુ મોજથી વખત કાઢતા દેખાયા. ત્યાં અમારે નીરાંતે વાતો નીકળતી ને ઘણી વાર સાથે ફરવા જવાનું પણ થતું. 'મૉડર્ન રિવ્યૂ' મેં પહેલી જ વાર ત્યાં તેમની પાસે જોયું. એ માસના તેના અંકમાં નાદિરશાહનું ચિત્ર હતું એક તખ્ત ઉપર બેઠેલો નાદિરશાહ કોઈ સરદારને દિલ્હીની કત્લનો હુકમ આપે છે એવું એ ચિત્રનું વસ્તુ હતું. તે પર ટીકા કરતાં કવિએ કહ્યું કે હું ચિત્રકાર હોઉં તો નાદિરશાહને આમ બેઠેલો ન ચીતરું. પોતાનાં માણસો પર થએલા હુમલાના ખબર સાંભળી તે આવેશમાં ઊભો થઇ જતો જોઇએ અને તેના હુકમમાં તાકીદ બતાવવી જોઇએ. આમ, કવિ ચિત્રના વિષયોમાં પણ ઘણી વાર ચર્ચા કરતા. કોઈ વાર મને કહે કે 'તમારે તો રંગપેટી સાથે જ રાખવી જોઇએ. અમારે તો આ વિશાળ ભૂરૂં આકાશ, તાપનો ચળકાટ, ચાંદનીનો પ્રકાશ અને કુદરતની ઋતુઓ જ રંગપેટી છે. તેમાંથી ગમે તે લઇને ચિત્રો કરીએ.' અને એ ખરૂં હતું કે કવિના શબ્દોમાં ભાસ, ઉજાસ અને રંગોની સુરખી જણાતી. પણ સ્પષ્ટ રેખાંકન શોધવું મુશ્કેલ પડતું. તે વેળા હું 'ઈન્દુકુમાર' વાંચતો, પણ પાંખડી, ઉપરની કુંજોમાંથી ગાતીગાતી આવે છે તે, મેં ગિરિપ્રદેશો નહિ જોએલા ત્યાં સુધી સમજી શકેલો નહિ. કવિના દૃશ્યપ્રસંગો ઘણી વાર પરપ્રાંતમાંથી કે કલ્પનામાંથી ઉઠાવેલા લાગે. તેમનું માનવપાત્ર ભાવનારસથી ભરેલું જણાય, પણ આકૃતિના ઉઠાવમાં અકલ્પ્ય અને મુશ્કેલ જ લાગે. કલાપીનાં પાત્રો મને એવાં નહોતાં લાગતાં. ઈન્દુકુમારને જેમ જગતયાત્રાના અભિલાષ થતા, તેમ મને ગુર્જર સાહિત્યને ચિત્રસૃષ્ટિમાં લાવવાનાં સ્વપ્નાં આવતાં એ વય ને સમય કલ્પના અને મહત્ત્વાકાંક્ષાને પ્રેરતાં લાગતાં અને તેથી દેશના વિદ્વાનો અને મહાપુરુષોના પ્રસાદ ઝીલવા મન ઉત્સુક રહેતું. ઉમરાળાના આ સહવાસથી કવિ સાથેનો મારો સંબંધ દૃઢ થયો.

એવામાં ઈ. ૧૯૧૪માં પહેલું યુરોપી યુદ્ધ શરૂ થયું. કવિ તે માટે સરકારના સૈન્યમાં ભરતી થવા ગુજરાતના યુવાનોને આવાહન કરતા ફરતા અને ખુદ પોતાના બે પુત્રોને સૈન્યભરતીમાં મોકલેલા. ભાવનગરમાં તેમણે એ વિષે વ્યાખ્યાન કર્યું ત્યારે હું ત્યાં હતો. એમણે તે વખતે કહેલું કે ભાવનગરની શેરીઓમાં ટેનીસન રખડે છે એમ તમને કોઈ કહે તો તમને નવાઇ લાગશે. પણ એ હકીકત છે: તમારા ગામની શેરીઓમાં ફરતા કવિ ત્રિભુવન પ્રેમશંકર—'કલાપીવિરહ'ના કર્તા—એ કોટના ઉચ્ચ કવિ છે. પણ આપણી નજર સામે ફરતી



કવિ શ્રી નાનાલાલ તથા શ્રી માણેકબા: તેમના બે પ્રથમ પુત્રો-ડૉ. મનોહર (નીચે) અને શ્રી અનુપમ (ઉપર)-સાથેની એક અપ્રકટ છબિ



શ્રી માણેકબા કવિ: એપ્રિલ આખર ૧૯૧૭

વ્યક્તિઓ, બનતા બનાવો અને ઘડાતા ઇતિહાસનું મહત્ત્વ જોઈ શકતા નથી, તેનું આ દૃષ્ટાન્ત છે. તમે મહાભારત વાંચો છો, પણ મહાભારતથી યે અદકું યુદ્ધ આજ તમારી હયાતીમાં ચાલી રહ્યું છે એની કાંઈ ભાળ તમને નથી:' આમ કહી તેમણે એ યુદ્ધમાં પોતાની સેવાઓ આપવા સામેલ થવા યુવાનોને ઉદ્‌બોધન કર્યું હતું. 'રાજ-રાજેન્દ્રને' આદિ વિખ્યાત કાવ્ય-ત્રિપુટીના રચનાર કવિની એ સરકારપક્ષે સહૃદય સેવા હતી.

પછી તો ઈ. ૧૯૧૭ સુધીમાં મળવાનો કોઈ યોગ આવ્યો હોય તો તે એકબે વાર 'વીસમી સદી'વાળા સ્વ. હાજીમહમ્મદને ત્યાં. એ દાયરામાં મને ગુજરાતના સર્વ અગ્રગણ્ય વિદ્વાનો ને લેખકોનો પરિચય તથા મૈત્રી સાંપડ્યાં. સામસામા વિવાદે ચડેલા કટ્ટર પ્રતિસ્પર્ધીઓ પણ હાજીમહમ્મદની એ નીતરતી સુજનતામાં ગળી જતા.

૧૯૧૮માં હું સાન્ટાક્રુઝ રહેવા ગયો ત્યાં કવિ ઘણી વાર એમનાં ભત્રીજી શ્રીમતી ભાનુમતિબ્હેન ત્રિવેદીને ત્યાં આવતા અને 'વ્હીલર વાલા'માં સ્વ. શેઠ ત્રિભુભનદાસ ભાણજીને ત્યાં મિહફિલ જામતી. તે જ બંગલામાં સ્વ. સંગીતશાસ્ત્રી બર્વે (મોટા) રહેતા. તે ગુજરાતી કાવ્યો અને ગીતો પર સંગીત-નોટેશનો લખતા અને વ્યાખ્યાનો આપતા. (એમનું એ વિષય પરનું પુસ્તક કાવ્યશાસ્ત્રના અભ્યાસીને માટે ઘણું ઉપયોગી છે, પણ આજે તો તે લગભગ અપ્રાપ્ય છે.—તંત્રી) કવિએ તેમને પોતાના એક વ્યાખ્યાનમાં ગુજરાતના સંગીત પ્રતિનિધિ તરીકે બિરદાવ્યા હતા. આપણા એ કાળના અત્યંત લોકપ્રિય નવલકથાકાર સ્વ.ભોગીન્દ્રરાવ દિવેટિયા પણ એ જ બંગલામાં રહેતા; પણ કોણ જાણે શા કારણે તે કવિની મિજલસોમાં કે બર્વેના ઘરના જલસામાં દેખાતા નહિ. હું પણ એ મોટેરાઓની એવી બાબતોમાં માથું મારવા અધિકારી થયો ન હતો. પણ એક વાર ભોગીન્દ્રરાવે મને એમની હમેશની નરમાશની ઢબે કહ્યું, 'હાજીમહમ્મદ તમારા મિત્ર છે, મારા પણ છે, કવિના પણ મિત્ર છે. તો એમને એટલું કહો કે અમારી વચ્ચેના અબોલા છોડાવે.' મેં એ વાત હાજીમહમ્મદને કહી અને એમણે તે પાર પાડવાનું માથે લીધું. બીજે કે ત્રીજે દિવસે તેમણે મને કહ્યું, 'તમે આવતા રવિવારે સવારે ભોગીન્દ્રરાવને લઇને આવો; કવિએ આવવા કબૂલ કર્યું છે.' ભોગીન્દ્રરાવ આ જાણી ખૂબ ખુશ થયા ને રવિવારે સવારમાં અમે હાજીમહમ્મદને ત્યાં પહોંચ્યા ત્યારે કવિ આવી ગયા હતા. તે ખુશખુશાલ હસતાહસતા ભોગીન્દ્રરાવને મળ્યા. હાજીમહમ્મદ તો આલિયા હતા. 'આજની સવાર સુંદર થઇ તે માટે હું મિજબાની આપું છું' એમ કહી તેમણે જલેબી, ચા વગેરે મંગાવ્યાં ને બંને વિદ્વાનોની મલકાતી વાતોમાં વેગ આણ્યો. હાજીમહમ્મદ જેવા સ્નેહસંપર્ક કરાવનાર વિદ્વાનોની આજે ખોટ છે.

આ પછી એક વખત વિક્ટોરિયા ગાર્ડનના મ્યૂઝિયમના આસિસ્ટન્ટ ક્યુરેટર મારા મિત્ર સ્વ.ચુનીલાલ મુરલીધર ઘોડીએ તેમના ભાટિયા મિત્ર શેઠ વાલજીભાઇ સાથે માથેરાનની આઠ દિવસની સફર ગોઠવી. માથેરાન જતાં જ ખબર પડી કે કવિ તેમના મિત્ર શેઠ શુરજી વલ્લભદાસની સાથે ત્યાંની હૉટેલમાં જ છે. અમે ત્યાં જતાંવેંત કવિએ મને ઉમળકાથી આદર આપ્યો અને મારા મિત્રો આગળ મારું માન વધાર્યું. શુરજીભાઇને બતાવી એમણે મને કહ્યું, 'કોઈ પ્રાચીન આર્ય ચીતરવા હોય તો આવા ચીતરજો. એવો સુંદર તેમનો ઘાટ છે.' માથેરાનમાં અમે ઘણી વાર સાથે ફરવા જતા. કવિની નવલકથા 'ઉષા' એ વખતે લખાતી હતી, તે મારી આગળ કવિ સ્વમુખે વાંચતા અને મને કહેતા, 'મને ઉષા ચીતરી આપ.' ઘણા મિત્રોને તે આમ એકવચનમાં બોલાવતા અને મારા જેવાને તો તેથી આનંદ થતો. ઉષામાંનું પેલું પ્રખ્યાત કાવ્ય 'કંથ-કોડામણી' તે વેળા લખાયું. એક વાર કવિ મને કહે કે 'ગઈ કાલે જ આ લીટીઓ લખાઇ:

કૂંપળને ટોડલે રે કે તારલી ટપકે સાહેલડી!
પીપચાંને પાંદડે રે કે ફીફીઓ મલકે સાહેલડી!

કાલ રાત્રે પેલા પીપળાના ઝાડ પર ચંદ્રનો પ્રકાશ ચમકતો જોઇને આ લીટીઓ લખાઈ.' પીપળાના ટોડલા-સૌથી ટોચનાં પાન ચંદ્રનો પ્રકાશ ઝીલતાં ચમકતાં હતાં અને પવનથી એ હાલતાં ત્યાં પ્રકાશ પલકતો. એ જોતાં કવિની કલ્પના જાગી ઊઠી. કવિની આવી સરલતા અને વિશ્વસનીયતા પર હું મુગ્ધ થયો. મેં એ ઉષા ચીતરવાનો સંકલ્પ પણ કર્યો અને કેટલા યે મહીના પછી તેના આછા પ્રયત્ન રૂપ એક કલરસ્કેચ (રંગાલેખ) તૈયાર કરેલો, જે શ્રી બચુભાઈ રાવતના હસ્તલિખિત પત્ર 'ધ્વનિ'માં સંઘરાએલો છે. તે પછી મેં સૂરતની સાહિત્ય પરિષદ વેળાના કલાપ્રદર્શનમાં મૂકેલું 'ગુર્જરસુંદરી'નું ચિત્ર પણ કવિના એક કાવ્ય ('યૌવના'-કેટલાંક કાવ્યો ભાગ ૨) પરથી જ ચીતરેલું છે.

ઈ. ૧૯૧૮માં હું જૂનાગઢ કૉલેજના પ્રિન્સિપલ સ્કૉટનું પેઇન્ટિંગ ચીતરવા ગએલો તે વખતે કવિ તેમની મુસાફરીમાં નીકળેલા તે થોડો વખત ત્યાં મિ. રાજાને ત્યાં રોકાવાના હતા. તેમના કહેવાથી એમણે બધા મિત્રોને મળવા ભેગા કર્યા. તે વખતે મેં કવિને અમલદારી ઠાઠમાં જોયા હાથમાં હન્ટર જેવી લાકડી ને સૂટ હૅટ સાથે તે આવ્યા કે મંડળની વચ્ચોવચ ખુરશી લઇ બેઠા અને દરેકને બોલાવ્યા. વખત થોડો હતો એટલે સૌ ચા લઈ તેમને સ્ટેશન પર મૂકવા ગયા. કવિ મિત્રમંડળમાં રાજ્ય કરતા, હુકમ કરતા. કોઈ ધાર્યું કરે નહિ તેની જડતી લેતા. પણ મિત્ર કહે તેને સમોવડિયો પણ લેખતા.

ઈ. ૧૯૧૯માં હું મુંબાઈ છોડી અમદાવાદ રહેવા ગયો અને ત્યાર પછી થોડા વખતે બહુ જ બીમાર પડી ભાવનગર ગયો. ત્યાં તબિયત સારી થઇ તે અરસામાં યુવાન આંધ્ર કલાકાર સ્વ. રામરાવ મારા મિત્ર મનુભાઈ બધેકાને ત્યાં આવી ઊતર્યા. મુંબાઇમાં અમારી ગાંઠ સારી પડેલી, એટલે અમે ત્રણે કાઠિયાવાડના પ્રવાસે નીકળ્યા. તેમાં

જામનગરથી વળતાં અમે રાજકોટ સ્ટેશનની ધર્મશાળામાં સામાન મૂકી કવિને મળવા ગયા. મળતાં જ અમારી જડતી લઈ નાખી: 'કવિ ગામમાં હોય અને તમે ધર્મશાળામાં ઊતરો જ કેમ ?' પણ અમારે તો દસની ગાડીમાં નીકળવું હતું. એટલે તરત પોતાનાં પત્નીને કહે 'બાઈ, આ ત્રણેને જમાડીને દસની ગાડીમાં જવા દેવાના છે.' પછી પોતાના ગાડીવાળાને બોલાવી હુકમ આપ્યો કે 'ધર્મશાળામાં જઈ આ ત્રણેનો સામાન લઇ આવ. અહીંના સ્ટેશનેથી તેઓ જશે ' બસ ખલાસ! આગળ દલીલ થાય તેમ નહોતું.

એ વખતે કવિ પોતાની ડેલીના રેતીવાળા મોટા ફળિયા વચ્ચે બેસી 'નવજીવન'માં આવેલી 'પ્રજાશરીરનો ઘસારો કે નવપલ્લવતા' નામની પોતાની જાણીતી લેખમાળા લખતા હતા. અંધારી પાછલી રાત્રે ઊઠીને, બહાર ખુલ્લા આકાશ નીચે, ઉનાળાની વહેલી પરોઢે એ ત્યાં હરિકેન ફાનસને અજવાળે હમેશાં લખતા. એ લેખ એમણે પ્રસન્ન મને વાંચી સંભળાવ્યો, અને ગાંધીજી જેવા નેતા પ્રાપ્ત થયા છે એ કોઇ અનેરૂં ચિહ્ન છે એમ કહ્યું. 'એ જ એવા નેતા આવ્યા કે જેમણે ભાષણથી નહિ પણ કાર્યથી શરૂઆત કરી. એણે જ દેશના તળિયા સુધી નજર નાખી સમાજસુધારણાને કૉંગ્રેસનું કાર્ય બનાવ્યું, અને અંત્યજોના ઉદ્ધાર માટે સક્રિય પગલાં લેવા માંડ્યાં. હું તો પહેલેથી કહેતો આવ્યો છું કે આપણા સમાજના પાયા મજબૂત કરો.' આમ અનેકરીતે ગાંધીજીના ગુણ ગાયા. અમારા આંધ્રવાસી કલાકાર મિત્રને કવિની આ વાતોમાં બહુ રસ પડ્યો; પરંતુ થોડી જ વારમાં તેને જે જોવા-સાંભળવાનું મળ્યું તેથી તે બહુ ખિન્ન થયા.

ડેલી આગળ ઑફિસના ખંડમાં કોઇ બે શિક્ષકો વાટ જોતા તા. કવિ તેમની પાસે ગયા કે તુરત જ કવિનો અવાજ કડક અને જોરદાર બની ગયો. પેલાઓએ શું કહ્યું તે તો અમારાથી સંભળાયું નહિ; પણ કવિ ગર્જ્યા: 'સા... મૂર્ખાઓ! તમે રાજાના દીકરા પાસે છાણ ઉપડાવો છો ? તમારી સામે આ ફરિયાદ છે.' શિક્ષકો પામરની માફક કકળતા માફી માગતા હતા. પણ કવિ અડગ હતા અને ફાટ્યે પિત્તે તેમને પાણીના મૂલના કરી નાખતા હતા. ધીરે-ધીરે સમજાયું કે ઝીંઝુવાડા કે પંચાસર તરફના આ કોઇ માસ્તરે—કે તેની પત્નીએ—કોઈ ગામડાના ગરાશિયા દરબારના છોકરાને રસ્તા પરથી છાણનો પોદળો ઘરમાં લઈ આવવાનું કહેલું તેની સામે દરબારે કવિને ફરિયાદ લખી મોકલેલી (કવિ એ વેળા એજન્સીમાં એડ્યુકેશનલ ઑફિસર હતા) કે દરબારોના છોકરાઓને આવું કામ સોંપાય તે ઠીક નહિ. આ બાબતસર એ માસ્તરના દંડ કે બદલીનો હુકમ કવિએ કાઢ્યો હશે તે માટે તે વિનતિ કરવા આવેલા. પણ કવિએ જે ભાષામાં એના ઊધડા લીધા એ સાંભળીને મારા આંધ્રવાસી મિત્રના મન ઉપર એવી અસર થઇ કે એણે ખિન્ન મને કહ્યું, 'શું તમારા કવિ આવું બોલી શકે છે ?' કવિની આ બીજી બાજુ જોવાનું ભવિષ્યમાં મારા નસીબમાં યે હશે તે હું એ વેળા કલ્પી પણ નહોતો શક્યો, એટલે મેં તેમની આગળ ખૂબ બચાવ કર્યો; પણ તેના મનનું સમાધાન થયું નહિ.

અમદાવાદમાં સ્થિર થયા પછી પણ હું તો કવિનો અનન્ય પ્રશંસક અને ભક્ત હતો. અને તેમની

પાછલી તે રાતનાં અજવાળિયાં રે;
ચંદનીથી ચોતર્યાં સમીર
હો રણને કાંઠડલે રે.

જેવી પંક્તિઓ પર ખુશ રહેતો. એક વાર તો મને ગજાનન પાઠકે કવિને આવું તળપદું સૌંદર્ય આલેખવા માટે ધન્યવાદનો પત્ર પણ લખેલો.

કવિ અમદાવાદમાં આવે ત્યારે હું તેમને મળ્યા વિના રહેતો જ નહિ. સ્વ. હાજીમહમદના સ્મારક-ગ્રંથ માટે મેં તેમના લેખની માગણી કરી, પણ તેઓ તે માટે ખાસ કશું લખી શક્યા નહોતા; એટલે એક વાર રજામાં આવ્યા ત્યારે તેમના ટંકશાળવાળા ઘેર જઈ દાબીને માગણી કરી ત્યારે તેમનું 'પ્રેમકુંજ'વાળું અપ્રસિદ્ધ નાટક મને સોંપ્યું. તેમાંથી મેં જ યોગ્ય પ્રસંગો તારવી લીધા. એક વાર તેઓ સ્વ. દીવાન બહાદુર કેશવલાલ ધ્રુવને ત્યાં આવેલા ત્યારે મેં એ બે વિદ્વાનોની ભેગી છબિ પાડેલી. આમ કવિશ્રી સાથે મારે ઠીક મેળ ચાલતો હતો.

એવામાં ગાંધીજીએ રાષ્ટ્ર આગળ અસહકારનો નવો જ કાર્યક્રમ મૂક્યો. સરકારી કેળવણીનો બહિષ્કાર પોકારી વિદ્યાપીઠ સ્થાપી. વિદ્વાનો અને પ્રોફેસરો પોતાનાં સ્થાન છોડી એ વિદ્યાપીઠમાં કેન્દ્રિત થવા લાગ્યા. કૉલેજો ખાલી થવા લાગી. હાઇસ્કૂલોએ યુનિવર્સિટીના સંબંધો તોડી નાખ્યા. અને કવિ તો યુગના વિધાતા બન્યા હતા. આ વિચાર-જુવાળમાં તેઓ ઘણો વખત અડગ રહ્યા; પણ અંતે ખબર આવ્યા કે કવિ ગવર્નર પર એક લાંબો પત્ર લખી, પોતાનો અધિકાર છોડી અમદાવાદ આવતા રહ્યા છે. તેમનું શું ધારવું હતું કે હશે અને શું બન્યું એ વિગતોમાં હું કદિ ઊતર્યો જ નહોતો. ઘણી વ્યક્તિઓ અને સંસ્થાઓ સાથે તેમનો મેળ તૂટ્યો છે એવું હું સાંભળતો, પણ એમાં હું ક્યાય અટવાયો ન હતો. એ અરસામા હું એકબે વાર કવિને હઠીભાઈની વાડીમાંના તેમના નિવાસસ્થાને મળવા ગયો ત્યારે કવિએ મને ઘણી વાર કહેલું કે ગુજરાતમાં એક કલામંડળની જરૂર છે. પણ મને તે માટે યોગ્ય તૈયારી લાગતી ન હતી. વળી હું 'કુમાર'ની સંસ્થાપના કરવામાં રોકાઈ ચૂક્યો હતો, એટલે કોઇ નવી જવાબદારી માટે મારી પાસે સમય કે શક્તિ ન હતાં.

પણ તા. ૧૯-૭'૨૬ના રોજ સવારે શ્રી ચંદુલાલ છ. શાહ અને શ્રી માહુલીકર મારી પાસે આવ્યા, અને જણાવ્યું કે અમદાવાદમા આપણે એક કલામંડળ સ્થાપવું છે. કવિ નાનાલાલે પ્રમુખ થવા સ્વીકાર્યું છે, અને શ્રી રામનારાયણ પાઠક, શ્રી રસિકલાલ પરીખ, ડૉ. હરિપ્રસાદ વગેરે વિદ્વાનોના તેમાં સહકાર છે. મેં તો મારી સ્થિતિ સ્પષ્ટ કરી દીધી અને તેમને કહ્યું કે હજુ આપણે અભ્યાસીની દશામાં છીએ ને કલાકારો જ એકલા પોતાના કંઇક તૈયારી કરે તો સારું. હું જાતે દૂર રહી સહકાર આપવા (અનુસંધાન આગળ પૃ૦ ૨૬મું



દી.બ. કેશવલાલ હ. ધ્રુવ અને કવિ નાનાલાલ : ૧૯૨૦ના અરસામાં (ફોટો: ર.મ. રાવળ)

અઢારમી સદીના વચગાળામાં પૂર્વના દેશોનો અભ્યાસ કરવા માટે ડેન્માર્કના રાજાએ મોકલેલી
જેમાં એ કાળની ઈસ્ટ ઇંડિયા કંપનીના નોકરોની કારવાઇ ને અંગ્રેજોના ઉદ્દેશોનું નિદર્શન છે.

દૃશ્ય પહેલું

સ્થળ: ડેન્માર્કના રાજા પગા ફ્રેડરિકના મહેલમાં તેની ઑફિસ

સમય: અઢારમી સદીની મધ્ય

પાત્રો: રાજા, પ્રોફેસર હાવેન, કાર્સ્ટેન

*

રાજા: પ્રોફેસર હાવેન! આપ વિદ્વાનો આપની જવાબદારીઓ બરાબર સમજતા જ હશો એટલે બીજું તો અમારે કંઇ કહેવાનું ન જ હોય; છતાં એટલું કહીએ છીએ કે પૂર્વના દેશોની આપની આ મુસાફરી ત્યાંના લોકોના રીતરિવાજ તથા રહેણીકરણીના અભ્યાસ માટે યોજવામાં આવી છે. ત્યાંના રાજકીય તથા સામાજિક ઝગડાઓમાં આપે ભાગ લેવાનો નથી. એવું બધું તો ઈંગ્લાંડ અને ફ્રાન્સને પાલવે. ડેન્માર્કને નહિ.

હાવેન: મહારાજ! આપનું કહેવું યથાર્થ છે. સેવક તથા તેના મિત્ર વિદ્વાનો તે નિરંતર લક્ષમાં રાખશે.

રાજા: રાખશે જ એવી અમને ખાત્રી છે. આપ વિદ્વાનો જુદાં જુદાં રાષ્ટ્રોના છો: એક જર્મન છે, એક ડચ છે, એક સ્વીડ છે; માત્ર આપ તથા કાર્સ્ટેન જ આપણા મુલકના છો. જર્મની, સ્વીડન તથા હૉલાંડ અમારાં મિત્રો છે, છતાં સંભવિત છે કે પૂર્વના દેશો તરફ એમનો ઈરાદો આપણી માફક તટસ્થ નીતિનો ન પણ હોય!

હાવેન: નામદાર! વિદ્યા અને સંસ્કારને પૂજનારાઓ તટસ્થ જ હોય છે. એમનું રાષ્ટ્ર તો અમર્યાદ વિશ્વ છે.

રાજા: ભાવનાની એવી અનુપમ વિશાળતામાં જ માનવતાની શુદ્ધ સમુત્ક્રાંતિ છે, હાવેન. અમે સાંભળ્યું છે કે હિંદુસ્તાનની સંસ્કૃતિનો ઝોક રાષ્ટ્રપ્રેમ ને સંકુચિત રાષ્ટ્રીયતા કરતાં માનવતા ને વિશાળ વિશ્વબંધુત્વ તરફ વિશેષ છે.

હાવેન: જી હા, નામવર! સેવકે પણ એવું જ સાંભળ્યું છે. પૂર્વ દેશના સંસ્કૃતિને આપણાં યુરોપી ધોરણોથી વિચારતાં યા યુરોપી દૃષ્ટિથી તેને જોતાં તેનો સાચો તાગ કાઢી શકાતો નથી.

રાજા: હમણાં જ અમે હિંદુઓના તત્ત્વજ્ઞાનના એક ગ્રંથનું લૅટિન ભાષાંતર વાંચ્યું. એમાં એવું પ્રતિપાદન છે કે એક જ તત્ત્વ જેને તેઓ આત્મા કહે છે તે જ અનેક રૂપે અનંત રીતે અનુભવાય છે. પરંતુ આત્મામાં અનેકત્વ માનવું તેનું નામ અજ્ઞાન. તેવા અજ્ઞાનથી જ સુખ-દુઃખ રાગ દ્વેષ, શોક-મોહ વગેરે અનેક ચિત્રવિચિત્ર વૃત્તિઓ ઉત્પન્ન થાય છે. ખરેખર, પ્રોફેસર હાવેન! આવા અનુપમ જ્ઞાનથી ભરેલો બીજો ગ્રંથ અમે તો વાંચ્યો નથી. આપે એ વાંચ્યો છે?

હાવેન: હા નામદાર; તે ગ્રંથનું ફ્રેંચ ભાષાંતર પણ થયું છે અને સેવકે તે બંને વાંચ્યાં છે. તેની અસરથી યુરોપી ફિલસૂફીનું અને સંસ્કૃતિનું આખું યે વહેણ બદલાશે એવું લાગે છે. યુરોપી રાષ્ટ્રવાદના ક્ષણભંગુર ઊર્મિલ ઉછાળા તથા માનવતાની ક્ષુદ્ર મર્યાદાઓ તો અવશ્ય શમી જશે, પરંતુ વિશ્વપ્રેમ અને અખંડ માનવતાની હિંદુ ભાવના સદાકાળ ટકી રહેશે.

રાજા: અવશ્ય. વારુ, પણ સાથે એક ચિત્રકારને લઇ જવો ભૂલશો નહિ. પૂર્વના મુલકોનાં ઓછામાં ઓછાં સો-બસો ચિત્રો ની અમને અભિલાષા છે. અને દાક્તર ક્રૅમર પણ સાથે આવે જ છે. દાક્તર વગર સહીસલામતી નહિ; એટલું જ નહિ પણ દાક્તરને લીધે ત્યાંના લોકોનો સીધો સંપર્ક સાધી શકાશે. કેમ હજી કાર્સ્ટેન ન આવ્યા?

હાવેન: આવતા જ હશે, નામવર!

રાજા: હં; એ રહ્યા ખગોળશાસ્ત્રી! ખગોળમાં ભૂલા ના પડ્યા હોય! ઠીક; આપની સૌની બરાબર વ્યવસ્થા કરવા અમે અમારા મિત્ર રાજાઓને રીતસર વિનતિપત્રો મોકલી આપ્યા છે. ને પ્રોફેસર હાવેન! જોજો હોં; ડેન્માર્કનું ખરાબ ન દેખાય તેવું વર્તન આપના સાથીદારો પાસે રખાવશો. વળી ભૂલશો નહિ કે આપે દરેકે રાજનીતિ રાખવાની છે. અને અંદર અંદર વિતંડાવાદ ન થાય એટલું સાચવવાનું છે એનું પણ વિસ્મરણ ન થાય. હા, વિદ્વાનોને તર્કમાંથી તકરારમાં ઊતરી જતાં વાર નથી લાગતી. બાળકો જેમ રમકડાં માટે ખેંચાખેંચ કરે છે તેમ વિદ્વાનો શબ્દાર્થ માટે કરે છે! લ્યો આ આવ્યા કાર્સ્ટેન. કેમ કાર્સ્ટેન, મોડા પડ્યા?

કાર્સ્ટેન: હેં... હા... નામદાર! માફી માગું છું.

રાજા: કંઈ નહિ, કંઇ નહિ. ખગોળશાસ્ત્રી છો એટલે દિવસે પણ તારા ગણવામાં પડ્યા હશો! અને હાવેન! અમે જે જે કહ્યું તે બધું પાછું અમને તથા બીજાઓને આપે જણાવવાનું છે. એક છેલ્લી વાત રહી ગઈ તે સાંભળો. કાર્સ્ટેન! તમે પણ. ત્યાંના લોકોને માઠું લાગે એવું વર્તન ત્યાજ્ય ગણશો. એમના આચારવિચારો ને રીતરિવાજોને પૂરતું માન આપશો ને મૈત્રીથી જ વર્તશો. મૈત્રી અશક્ય હોય તો ઉપેક્ષાવૃત્તિ ધરશો, પરંતુ વિરોધી સૂર તો કદી નહિ જ ઉચ્ચારશો. સમજી ગયા?

હાવેન: આપ નિશ્ચિત રહેશો, નામદાર!

રાજા: ત્યારે આપ સૌને અમે સફળતા ઇચ્છીએ છીએ. અને કાર્સ્ટેન!

કાર્સ્ટેન: જી, નામદાર

રાજા: એકલા આકાશ પ્રતિ નહિ પરંતુ પૃથ્વી પ્રતિ પણ દૃષ્ટિ રાખજો. અને ખગોળ ને ભૂગોળમાં કાળમાપની ભેળસેળ નહિ કરતા. સમજી ગયા? ... (હસીને) પ્રાકૃત રીતિએ કહીએ તો મોડા ના પડશો. ગૃહસ્થો! વિશેષ કહેવાની અમારી ઇચ્છા નથી. અમારો આદેશ તે આપ સૌનો ઉદ્દેશ હો.

પડદો

દૃશ્ય બીજું

સ્થળ: વહાણની કેબિન

સમય: થોડા દિવસ પછી

પાત્રો: હાવેન, કાર્સ્ટેન, સ્વીડિશ પ્રોફેસર, ડચ પ્રોફેસર અને ડૉક્ટર ક્રૅમર

*

સ્વીડ: અરે જહન્નમમાં જાય આ પ્રવાસ. રાત અને દહાડો બસ એકનું એક જ દૃશ્ય! ઉપર આકાશ ને ચારે તરફ ખારો સાગર!

ડૉક્ટર: હા! અને ન મળે સુંવાળો સહચાર. રાતદિવસ ન મળે કોઇનો આધાર. બધા યે સરખા વાર અને તહેવાર.

હાવેન: તારે વળી કયો સંસાર હતો કે સ્ત્રીના સહચાર માટે બળાપા કરે છે?

યુરોપી વિદ્વદ્‌મંડળીની સફરની રેડિયો-નાટિકા

ડેન્માર્કનો મુસાફર

લેખક

શ્રી યશોધર નર્મદાશંકર મહેતા .

બાર-ઍટ-લૉ

ડૉક્ટર : આપ મંદરસ વિદ્વાનો આ વિષયમાં મૌન રાખો તો સારૂં. એક છો ખગોળઘેલા, બીજા છો ભૂગોળઘેલા, ત્રીજા છો ઇતિહાસઘેલા. એ સિવાય સંસાર તમને અસાર છે. ખરેખર, તમને બધાને પરણનારીઓ શું જોઇને પરણી હશે ?

ડચ : હૈયાફૂટીઓ, બાકી. પણ તને એક્કે એવી હૈયાફૂટી હજી મળી, બોલને ?

સ્વીડ : ક્રૅમર ! છો જેને કહેવું હોય તે કહે; મારી તને સલાહ છે કે તું ભૂલેચૂકે પણ પરણતો નહિ.

ડૉક્ટર : એ માટે નિશ્ચિંત રહેજો.

કાર્સ્ટેન : બિરાદરો ! હું તો હવે સૂઈ જાઉં છું. આ તમારી વાતો તો સવાર સુધી ચાલશે.

હાવેન : હં, કેટલા વાગ્યા હશે ?

કાર્સ્ટેન : દસ.

હાવેન : ચાલો ત્યારે ઊઠીએ. મારે હજી ડાયરી લખવાની છે

સ્વીડ : શું લખશો ધૂળ ! રાત ને દહાડો આકાશ અને પાણી સિવાય જોયું છે શું ?

ડૉક્ટર : એકમેકની બેનમૂન સિકલો.

હાવેન : ક્રૅમર ! તારી લૂલી વિષે પણ લખીશ, કે આ શાંત, ગંભીર ને અગાધ ઉદધિમય તથા આકાશમય આ વિશ્વમાં અમારી નાનીશી નાવ ને ક્રૅમરની નાનીશી લૂલી એ બે જ ગાત્ર હાલી રહ્યાં છે.

કાર્સ્ટેન : સાહેબો ! હું તો આ ઊઠ્યો ઊંઘવા.

ડચ : અને હું પણ.

સ્વીડ : જાઓ, હું તો મારે શરાબની પ્યાલી ભરી આ બેઠો. હાવેન, લેશો ? ડૉક્ટર તું ?

હાવેન : બેશક.

ડૉક્ટર : એનાથી રૂડું શું ? લાવો બિરાદર આ એકતાનતાનો વિભાજક, એકાંતનો અદૂલો સોબતી.

સ્વીડ : મારી ગણત્રી મુજબ કાલ સુધીમાં ઇજિપ્તની જમીન દેખાવી જોઇએ.

હાવેન : મને પણ લાગે છે. ચાલો નિરાંત થાય.

સ્વીડ : ઇજિપ્તમાં આપણે ઠીકઠીક રહેવાનું થશે, કેમ ?

હાવેન : કમમાં કમ બે માસ. કામ પણ કયાં ઓછું છે ? ક્રૅમરને વળી કોઇ ક્લીઓપેટ્રા જોવાના કોડ હશે; કેમ ક્રૅમર ?

ડૉક્ટર : વો દિન કહાં ! હા, આપણો તો ભાઈ એવો વિચાર ખરો. સ્ત્રીનું મોં જોયે મહીના થઈ ગયા, મારા સાહેબ ! ત્યાં એક અઠવાડિયા સુધી કોઇએ મારી ભાળ ન કાઢવી.

હાવેન : એઈ ! તું ડૉક્ટર છે. અમારી સાથે જ રહેવાનું છે.

ડૉક્ટર : તો રહીશું, બાવા.

સ્વીડ : હાવેન ! હું થીબીસમાં પખવાડિયું ગાળીશ. ત્યાં મારે જૂનાં રાજારાણીઓની કબરોનો પત્તો મેળવવો છે. હાયકસોસના જૂના મહેલોનાં ખંડિયેરો પણ શોધવાં છે.

હાવેન : અને કાર્સ્ટેનને નાઈલના પ્રવાહનો અભ્યાસ કરવો છે; અને આપણા ડચ બિરાદરને મેમ્ફિસમાં રેમેસિસની કબર શોધવી છે. હું કૅરોની પાસે જ રહીશ, કેમકે મારે હાઇરોગ્લિફિક અને લૅટીન લિપિના જૂના અંકોડા તપાસવા છે.

ડૉક્ટર : (ઊઠતાં ઊઠતાં) ઘોરખોદુઓ ! પ્રભુએ તમને શીદ ઘડયા હશે એ જ સમજાતું નથી. તમે ગયા જનમમાં એ ઘોરમાંના ઉંદરો જ હશો.

હાવેન : પાછાં તમારાં લૂલીબાઈ લવરીએ ચઢયાં !

(ડૉક્ટર જાય છે)

હાવેન : અચ્છો જવાન છે

સ્વીડ : રસિક છે, રમૂજી છે. એના વગર આ કંટાળાભરી મુસાફરી કેમે કરી ખૂટત નહિ.

હાવેન : હવે કાલે પેલો મિસરી ઉમરાવ આપણને લેવા આવે તો તો સારૂં. નીકર પાછા અથડાવાનું અમારા પ્રધાને તેને લખ્યું તો છે જ.

સ્વીડ : હા; નહિતર પાછું ઇંગ્લિશ ઍમ્બૅસીમાં જવાનું, ને ઉત્તર રામાયણ : કોણ છો, કયાં જાવ છો, કેમ જાવ છો, કયાં સુધી રહેશો વગેરેના સવાલ-જવાબો.

હાવેન : અંગ્રેજોને તો એમ જ, કે પોતાનો પગદંડો હોય ત્યાં બીજા યુરોપીઅનો હોવા જ ન જોઇએ. રખેને અમારૂં પચાવી પડશે !

સ્વીડ : બહુ વિલક્ષણ પ્રજા. 'પૈસો મારો પરમેશ્વર' એ જ એમનો મંત્ર. કેવી વિચિત્ર ફિલ્સૂફી !

હાવેન : હા ભાઈ હા. અને એ પરમેશ્વરની માયા રૂપ એમનું સામ્રાજ્ય !

સ્વીડ : ધર્મ પણ સામ્રાજ્યના રક્ષણ ખાતર જ. ખરેખર, અંગ્રેજ પ્રજાનું માનસ કળવું બહુ મુશ્કેલ.

હાવેન : હું માનસશાસ્ત્રી તો નથી, છતાં કહું કે ઇચ્છાને અનુસાર ભાવના ઘડવી, અને નહિ કે ભાવનાને અનુસાર ઇચ્છા, એ એમની જીવન ફિલ્સૂફી.

સ્વીડ : એમનું અંતઃકરણ ઘણું જ કહ્યાગરૂં.

હાવેન : જે કહો તે પણ દુનિયાભરમાં એમના અફા છે. સાહસિક પણ એવા જ.

સ્વીડ : અને ખડતલ. ચામડી પણ જાડી.

હાવેન : પોતાને લાભ હોય ત્યારે જ દુશ્મન થાય. તમે એને ઉશ્કેરી પણ ન શકો કે ગુસ્સે પણ ન કરી શકો. તમે કંટાળીને પછી જાતે જ ઉશ્કેરાઈ જાવ કે ક્રોધે ભરાવ તે વખતે એને લાભનો મોકો હોય તો 'આત્મરક્ષણ'ના બહાના હેઠળ એ તમારો ઘડોલાડવો કરી દે !

સ્વીડ : ચાણાક્યો છે. યુરોપી પ્રજાઓનું આમ, તો પેલી સરળ હૈયાની દેશી પ્રજાઓનું તો શું !

હાવેન : અંદર અંદર ભાગલા પડાવી, સત્તાનાં પલ્લાં સમતોલ રાખી, ત્રાજવાની દાંડી પોતે હાથમાં રાખે ને પછી મનગમતા ખેલ કરાવે. બે બિલાડી ને વાંદરાનો ખેલ

સ્વીડ : યુરોપમાં પણ એ શું કરે છે ? એનું એ જ. 'બૅલૅન્સ ઑવ પાવર' ખાતર ફ્રાંસ કરતાં રશિયાને મજબૂત ન બનવા દે ને રશિયા કરતાં ફ્રાંસને નહિ, એ તો પ્રત્યક્ષ જોઇએ જ છીએ ને !

હાવેન : હવે કહ્યું તે ખરૂં. અંગ્રેજ પોતાનું સામ્રાજ્ય એક વાર ફ્રાંસ પાસે, તો બીજી વાર રશિયા પાસે, તો ત્રીજી વાર પ્રુશિયા

પાસે ને ચોથી વાર વળી કોઈ ચોથી સત્તા પાસે એમ રક્ષાવ્યા કરે છે.

સ્વીડ : પેલી કહેવત યાદ છે ને ? England will defend her Empire to the last Frenchman, the last Russian or the last ...... એમ છે, સાહેબ.

હાવેન : હા, અને હૉલાંડ, બેલ્જીઅમ, ડેન્માર્ક વગેરે પોતાનાં લશ્કરોથી એની અને પ્રૂશિયા તથા રશિયાની વચ્ચે ઊભાં રહી ખરું જોતાં તેનું રક્ષણ કરે છે; છતાં એ મનાવે છે એમ કે એ બધા નાના દેશોની સ્વતંત્રતા પોતે રક્ષે છે!

સ્વીડ : છતાં બધા એની મૈત્રી ચાહે છે; ફ્રાંસ, રશિયા કે પ્રૂશયાની નહિ

હાવેન : હા, કેમ કે ઈંગ્લંડને યુરોપી સામ્રાજ્યના કોડ નથી, યુરોપના બહાર સામ્રાજ્યના કોડ છે; જ્યારે પેલાં બધાઓને યુરોપમાં સામ્રાજ્ય જમાવવાના કોડ છે. મહત્ત્વાકાંક્ષાની ડહાપણભરી મર્યાદાથી ઈંગ્લંડ સ્વહિતનું આમ રક્ષણ કરે છે. છે ને ચતુરાઈ!

સ્વીડ : ખરી સ્તો. ચાલો સૂઈ જઇએ. સ્વપ્નામાં કદાચ હું સ્વીડિશ સામ્રાજ્ય જોઈશ અને તમે ડૅનિશ સામ્રાજ્ય જોશો.

પડદો

દૃશ્ય ત્રીજું

સ્થળ : કેરોમાં એક ઉમરાવનું ઘર

સમય : બીજા દિવસે રાત્રે

પાત્રો : ગયા દૃશ્યનાં જ

*

ડૉક્ટર : અરે આ બધી કલીઓપેટ્રાઓ તો બુરખામાં જ ઘૂમે છે! ઓ ખુદા!

હાવેન : કાર્સ્ટૅન! ઉતારો તો સારો છે. ક્રૅમર તું છેક ઉપરને માળે જજે, અમે વેદિયાઓ નીચે રહીશું. તને ને તારી કલીઓ. . .

ડૉક્ટર : મુરબ્બીઓ! આ બધું વાતાવરણ જ જાણે ભેદભરમોથી ભરેલું લાગે છે. આ મિસરીઓ તો જાણે મોંમાં જીભ જ ન હોય તેમ મૂંગામૂંગા ફરે છે. અને મિસરણો તો મારા મનમાં યે એમના બુરખા ખસેડતી નથી! ઠીક, બંદા ઉપર જશે. પણ બાપલા થોડી થોડી વારે લગાર ખબરઅંતર કાઢતા રહેજો, હોં! વાતાવરણ તો જાણે મારા ખૂનીને ઉત્તેજે તેવું છે! (ઝડપથી સીડી ચડે છે.)

હાવેન : પાગલ! (હસતો હસતો પગની મોજડી તેના તરફ ફેંકે છે. તે વાગે તે પહેલાં ક્રૅમર સીડી ચડી જાય છે) કાર્સ્ટૅન! ઉમરાવે ઉતારો તો સારો આપ્યો છે. પોતે પણ સારો માણસ લાગે છે.

ડચ : હાવેન! આવતી કાલે હું તો થીબીસ તરફ જઈશ. એગનહોટપની કબર પરનો લેખ ઉકેલવો છે.

સ્વીડ : હું પણ સાથે આવીશ. હું આગળ મેમ્ફિસ તરફ જઈશ.

કાર્સ્ટૅન : અને મારે નાઈલનું મૂળ નક્કી કરવું છે એટલે હું પણ સાથે આવીશ; પછી મેમ્ફિસથી આગળ એકલો જઇશ.

હાવેન : મારે મારું કામ કેરોથી ચાળીસેક માઇલ દૂર કરવાનું છે. તમે બધા પંદર રોજ માટે બધે ફરી શકો છો. પછી અહીં જ એકઠા મળવાનું. ક્રૅમરનું શું? મારી સાથે કે તમારી સાથે?

સ્વીડ : એ તો બુરખાઓની શોધ કરશે ને છેવટે માર ખાધા પછી જ આવશે.

હાવેન : (સાદ કરે છે) ક્રૅમર!

ડચ : ઊંઘી ગયો હશે.

હાવેન : ક્રૅ . . . મ . . . ર!

કાર્સ્ટૅન : એ છોને રહ્યો અહીં કેરોમાં.

સ્વીડ : હા, છો બીચારો અહીં રહ્યો. એનું આપણી સા[થે] કામે શું છે ?

હાવેન : એ વાત પણ ઠીક છે. તમારાં ખંડીએરો ને કબરોથી[ ]લાલા કંટાળી જશે ને તમને રોજ ભાંડશે એ જુદું. ક્રૅ...મ.. ર ઊંઘી ગયો લાગે છે. પણ એને એકલો તો અહીં ન મુકાય. હું એ[ને] મારી સાથે લઇ જઇશ.

કાર્સ્ટૅન : મને પણ હવે ઊંઘ આવે છે. ચાલો હું તો જાઉં છું

હાવેન : અરે આપણે બધા યે સૂઇ જઇએ. થાક કંઇ ઓ[છો] લાગ્યો છે ? અને આજે તો ખવાયું છે પણ સારી પેઠે.

ડચ : કબૂલ, ચાલો ઉંઘીએ.

હાવેન : ચાલો.

બધા : ચાલો ... (ધીમેધીમે સૌ પોતપોતાના ખંડોમાં જાય છે

. . .   . . .

[સ્ટેજ ઉપર એકદમ અંધારું થઇ જાય [છે]
એક મિનિટ બાદ અજવાળું થાય છે. હાવે[ન]
દાખલ થાય છે, પછી કાર્સ્ટૅન આવે છે

હાવેન : ગુડ મૉર્નિંગ, કાર્સ્ટૅન!

કાર્સ્ટૅન : ગુડ મૉર્નિંગ, હાવેન!

હાવેન : હા...શ; ઊંઘ તો સારી આવી.

કાર્સ્ટૅન : મને પણ.

[સ્વીડ અને ડચ દાખલ થાય છે.

હાવેન : કેમ, કેવુંક ઊંઘ્યા તમે બંને ?

સ્વીડ : સારું.

ડચ : અને હું પણ.

હાવેન : (સાદ) ક્રૅ...મ...ર!

કાર્સ્ટૅન : હજી ઊંઘતો હશે.

સ્વીડ : કદાચ કલીઓપેટ્રાના સ્વપ્નમાં પડ્યો હશે.

[ક્રૅમર ધીમેથી પ્રવેશ કરે છે

સ્વીડ : કેમ સહેલાણી, ઊઠ્યા ?

કાર્સ્ટૅન : કેમ, કેવી હતી ?

[ક્રૅમર મૌન રાખે છે. બધા થોડી વાર તેને જોઇ રહે છે.

ડચ : ભાઇશ્રી! લગાર વર્ણન તો કરો.

ડૉક્ટર : (ઘણું ધીમેથી) કેમ, કૉફી નથી ?

સ્વીડ : બોલ્યો, બોલ્યો! અઈ છોકરા! કૉફી લાવ. કેમ કલીઓપેટ્રાએ કૉફી ન પાઇ ?

ડચ : અરે યાર, એનું અંગત સ્વપ્નું એ ખાનગી રાખવા મા[ગે] તો આપણે શીદ પૂછવું ?

[છોકરો કૉફી લાવે છે. ક્રૅમર તે લે છે

હાવેન : ક્રૅમર! આપણે આજે લંચ પછી મુકામ છોડવાનો છે

ડૉક્ટર : હેં . . . .

હાવેન : હા, ચમક્યો કેમ ?

ડચ : અમારી સાથે કબરો તપાસવા આવવું હોય તો તેમ.

સ્વીડ : પણ કલીઓપેટ્રાના શબ સાથે પ્રેમમાં નહિ પડવાનું, હોં

ડૉક્ટર : (સ્વીડની સામે એકધારી નજર નાખીને) ના અને [હું] નથી આવવાનો.

હાવેન : તો પછી ચાલો મારી સાથે, જૂની લિપિઓ ઉકેલવા

ડૉક્ટર : (હાવેન સામે એકધારી નજર નાખીને) ના.

હાવેન : એટલે! (અનુસંધાન આગળ પૃષ્ઠ ૨૧)

હિંદની વસતિમાં જાતિસમુદાયો

મથાળા પરથી શુષ્ક સમજી લઈને આ ઉપયોગી લેખ વાંચવો ચૂકશો મા

સંસ્કૃતિઓના સુભગ-મધુર મિલન સમા આ દેશમાં આદિ ભૂમિ-વાસીઓ ને બહારથી આવી વસેલી પ્રજાઓ-એ જે સોંઘો ફાળો આપીને તેનું સનાતન જીવન સર્જ્યું ને એકરસ કર્યું છે તેની અજબ હકીકતો આમાંથી જાણશો.

જાતિ-સમુદાય એટલે અંગ્રેજીમાં જેને 'રેઈસ' Race કહેવામાં આવે છે તે. માણસના શરીરની કેટલીક વિગતો વારસાગત હોય છે. પિતા—પુત્ર—પૌત્ર એમ દરેક સિલસિલાવાર એ વિગતો ઊતરે જ. કોઇ વખત દેખીતી ન જણાય તોપણ એ ગોપન રહેલી કહેવાય છે. માનવશરીરની આ વિશિષ્ટ વિગતોમાં અત્યારે તો લગભગ ૨૨–૨૩ની ગણત્રી થાય છે. માથાની લંબાઇ ને પહોળાઈ, નાકની લંબાઇ–પહોળાઈ, લોહીના પ્રકાર ને લોહીનું દબાણ, વાળનો આકાર ને આંખનો રંગ, ઊંચાઇ અને બીજા કેટલાક સાંખ્યિક અંશો,—આ બધાં એક જ કુટુંબમાં અમુક સરેરાશથી વધુ ફેરવાળાં કદિ નહિ મળે.

એટલે, માણસજાતમાં એક જ જાતિસમુદાય એ કહેવાય, કે જેમાં-ની મોટા ભાગની વ્યક્તિઓ આ વિગતોના સરેરાશ માપ કરતાં બહુ જુદી ન હોય. જેમકે મૅંગોલૉઈડ સમુદાયની આંખ ત્રાંસી હોય એમ કહ્યું, તો એ જાતિસમુદાય-રેઇસ–ના દરેકેદરેકની આંખ ત્રાંસી હશે જ. જરા આગતેમનો ફેર સંખ્યાશાસ્ત્ર ગણતું નથી. આમ, અમુકઅમુક વિગતો લઇને જેજે લોકોમાં એ બધી વિગતો એકસરખી, વધુ અથવા સરેરાશથી વધુ ભિન્ન ન હોય એમને એક જાતિસમુદાય (racial group) ગણવામાં આવે છે.

કેટલાક મનુષ્યમાપનશાસ્ત્રીઓ માત્ર વાળનાં લક્ષણ ઉપરથી જ જાતિસમુદાયોની વિભાગણી કરે છે. એ ત્રણ રીતે થઈ શકે: Ulotrichy (એટલે ઊની વાળ-વાળી), cymotrichy (સીધા વાળવાળી) ને leotrichy (થોડાથોડા બંકિમ વાળવાળી). આફ્રિકાવાસી નીગ્રોના વાળ ઊની, કુટિલ નીતિ પેઠે ખૂબ ગૂંચળાંવાળા અને ખરબચડા. ચીનના મૅંગોલૉઈડ જાતિસમુદાયના વાળ એકદમ સીધા–ભાલા જેવા; જરા પણ વળાંક નહિ; અને નાખો તો લાકડાંની પટીઓની પેઠે સીધા જ પડે. કૉકેસાઈડ-હિન્દો-યુરોપીઅન–પ્રજાના વાળ થોડાથોડા બંકિમ: ગુજરાતમાં આ વાળ ઘણે ભાગે જોવા મળે છે.

આપણે ત્યાં અત્તર અને બરફ મુસ્લિમો લાવ્યા એ તમે જાણતા હતા? એ જ રીતે ચોખા ને સોપારી કોણ લાવ્યું? માટીનાં વાસણ ઘડવાની કળા, લોખંડ અને દૂધના ઉપયોગ, બાધાઓ અને જંતરમંતર, નારીનું મૂલ્ય ને ઊંચી નીતિમત્તા વગેરે આપણી સંસ્કૃતિમાં કયાં વહેણમાંથી આવ્યાં એ બધું રસમય છે.

અને એક બીજી જ્ઞાનગમ્મત: આ લેખમાં આપેલી માહિતીના આગળ અભ્યાસ અને અવલોકન પરથી તમે કહી શકો કે ગાંધીજી ને ભૂલાભાઇ આલ્પાઇન રેઇસના અને રાજાજી કદાચ ભૂમધ્યશાખી હોઇ શકે. અને એ જ રીતે જવાહરલાલ અને સુભાષ બોઝ કે અશોકકુમાર અને શોભના સમર્થ કયા સમુદાયના હશે તેની તમે કલ્પના કરી શકો!

કોઇક વળી આંખના રંગ ઉપરથી જ જાતિ-સમુદાયો વિભાગે છે, તો કોઈક વળી નાક ઉપરથી. ચામડીના રંગ ઉપરથી પણ દુનિયાની વસતિના ત્રણ ભાગ કરવામાં આવ્યા છે: કાળા, ગોરા અને પીળા. (૧) આફ્રિકા, (૨) યુરોપ-હિંદુસ્તાન અને (૩) ચીન-જપાનમાં અનુ-



જગતના ત્રણ મુખ્ય જાતિ-સમુદાયો તેમના ચહેરાનાં જે તરી આવતાં લક્ષણોથી ઓળખાય છે એ તે સામાન્યતઃ ઘણાના લક્ષમાં હશે: (૧) આફ્રિકાના હબસીઓનો રંગ કાળો, વાળ ગૂંચળાંવાળા–ઊની, વાંકડિયા અને હોઠ જાડા. એમને વૈજ્ઞાનિકો નીગ્રૉઇડ જાતિ કહે છે; (૨) ચીન-જાપાન આદિ મૅંગોલ મુલકવાસીઓનો રંગ પીળો, વાળ સીધા—અક્કડ ભાલાં જેવા, નાક ચીબાં, અને આંખો નાની. એમને વૈજ્ઞાનિક પરિભાષામાં મૅંગોલૉઈડ કહે છે. (૩-૪) યુરોપ-હિંદુસ્તાન આદિના વાસીઓ રંગે ગોરા કે ઘઉંવર્ણા, થોડાથોડા બંકિમ વાળવાળા, સરસ ઊંચાઈ, આંખો જરા માંજરી, ચહેરા તથા નાક લાંબાં. એમનું સામાન્ય નામ કૉકેશ્યન કે આર્યન. એમાં બેત્રણ પેટા વિભાગો છે: ઉત્તર યુરોપ તરફના તદ્દન ગોરા તે નૉર્ડિક, મધ્ય યુરોપમાં વસનારા તે આલ્પાઈન, ભૂમધ્યના કિનારાની ચોમેરના દેશોના જરા શ્યામ-ઘઉંવર્ણા તે ભૂમધ્યશાખી, વગેરે.



હિંદમાં સૌ પહેલા આવીને વસનારા અથવા તો અહીંના જ મૂળ ભૂમિજો 'નીગ્રીટો' સમુદાયના હોય તેમ જણાય છે. તેના નમૂના રૂપ ત્રાવણકોર-કોચીનની ટેકરીઓમાં વસતા ગૂંચળિયા વાળવાળા કાદર લોકો: (૧) ટૂંકા વાળના; (૨) લાંબા વાળના. હિંદનો એવો જ બીજો આદિ વાસીઓનો સમુદાય તે પ્રોટો-ઑસ્ટ્રેલૉઇડ લોકોનો. તેમનાં પણ રંગ, નાક, હોઠ વગેરે તો નીગ્રીટો જેવાં જ; ફેર માત્ર વાળનો. એમના વાળ સુંવાળા ને વાંકિયા. તેના નમૂના રૂપ (૩) ત્રાવણકોરની ઉરાલી જાતિની સ્ત્રી, અને (૪) રેવાનો બાઈગા જાતિનો આદિવાસી.

ક્રમે આ રંગવાળી પ્રજાઓ મળી આવે છે. પછી એ રંગોની ઘનતા અને સંકરતા પ્રમાણે તેમાં કેટલાક ઉપ-સમુદાયો પણ પાડવામાં આવે છે. પણ આજકાલ મુખ્યતયા જે વિભાગણી થાય છે તેમાં તો હવે આ બધાં જ અંગો લેવાય છે, અને એ બધાં અંગોની એક-સરખી વિશિષ્ટતાઓ જાતિસમુદાય નક્કી કરે છે.

અભ્યાસની અગત્ય

પણ કોઇ કહેશે કે આ જાતિસમુદાયોના અભ્યાસની જરૂર શી? નાત્સીઓએ પોતે ઊંચી જાતિના હોવાનું સ્થાપિત કરીને જે જુલમ વરસાવેલો તે બતાવીને ઘણા કહેશે કે આવી ખોટી ને અર્ધવૈજ્ઞાનિક બીનાઓ પકડી લઇને જ નાત્સીઓ યહૂદી લોકોનું નિકંદન કાઢવા બેઠા હતા, ને જે પોતાની ઉચ્ચ 'નૉર્ડિક રેઇસ'નો ન હોય તેની નફરત કરતા હતા. જર્મન એટલે જ નૉર્ડિક અને શુદ્ધાતિશુદ્ધ આર્ય, અને એ જ આલમગીર થવા સર્જાએલો; બધી સંસ્કૃતિ પણ એ જ જાતિ-સમુદાયે આપી છે;' વગેરેનો દાવો નાત્સીઓ કરતા હતા.

પણ આપણે એમની આ બુનિયાદી દલીલોમાં માનતા નથી. જાતિસમુદાય માત્ર શરીરના અવયવો પ્રમાણે જ ગણાય. એની સાથે સંસ્કાર કેટલે અંશે સંકળાએલો છે તે આપણે આજે ન કહી શકીએ. માનસિક વિકાસમાં અને બૌદ્ધિક શક્તિમાં કઈ જાતિ કોના-થી ચડિયાતી છે એ પણ કહેવાનો અહીં આશય નથી, કહી શકાય પણ નહિ. આમ, આ અભ્યાસ માત્ર જીવ-શાસ્ત્ર અને પરંપરાશાસ્ત્રની જ દૃષ્ટિએ છે. એની અગત્ય ઘણી છે. એના સિવાય દેશનો આદિ ઈતિહાસ જાણી જ ન શકાય. આપણા ગુજરાતમાં પહેલું કોણ આવેલું અને કયા ક્રમે? ભીલો, પછી કોળી, પછી કણબી? કે બીજો કોઇ ક્રમ? કઈ શારીરિક વિશિષ્ટતાઓવાળી પ્રજા અમુક હવામાન સહન કરી શકે અને કઈને શું નથી ફાવતું, એ ય આ શાસ્ત્રથી માલૂમ પડે. અને ભવિષ્યની પ્રજાઓનું સ-હેતુ 'પ્લૅનિંગ' કરવું હોય તો આ શાસ્ત્ર જાણવું જ પડે. આ તો ઘણા થોડા ઉપયોગ ગણાવ્યા.


દુનિયાના જાતિસમુદાયોનો પરિચય પાછળથી આપીશું. આજે તો હિંદની વસતિમાં કેટકેટલા જાતિસમુદાયો છે અને ક્યાં ક્યાં છે તે જોઈશું. પણ આ વર્ગીણી સ્વીકારતાં પહેલાં એક વસ્તુ ઉમેરવાની. આ વિષયમાં તજ્જ્ઞોને અમુક મતભેદ છે. પણ આપણે તો ૧૯૩૧ની વસતિગણત્રીમાં જાતિસમુદાય ઉપર કામ કરનાર ડૉ. ગુહાને આધારે અહીં ચાલીશું.

નીગ્રીટો

ભારતભૂમિ ઉપર પહેલા આવનાર, અથવા અહીંના જ ભૂમિજો તરીકે નીગ્રીટોનો જાતિસમુદાય હોય એમ લાગે છે. જગતના શ્યામ-વર્ણી નીગ્રૉઈડ (હબસી) સમુદાયના જ એકાદ અંશરૂપ એ જણાય છે. આ સમુદાયનું મુખ્ય લક્ષણ એના વાળ છે. એ ખૂબ જ ગૂંચળાં-ગૂંચળાંવાળા; એમની ઊંચાઈ ૫ ફૂટ કે તેથી ય ઓછી; કપાળ આ-ગળ પડી આવતાં; હડપચી જરા પોચી અને આંખોનો પ્રદેશ સુપક્વ આ એનાં અન્ય લક્ષણો. રંગ ઘનો, પણ નીગ્રૉઈડ જેટલો શ્યામ નહિ. આફ્રિકા સિવાય ન્યૂ ગીની, ફિલિપ્પાઇન, મલાયા અને આંદા-માનમાં નીગ્રીટો મળે. આપણે ત્યાં ત્રાવણકોરની ટેકરીઓમાં રહેતા કાદર અને પુલાયન લોકો તથા ઉરાલી અને વાયનાડની જાતો પણ નીગ્રીટો સમુદાયમાં છે.

પ્રોટો-ઑસ્ટ્રેલૉઇડ

આવો જ એક બીજો સમુદાય પણ હિંદની આદિવાસી પ્રજામાં છે. પહેલા જાતિસમુદાયના અહીં આવ્યા પછી એ તરત જ આવી પહોંચ્યો હોય એમ લાગે છે. રંગ, ઊંચાઈ, ચપટાં નાક, આગળ પડતા હોઠ વગેરે વિગતોમાં એ નીગ્રીટોને મળતા આવે છે. પણ



હિંદની પાળચટા રંગની ને ઝીણી આંખોની જાણીતી નેપાળ-ભુતાનની પ્રજા પૅલી-મૉંગોલૉઇડ સમુદાયની ગણાય છે. તેના નમૂના રૂપ (૧) આસામનો સેમા નાગા અને (૨) ભુતાનની લેપચા સ્ત્રી. એવો જ બીજો તરી આવતો સમુદાય તે દક્ષિણ હિંદના શ્યામવર્ણી લોકોનો. તેઓ પૅલી-મેડિટરેનિયન (ભૂમધ્યશાખી) સમુદાયના છે. નં. ૩ મદુરાનો તામિલ બ્રાહ્મણ અને (૪) કોચીનની નાયર સ્ત્રી તેના નમૂના છે.



ભૂમધ્યશાખીના વધુ નમૂના (૧)કોચીનનો નામ્બુદ્રી બ્રાહ્મણ; (૨) મરાઠા બાઇ; (૩)બંગાળી બ્રાહ્મણ યુવતી ને(૪) કાઠિયાવાડી નાગર બ્રાહ્મણ

બંને વચ્ચે મુખ્ય ફેર માત્ર વાળમાં છે. એ સમુદાયના વાળ ગૂંચળાંવાળા નથી હોતા, પરંતુ સુંવાળા અને બાંકા હોય છે. આને પ્રોટો-ઑસ્ટ્રોલૉઈડ કહેવામાં આવે છે, કારણ કે ઑસ્ટ્રેલિયાની આદિ પ્રજાની સાથે એ જાતિ મળતી આવે છે.

હિંદની આદિવાસી પ્રજાઓમાં તથા અત્યારે જેને અંત્યજો ગણવામાં આવે છે એ જાતિઓમાં આ સમુદાયનું મોટું પ્રમાણ છે. મધ્ય અને દક્ષિણ હિંદની રાની પ્રજાઓમાં આ જ લક્ષણો છે. ગુજરાતના ભીલો, ગામીતો, દુબળાઓ તથા કોંકણા અને દક્ષિણના ચેંચુઓ વગેરે સૌ આ વર્ગમાં જ આવે.

મૉંગોલૉઇડ

આ જાતિસમુદાયને તો બાળક પણ જાણે છે. મોંએ એકદમ થોડા વાળ, રંગ કૃષ્ણપક્ષી ચંદ્ર જેવો ફિક્કો પીળો, ચહેરો કંઈક ચપટો અને ગાલનાં હાડકાં જરા વધારે ઉપસેલાં–મોટાં: આ એની વિશેષતાઓ. આંખ ત્રાંસી અને ઉપરના ભાગમાં ચામડીની એક કરચલીથી (Epicanthric fold થી) ઢંકાએલી. ચીન-જાપાન-તિબેટની પ્રજા આ જ સમુદાયની છે.

આ મૉંગોલૉઈડ જાતિ-સમુદાયના આપણે ત્યાં ત્રણ વિભાગ થઇ શકે. પહેલો: આદિ મૉંગોલૉઇડો–જેમનામાં ઉપલી વિશિષ્ટતાઓ ખાસ પ્રમાણમાં નથી. બીજા મૉંગોલૉઇડો કરતાં એમનાં માથાં જરા લાંબાં હોય છે અને માથાનો પાછળનો ભાગ ઉપસેલો હોય છે. હિંદ-બ્રહ્મદેશની સરહદે અને આસામમાં રહેતી રાની પ્રજાઓમાં આ વર્ગ મુખ્યતઃ છે. (૨) બીજો સમુદાય એનાં નાનાં માથાં અને શ્યામાયમાન રંગથી જણાઈ આવે છે. ચિતાગોંગ જિલ્લાની ડુંગરિયા પ્રજામાં આ સમુદાય જણાય. ત્રીજો સમુદાય તિબેટની પ્રજાનો. શાલપ્રાંશુ અને ઊઘડતા રંગવાળા એ લોકો બીજાથી સહજ જ જુદા પડી આવે છે. એમની મુખ્ય વસતિ સીક્કીમ અને ભુતાનમાં.

ભૂમધ્યશાખી


આ જાતિ-સમુદાયો સિવાય હિંદની વસતિમાં વિકાસરુચિ સમુદાયો પણ ઘણા છે. આમાં ભૂમધ્યશાખી (=Mediterranean) વસતિ ઘણી છે. એને ભૂમધ્યશાખી કહેવામાં આવે છે, કારણ કે ભૂમધ્ય સમુદ્રના કિનારે રહેતી પ્રજાઓની સાથે એ ઘણી જ મળતી આવે છે. એનાં મુખ્ય લક્ષણો: સાધારણ ઊંચાઈ, લાંબું માથું, શરીરબંધારણ નાજુક અને કૃષ્ણ વદન. આ પૃથ્વી ઉપર જ્યારે હિમયુગ પૂરો થયો ત્યારે ઉત્તર આફ્રિકાનાં ઘાસનાં મેદાનોમાંથી આ શાખા છૂટી પડીને પૂર્વમાં આપણી તરફ અને પશ્ચિમમાં બીજે ગઈ હશે. આ સમુદાયમાં પણ ત્રણ વિભાગ પડે છે. પ્રથમ: ભૂમધ્ય સમુદ્ર તરફથી જે સમુદાય એકદમ પહેલો આવ્યો તે વખત જતાં દક્ષિણ હિંદમાં પ્રસર્યો. આજના તામિલનાડમાં એ ખૂબ અંશે ઊતર્યો છે. બીજો–સિંધુ ખીણની સંસ્કૃતિના ઘડવૈયાઓનો. તેઓ આ જાતિસમુદાયના હતા એમ મનાય છે. આજે ય ઉત્તર હિંદની વસતિમાં અને દેશના ભદ્રવર્ગોમાં એનું ઘણું મોટું પ્રમાણ છે. સાધારણથી સારી જેવી ઊંચાઇ, ઊઘડતો બદનનો રંગ ને કમાની કપાળ આ એનાં વિશેષ લક્ષણો. ત્રીજો વિભાગ રંગમાં ઉપરના બંને વિભાગોથી ઊજળો છે. પંજાબમાં એ અતિ પ્રમાણમાં. સિંધ, રાજપુતાના અને અયોધ્યામાં સાધારણ. ગુજરાતના નાગર બ્રાહ્મણો આ વર્ગમાં મૂકવામાં આવે છે.

પશ્ચિમી—બ્રૅકી-શિરસ

પહોળા માથાવાળા (એનું શાસ્ત્રીય નામ બ્રૅકી-સેફલ–Brachycephal જાતિસમુદાયો હિંદની વસતિમાં ઘણા અંશે ભળ્યા છે: આમાં પણ ત્રણ પ્રકાર છે: (૧) પશ્ચિમ-હિંદી બ્રૅકી-શિરસ: જેને આલ્પાઈન પણ કહેવામાં આવે છે તે, (૨) ડીનારીક અને (૩) આર્મીનૉઇડ. પહેલા સમુદાયને આલ્પાઇનનું નામ આપવાનું કારણ એ કે યુરોપના આલ્પ્સ પ્રદેશના લોકો સાથે એ ઘણા મળતા આવે છે. આલ્પ્સના બ્રૅકી-શિરસૂનાં બીજાં વિશેષાંગોમાં મોટાં અને પહોળાં માથાં, સાધારણથી માંડીને ઠીંગણા જેટલી ઊંચાઈ, ગોળ મોં ને આગળપડતું નાક. ગુજરાત-કાઠિયાવાડની વસ્તીમાં આલ્પાઇન વર્ગ જ મુખ્યતયા છે. એનો ખાસ વિશિષ્ટ દાખલો જોવો હોય



(૧) ભાવનગરના કપોળ વણિક; (૨) કલકત્તાના બંગાળી કાયસ્થ; તથા (૩) મદુરાના તામિલ ચેટ્ટી એ ત્રણ આલ્પો-ડિનારિક સમુદાયના અને (૪)ચિત્રાલ-કાફિરિસ્તાનનો પઠાણ એ નૉર્ડિક-હિન્દો-આર્યન સમુદાયનો નમૂનો છે.(ચિત્રો:ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસના પુસ્તકમાંથી)



હિંદમાં પ્રાંતવાર જાતિસમુદાયો દર્શાવતો નકશો

નં. ૨-કોચીન ત્રાવણકોર ને મધ્ય હિંદનાં જંગલોમાં નીગ્રીટો તથા પ્રોટો-ઑસ્ટ્રેલૉઈડ; નં.૩ ત્રાવણકોર, ૩-અ તામિલ દેશ તથા સીલોન, ૩-બ મહારાષ્ટ્ર તથા હૈદ્રાબાદ, અને ૩-ક લંકામાં પ્રોટો-ઑસ્ટ્રેલૉઇડ, પૅલી-મેડીટરેનિયન અને આલ્પો-ડીનારિક તથા થોડા પ્રોટો-નૉર્ડિક; નં. ૪-ગુજરાત, કાઠિયાવાડ તથા બલુચિસ્તાન અને ૪અ બંગાળ ઓરીસામાં પૅલી-મેડીટરેનિયન તથા આલ્પો-ડીનારિકઅનેઓરીએન્ટલ; નં.૫-પંજાબ-સિંધ તથા ૫-અ યુક્તપ્રાંતો ને બિહારમાં ભૂમધ્યશાખી, ઓરીએન્ટલ અને પ્રોટો-નૉર્ડિક; નં.૬ નેપાળ-તરાઇમાં તિબેટો-મૉંગોલૉઈડ અને ઓરીએન્ટલ; નં. ૭ ભૂતાન-સિક્કીમ અને ૭અ આસામમાં તિબેટો-મૉંગોલૉઈડ અને પૅલી-મૉંગોલૉઈડ; તથા નં. ૮ અને ૮ અ પૂર્વબંગાળ, આસામ તથા દક્ષિણ તિબેટમાં પૅલી-મૉંગોલૉઈડ અને પૅલી-મેડીટરેનિયન. (ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસના પુસ્તક પરથી)

તો કપોલ વાણિયાઓ. બંગાળનો કાયસ્થ અને મદુરાનો ચેટ્ટી પણ એની સાથે આ જ વર્ગમાં બેસી શકે. આના થોડા અંશો મહારાષ્ટ્ર અને તામિલ દેશમાં પણ ઊતર્યા છે. બીજો ડિનારિક સમુદાય. તે ડાલ્મેશિયાથી ક્રોશિયા સુધીના આલ્પ્સ પર્વતવાસીઓ જેવો છે. ઊંચાઇ જરા વધુ, ચામડીનો રંગ કાળો અને માથાં એટલાં પહોળાં નહિ. નાક એકદમ લાંબું અને બાજ પક્ષી પેઠે છેડે વળેલું. ત્રીજા આર્મેનૉઇડોમાં આ જ ગુણ ખૂબ જ પ્રમાણમાં છે. ડીનારીક સમુદાય બંગાળ-ઓરિસ્સાની વસ્તીમાં છે. ગુજરાતના પારસીઓને આર્મેનૉઇડ તરીકે મૂકી શકાય.

હિન્દો-આર્યન—નૉર્ડિક

હિંદની ભૂમિ ઉપર થએલી પ્રજાઓની આયાતમાં સૌથી છેલ્લી અને અગત્યની કહેવાય તે વેદ-ધર્મી આર્યોની. આ જાતિસમુદાયને નૉર્ડિક કહેવામાં આવે છે. એમની શારીરિક વિશેષતાઓ: ઘણી સારી ઊંચાઇ, આંખો જરા માંજરી, માથાં લાંબાં પણ એનું ઘનફળ ઘણું; મોં લાંબાં અને જડબાં દઢ. આજે આ સમુદાય વાયવ્ય પ્રાંતના પઠાણોમાં અને કાફિર પ્રજામાં મળી આવે છે. પંજાબ, રજપુતાના અને ઉત્તર-હિંદના ઉચ્ચ વર્ગમાં એનો ઘણો અંશ ભળ્યો છે. દક્ષિણી ચિત્ત-પાવન બ્રાહ્મણોને પણ એમનો વારસો મળેલો છે.

આટલી માહિતી પરથી આ લેખનો વિવેકી વાંચનાર આપણા સમાજમાંની વ્યક્તિઓ જોઇજોઇને તે કોણ કે કયા જાતિસમુદાયની હશે તે અનુમાની શકે. એવો પ્રયત્ન કરવામાં કોઇ પણ વ્યક્તિઓની 'રેઈસ' કહેવાનો કોઈ અર્થ નથી; છતાં યે એ પ્રયત્ન આનંદ સાથે જ્ઞાન જરૂર આપી શકે. રાજકાજી વ્યક્તિઓ લઇને એ કહી શકે કે ગાંધીજી અને ભૂલાભાઈ આલ્પાઇન; જવાહરલાલ નૉર્ડિક-ઓરીએન્ટલ; શરદ અને સુભાષ બૉઝ આલ્પાઇન બ્રૅકી-શિરસ્ અને રાજાજી ભૂમધ્યશાખી રેઇસના હોઇ શકે. ચિત્રપટની દુનિયામાં અસીતબરન ને રાધામોહન આલ્પાઇન; શેખ મુખ્તાર અને મઝહરખાન નૉર્ડિક અને અશોકકુમાર તથા સુરેન્દ્ર ડીનારિક રેઈસના હોઈ શકે. શોભના સમર્થ અને વનમાલા ઓરીએન્ટલ-નૉર્ડિક; મનોરમા મૉંગોલૉઇડ ને સુનન્દા આલ્પાઇન બ્રૅકી-શિરસ્ કહી શકાય. આ પણ વ્યક્તિઓ તરફ જોવાનો એક અનોખો રસ્તો છે!

જાતિસમુદાયો અને સંસ્કૃતિ

આ બધા જાતિસમુદાયો આપણા દેશમાં જેમ એક પછી એક આવતા ગયા તેમતેમ સાથમાં પોતપોતાની સંસ્કૃતિ પણ લાવ્યા હશે. આ વસ્તુ નવી નથી. મુઘલો અત્તર તથા બરફ લાવેલા, અને અંગ્રેજો હૅટ, કોટપાટલુન અને છરીકાંટા લાવ્યા એ જેમ આપણે જોયું-જાણ્યું છે, તેમ આદિકાળમાં આવેલા આ લોકો શું લાવ્યા હશે એ કહેવું જો કે ઘણું મુશ્કેલ છે. નિશ્ચયાત્મક કહેવા જેટલો આપણી પાસે મસાલો નથી. એ દિશામાં મનુષ્યવિદ્યાએ હજી ઘણું કરવાનું હશે. આજે તો વિદ્વાનોમાં હરેક જાતિ-સમુદાયના સાંસ્કૃતિક હિસ્સા વિષે કેટલીક પ્રમાણિત અને પ્રામાણિક માન્યતાઓ છે. વધુ શોધ ન થાય ત્યાં સુધી એટલી જ ગણાય.

પ્રોટો-ઑસ્ટ્રેલૉઈડ જાતિ પશુપૂજા, ભૂવાપણું, ભોજન-બાધાઓ અને જાદુમંતર લાવી હશે. સાથે ખાવામાં નાતજાતના ભેદભાવ અને આંતરજ્ઞાતીય લગ્નવિરોધ જે આજે જ્ઞાતિસંસ્થાના મૂળમાં છે એ પણ તેમને જ લઇને હોય. રેશમ, ચા, ચોખા, આગળ, મુખવાસની સોપારી અને માથાનો શિકાર એ મૉંગોલૉઇડ સમુદાય લાવેલો. એમાંની જ એક શાખા નાળિયેર ને અનેનાસ આપણે ત્યાં ઉગાડનાર. કુંભશિલ્પ (ઘડા જેવાં વાસણો) ઘડવાની કળા પ્રથમ ભૂમધ્યશાખી લાવેલા. મનુષ્યમેધ અને ફલદ-માન્યતાઓ, નારીનું મૂલ્ય અને માન, તથા આપણે ત્યાં પ્રથમ વિકસેલી મોહન-જો-ડેરોની અને હરાપ્પાની સંસ્કૃતિઓ એક યા બીજી ભૂમધ્યશાખી પ્રજાને જ આભારી છે. પાળેલાં પશુઓ, નદી ઊતરવાનાં સાધનો ને નગરવ્યવસ્થા પણ એઓ જ લાવેલા. રામપ્રસાદ ચંદા નામના વિદ્વાન કહે છે તેમ ગુજરાત-બંગાળના ભક્તિ-માર્ગો અને ધર્મઘેલી ઊર્મિઓ આલ્પો-ડિનારીક જાતિસમુદાયની હસ્તીને લઇને છે. નૉર્ડિક પ્રજા આપણે ત્યાં લોખંડ, ઘોડા અને ઘઉં લાવેલી. દૂધનો ઉપયોગ, મદીલાં પીણાં, જુગારની રમત અને રથની શરતો એમની સાથે આવેલાં. આર્ય ભાષા એ એમનો આસા ફાળો. એમના ભૌતિક સંસ્કૃતિના ફાળા કરતાં યે ચિંતનક્ષેત્રમાં 'ઋત'ની વિભાવના, નીતિના મહોચ્ચ આદર્શો, ઉપનિષદોમાં બાંધેલાં ફિલસૂફીનાં સંભાષણો અને વિજ્ઞાનની પ્રત્યેક શાખાનું ફૂલવુંફાલવું: આ સૌ અંગનો ઘણે દરજ્જે ચડિયાતો ફાળો છે. એ તો આજે ય આપણા વતનની સંસ્કૃતિનો નિર્મા૨ પ્રાણ છે.

ઠાકોરભાઇ ભાણાભાઈ નાયક

હિંદી કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અગ્રણી આવિષ્કારક, કલકત્તા યુનિવર્સિટીના વાગીશ્વરી કલાપદના આચાર્ય અને 'રૂપમ્'ના તંત્રી
વિખ્યાત કલાવિવેચક **શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી**ની કલમથી લખાએલ

શિલ્પ-વિજ્ઞાન

અનુવાદક · સૌ. અપર્ણાબેન ત્રિવેદી

જનસામાન્યને પણ સમજાય તેવી સાદી સરળ રીતે અને સંખ્યાબંધ દૃષ્ટાંતચિત્રો સાથે

કલાનાં રૂપ-રહસ્યની શાસ્ત્રીય સમજણ આપતી આ લેખમાળાના પહેલા વિભાગ' ચિત્ર–વિજ્ઞાન' પછી આ બીજો વિભાગ શરૂ થાય છે.

ભાસ્કર્ય અને તક્ષણક્રિયા (કોતરવા)થી થતું શિલ્પ એ ત્રણ માનનું (ત્રણ બાજુવાળું) ચિત્ર છે: દૈર્ઘ્ય (લંબાઇ) પ્રસ્થ (પહોળાઇ) અને ઘનમાન (ઊંડાણ)–Length, breadth and depth:–three dimensions. પ્રકૃતિનાં જુદાંજુદાં દ્રવ્યો ને મૂર્તિઓ જેવી રીતે ત્રણ માન (three dimensions) વડે આકાશ અને જમીન રોકી ઊભાં રહે છે, તેનું અનુકરણ કરીને ભાસ્કર (શિલ્પકાર) અને મૂર્તિકાર એની વાસ્તવિક પ્રતિમૂર્તિ લાકડાં કે પત્થરમાંથી કોતરી કાઢે છે. એકાદ ચોરસ પત્થર, લાકડું, હાડકું કે એવી કોઈ કઠણ વસ્તુમાંથી છીણી–હથોડા વડે કે એવા જ કોઈ ઓજારથી નકામો ભાગ ધીમેધીમે કંડારતા જઇને શિલ્પી પોતાની ઇચ્છિત મૂર્તિ આપણી નજર આગળ ખડી કરે છે. આપણે ઝાડની કોઈ ગોળાકાર ડાળીમાંથી તેનાં પડખાં છોલી કાઢીને તેને ચોરસ રૂપ આપી ચતુષ્મુખ ઘન કે સ્તંભ બનાવીએ છીએ (જુઓ ચિત્ર નં. ૧) એ ભાસ્કર્ય–શિલ્પનું બહુ જ સહેલું ને સરળ ઉદાહરણ છે.



૨





૨-૩

પણ છતાં ભાસ્કર્ય કરવું એ એટલું સહેલું અને સરળ નથી. એકાદ ખરબચડા કે ગોળ લાકડા યા પત્થરને છોલી કાઢીને તેમાંથી ચતુષ્મુખ વસ્તુ કોતરી કાઢવી એ તો બહુ જ અલ્પ પરિશ્રમવાળી અને સ્થળ નૈપુણ્ય બતાવતી આદિ કાળની તક્ષણ-વિદ્યા છે. છેક પ્રાગૈતિહાસિક યુગમાં (ઇતિહાસપૂર્વ કાળમાં) પણ આદિ માનવીઓ પશુનાં હાડકા કોતરીને તેમાંથી ઘણાં પશુઓની આકૃતિઓની સાધારણ પ્રતિમૂર્તિ બનાવી ગયા છે. લગભગ ૨૫,૦૦૦ વર્ષ પહેલાં આવી હાડકાંમાંથી કોતરી કાઢેલી પશુની એક મૂર્તિ સ્પેનના પીરીનીઝ પર્વતની ગુફામાંથી પુરાતાત્ત્વિકોએ શોધી કાઢી છે. (ચિત્ર નં. ૨) એ આદિ યુગના આદિ શિલ્પીને યોગ્ય વસ્તુના અભાવને કારણે પોતાની ગરજી મુજબની મૂર્તિરચના કરવાનો યોગ મળ્યો નહોતો. એટલે પશુનું જે હાડકું કોઈક પ્રાણી અથવા માણસની મૂર્તિને લગભગ મળતું આવતું હોય એવું હાડકું લઇ, તેવી વિશિષ્ટ આકૃતિવાળા પશુ અથવા માણસની આકૃતિ (ચિત્ર નં.૩) તેઓ એ હાડકામાંથી કોતરી ગયા છે. શિલ્પકળાની એ આદિ અવસ્થામાં આજની પેઠે ક્રમાનુક્રમે (ચિત્ર નં. ૪, ૪ ક, ૪ ખ). ચતુષ્કોણ મુખ કોતરવાની યોગ્ય સાધના નહોતી. એ તો ધીરેધીરે શિલ્પકળાની ઉન્નતિ થતી ગઈ તેમતેમ વિધવિધ રૂપની અને જુદાજુદા અવયવોના અનુરૂપ વિવિધ પાસાં (many planes) વાળી મૂર્તિઓ કોતરાવા લાગી.

કોઇપણ ચોખંડા લાકડા પત્થરને ફક્ત ચાર પાસાં અથવા દિશા (plane) હોય છે. પણ એ ચોખંડમાંથી જ્યારે ગોળાકૃતિ કરવાની હોય છે ત્યારે તેને છોલવા માટે તેનાં થોડીથોડી જગ્યા રોકતાં અસંખ્ય નાનાંનાનાં પાસાં (face, plane, surface) નજરે પડી આવે છે (ચિત્ર નં. ૫). ખરી રીતે જોઇએ તો માણસ અને પશુના અવયવોના જુદાજુદા વળાંકો પણ એવાં અસંખ્ય પાસાં (plane)ના સમૂહથી જ બનેલા છે. તેમાં યે માણસનું મુખ ને તેનાં અંગપ્રત્યંગો તો પશુઓ કરતાં પણ ઘણાં વધારે અને અતિશય નાનાંનાનાં સૂક્ષ્મ એવાં પાસાં (plane, face) વડે બનેલાં છે. (ચિત્ર નં.૬, ૬-ક, ૭). આ બધાં તેનાં ક્ષુદ્ર-સૂક્ષ્મ પાસાં તીવ્ર પ્રકાશમાં સ્પષ્ટ નજરે પડતા નથી પણ આછેરા પ્રકાશનાં સૂક્ષ્મ રશ્મિઓમાં જોવામાં આવે તો


ઉપર ચિત્ર: ૨ આગલા પગ વાળીને અને શીંગડાં ગરદન પર ઢાળીને મોં ઊંચું કરી રહેલા હરણનું આ શિલ્પ હજારો વર્ષ પરના આદિ માનવે હાડકાના ખંજરની મૂઠરૂપે કંડારેલું.





સ્પષ્ટ ફૂટી ઊઠે છે (ચિત્ર નં. ૮,૯) એટલા જ માટે ઊંચી કોટિના કુશળ શિલ્પીઓ પોતાના શિલ્પગૃહ (studio)માં અનેક પડદા લટકાવી સૂક્ષ્મ પ્રકાશનો બંદોબસ્ત કરી લે છે. ઉસ્તાદ શિલ્પીઓ આવાં બારીક પાસાંઓમાંના રૂપના તરંગો જોવાની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ કે દૃષ્ટિ ઘણા પ્રયત્નબાદ મેળવી શકે છે.

ભાસ્કર્ય (શિલ્પ)ના પ્રકટીકરણ માટે ત્રણ સાધન છે: (૧) રેખા–drawing; (૨) જુદાજુદા માપનાં બહુમુખ-અસંખ્ય પાસાવાળાં ક્ષેત્ર–plane; અને (૩) પ્રકાશ તથા છાયાનો અવકાશ–play of light and shade. કોઈ સમતલ વસ્તુમાં વિવિધ રૂપ મુજબની વિવિધ આકૃતિઓના ખાડા પાડીને જુદાજુદા પ્રકારનાં છાયાપ્રકાશ વિલસતાં કરી શકાય છે, અને એ પ્રકારે શિલ્પી, નાનાવિધ વિચિત્ર રૂપના તરંગો પોતાની કલ્પિત મૂર્તિમાં લાવી શકે છે. આ વિવિધ રૂપનો એકએક તરંગ તે એકએક અક્ષર સમજો. આવી અક્ષરમાળાને જુદીજુદી રીતથી જુદાજુદા છંદમાં બાંધીને શિલ્પી પોતાના ભાવપ્રકાશની શબ્દમાળા અથવા અભિધાન રચે છે.



ઉપરની આકૃતિઓ પૈકી નં. ૬, ૭ અને ૮માંનાં રેખાંકનો હજારો વર્ષ પરનાં અદ્‌ભુત શિલ્પો મનાય છે. અતિશય નાની થઇ ગએલી તેની આ પ્રતિકૃતિઓમાં મૂળની સજીવતા ને માર્દવ ઊતરી શક્યાં નથી; પણ નં. ૬ની મૂર્તિ બાબીલોનિયાની ધ્વસ્ત થઇ ગએલી પુરાતન સંસ્કૃતિમાં જવલ્લે જ મળી આવતી પત્થર-કોતરણીનો ઊંચો નમૂનો છે. નં. ૭ પ્રાચીન ઇજિપ્તની રૂપસુંદર રાણી નેફરતીતીની મુલાયમ કુમાશ અને નં. ૮ ત્યાંના રાજા રામેસિસ (બીજા)નાં હૂબહૂ વ્યક્તિત્વ અને લાક્ષણિકતા ઉતારતાં જગનામી શિલ્પો છે.

પહેલાં તો શિલ્પી રેખા વડે પોતાની કલ્પિત મૂર્તિની સીમા બાંધે છે, અને દૈર્ઘ્ય, પ્રસ્થ તથા ગભીરતાનું (લંબાઇ, પહોળાઈ અને ઊંડાણનું) પરિમાપ નક્કી કરે છે. પછી ધીરેધીરે ચોખૂંટ–ચાર ખૂણાવાળા–કટકામાંથી ઘણા ખૂણા પાડીને બહુમુખ–અનેક પાસાંવાળા (multi-plane) અવયવો કોતરતા જઈ પોતાના કલ્પિત રૂપની પ્રતિમા તેમાંથી પ્રકટાવે છે. લાકડા અથવા પત્થરના એક ચોખૂંટ કટકાને આમ કોતરીકોતરીને તેમાંથી પોતાની મનોગત મૂર્તિનો ચહેરો પ્રકટાવતાં શિલ્પીને બહુ દિવસ લાગે છે; અને એ લાંબા ગાળા દરમ્યાન તેને પોતાની એ માનસિક કલ્પનાને મનમાં બહુ દિવસ સુધી જાગ્રત રાખવી પડે છે. બીજી રીતે કહીએ તે પાષાણ કે લાકડાના એ ઢીગચાની અંદર શિલ્પીની કલ્પિત અથવા આરાધિત મૂર્તિ છુપાએલી હોય છે, અને શિલ્પી તેની આસપાસનું નકામું લાકડું કે પત્થર કોતરી કાઢે છે એટલે અંદર રહેલી મૂર્તિ પ્રકટી ઊઠે છે. આ રીતે શિલ્પી, અંદર છુપાએલી મૂર્તિનું બહિરાવરણ જ માત્ર દૂર કરે છે. વિખ્યાત જર્મન શિલ્પી ડૂરરે (Albrecht Durer) કહ્યું છે કે 'શિલ્પ રૂપ તો પ્રકૃતિના ગર્ભમાં છુપાએલું જ પડયું છે; એ રૂપને બહાર ખેંચી લાવવાનું કર્તવ્ય છે શિલ્પીનું. (Art is hidden in Nature; it is for the artist to drag her forth).

રેખા અને રંગથી કરેલા ચિત્રની સાથે ભાસ્કર્યની સરખામણી કરવાથી લાગશે કે શિલ્પીની મૂર્તિ એ ઘણા અવયવો વાળી પ્રતિમા છે. એટલે એકાદ પૂતળી કે પ્રતિમા એ ચિત્ર કરતાં વધુ વાસ્તવિક અને આંખને માટે સત્ય વસ્તુ છે. શિલ્પીની કોતરેલી મૂર્તિને આ-



૧૦



૧૧

પત્થરના માત્ર ફલક(સપાટી)ઉપર જ કોતરણી કરીને ઉઠાવેલાં અર્ધશિલ્પ (=ભાસ્કર્ય)ના ત્રણ પ્રકાર છેઃ ઓછાં ખોદાએલાં-લગભગ રેખારૂપ-કર્ષિત ચિત્રો;(ઇન્સાઇઝ્ડ ડ્રૉઇંગ);ઊંડાં ખોદાએલાં ફલકચિત્રો (બાઝ રીલીફ); અને અતિ ઊંડાણું લઇને ઉઠાવેલાં ભાસ્કર્યં(હાઈ રીલીફ). સામે આપેલાં ચિત્રોમાં નં.૧૦-સિંધુનદીને કાંઠે પાંચ હજાર વર્ષ પર વિકસેલી સંસ્કૃતિના કાળનું માટીનું તક્તીમાં ઉઠાવેલું વૃષભના કર્ષિત ચિત્રવાળું સીલ છે; નં ૧૧-ઍથેન્સના પાર્થેનન દેવળમાંથી મળેલું ઊંડા ખોદાણવાળું ગ્રીક ભાસ્કર્ય છે; નં.૧૨ આસીરીઆના રાજમહેલના ખંડિયરોની આલાબાસ્ટરની ભીંત પર ઘવાએલી સિંહણની વેદના વ્યક્ત કરતું ફલક ચિત્ર છે; નં.૧૩-ચીનની પ્રાચીન કબરોના પડખા પર આલેખાએલા કર્ષિતચિત્રો પૈકીનો નમૂનો.





૧૨

પણે ચારે બાજુથી જોઇને, સ્પર્શ કરીને, સત્ય વસ્તુની ગાઢ તેની અનુભૂતિ મેળવી શકીએ છીએ. શિલ્પના સાધન વડે, શિલ્પી હૂબહૂ પ્રકૃતિના રૂપ જેવી જ પ્રતિમૂર્તિ બનાવી શકે છે. ચિત્રની માયા (illusion)ને મુકાબલે શિલ્પીની બનાવેલી પૂતળીની માયા(illusion) વધારે વાસ્તવિક, (realistic) અથવા વધારે ચાક્ષુષ સત્ય રૂપ છે. (ચિત્ર નં ૯, ૯-ક, ખ–ગ).

કેટલીક વખત જોઈતા માપના સાધન (material)ના અભાવને લીધે પૂર્ણ અવયવની, round, એટલે કે ચારે તરફથી દર્શનીય એવી મૂર્તિ રચી નથી શકાતી. અથવા તો બીજા કોઈ પણ કારણસર, શિલ્પી, તે વસ્તુના ફક્ત ફલકનું જ—સપાટીનું જ અવલમ્બન લઇને તેમાં ચિત્રનિર્માણ કરે છે. (ચિત્ર નં. ૧૦, ૧૦ક). એને સ્વલ્પ ઉપાડેલાં ફલકચિત્ર (bas-relief અથવા low-relief) કહે છે. આવું ચિત્ર બહુમુખી નથી હોતું; ફક્ત સામેથી જ જોઈ શકાય છે. ઘણાં મંદિરોની દીવાલો ઉપર અથવા ગોખલામાં આવી જાતના ઓછા ખોદાએલાં ચિત્રો (reliefs) હોય છે. પ્રાચીન ગ્રીસ દેશની કબરો અથવા શબાધારની ઉપર આવી જાતનાં શ્રેષ્ઠ ભાસ્કર-ચિત્રોનું સુંદર નિદર્શન છે. ચીન દેશના અતિ પ્રાચીન શિલ્પમાં એના કરતાં યે અલ્પ ગભીર ઓછાં ખોદાએલાં ચિત્રોના ઘણાં મનોહારી દૃષ્ટાન્તો છે. ત્યાંના હાન યુગના શબાધારનાં ગાત્રો ઉપર (કબરોનાં પડખાં ઉપર) એ પ્રકારનાં આછાં—ક્ષીણ રૂપે—કોતરાએલાં ઘણાં ચિત્રો જોવામાં આવ્યાં છે. (ચિત્ર નં. ૧૧) આ શ્રેણીના ખોદકામને ઉપાડેલું ફલકચિત્ર (relief) નહિ, પણ કર્ષિત રેખાચિત્ર (incised drawing) કહેવું જ યોગ્ય છે. યુરોપના આદિ યુગના ખ્રિસ્તશિલ્પમાં, હાથીદાંત ઉપર કોતરેલાં બાઝ-રીલીફ–bas-reliefનાં (ફલકચિત્રનાં) ઉત્કૃષ્ટ કલ્પનાવાળાં ઘણાં દૃષ્ટાન્તો છે.

આ ફલકચિત્રો (bas-relief) કરતાં વધુ ગભીરરીતે (એટલે કે વધુ ઊંડાં) કોતરેલાં ચિત્રોને Alto-relievo અથવા high relief કહે છે. એવાં હાઈ રીલીફ high reliefમાં શિલ્પીને પોતનું વક્તવ્ય વધારે સ્પષ્ટ ભાષામાં કહેવાની તક મળે છે, કેમકે એવાં ઊંડાં ખોદાએલાં ફલક–ચિત્રોમાં દૂરત્વ અને વિષયવસ્તુનું જાતજાતનું વિવરણ ઝીણવટથી પ્રકટાવી શકાય છે. પ્રાચીન ઍથેન્સ નગરના વિખ્યાત પાર્થેનન મંદિરમાંથી લાવેલું શિલ્પ એવા ઊંડા ખોદાએલા ફલકશિલ્પનું ઉચ્ચ નિદર્શન છે. (ચિત્ર નં. ૧૨) પ્રાચીન ભારતના શિલ્પમાં તો આવાં ઓછાં ખોદાએલાં તથા ઊંડા ખોદાએલાં ફલક-ચિત્રો; કર્ષિત ચિત્રો તેમજ ચતુર્મુખ શિલ્પો (bas-relief)ના high-relief, incised drawing તથા sculpture in the roundના) અત્યંત ઉત્તમ પ્રકારના અને બેશુમાર નમૂના છે.



૯

(ચાલુ)

પ્રાચીન નાટ્ય

અને તેની અનુષંગી કલાઓ (નૃત્ય અભિનય આદિ)નો પરિચય આપતી લેખમાળા

[૫]

સંગીત

પ્રાચીન નાટ્યશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે સંગીતમાં ગીત, વાદ્ય અને નૃત્ય એ ત્રણે કલાનો સમાવેશ થાય છે. પણ તેમાં ગીત મુખ્ય હોવાથી તેને જ સંગીત કહેવામાં આવે છે. તેના બે પ્રકાર છે: 'માર્ગી' અને 'દેશી.' પ્રાચીન સંગીત માર્ગીય હતું; હાલમાં પ્રચલિત છે તેને દેશી સંગીત કહેવામાં આવે છે. દેશી સંગીતમાં કર્ણાટકી ને હિંદુસ્તાની એવા બીજા બે પ્રકાર છે. કર્ણાટકી દક્ષિણમાં અને હિંદુસ્તાની હિંદના અન્ય ભાગમાં પ્રચલિત છે.

નાદ: સંગીતનો સબંધ નાદ (અવાજ) સાથે છે. તેની ઉત્પત્તિ વિષે નાટ્યશાસ્ત્ર કહે છે કે જીવાત્મા જ્યારે બોલવાની ઈચ્છા કરે છે છે ત્યારે પ્રથમ મનને પ્રેરણા થાય છે. મન શરીરમાં રહેલા અગ્નિને પ્રેરે છે, અને અગ્નિ શરીરમાં રહેલા પવનને પ્રેરે છે. તે પવન પ્રથમ નાભિ સ્થાનથી ઉત્પન્ન થઈ અનુક્રમે હૃદય, કંઠ ને શીર્ષમાંથી ગતિ કરી છેવટે મુખ દ્વારા ધ્વનિ રૂપે પ્રગટ થાય છે તેને નાદ કહે છે.

શ્રુતિ: નાદના બાવીસ પ્રકાર છે. તે 'સાંભળવા યોગ્ય' હોવાથી તે શ્રુતિ કહેવાય છે. હૃદયની અંદર રહેલી અમુક નાડીઓના આધારે આ શ્રુતિ-ભેદ થાય છે એમ પ્રાચીન નાટ્યશાસ્ત્રમાં કહ્યું છે.

સ્વર: બાવીસ શ્રુતિમાંથી સાત સ્વર ઉત્પન્ન થાય છે. તેનાં નામ: ષડજ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ. આ સ્વરોને સંક્ષેપમાં (તેના પ્રથમાક્ષરોને આધારે) સા, રી, ગ, મ, પ, ધ, ની, એવી સંજ્ઞા આપવામાં આવી છે. એ સ્વરો સીડીની જેમ એકમેકથી ચડિયાતા બોલાય છે. આ સાત સ્વરોનાં સ્વરૂપજ્ઞાન માટે તે દરેક સ્વરને નાટ્યશાસ્ત્રમાં અમુક પ્રાણીના સ્વર સાથે સરખાવવામાં આવ્યો છે. કહ્યું છે કે મોર ષડજ, ચાતક ઋષભ, બકરો ગાંધાર, ક્રૌંચ પક્ષી મધ્યમ, કોયલ પંચમ, દેડકો ધૈવત અને હાથી નિષાદ સ્વર બોલે છે.

એ દરેક સ્વરના પાછા બે પ્રકાર છે: શુદ્ધ અને વિકૃત. સ્વર પોતાના નિયત સ્થાનથી ખસે ત્યારે વિકૃત બને છે. તેના પણ કોમળ ને તીવ્ર એવા બે પ્રકાર છે. પોતાના સ્થાનથી પાછળ રહેલા સ્વરને કોમળ અને ઉપર રહેલાને તીવ્ર સ્વર કહેવામાં આવે છે.

આ ઉપરાંત સ્વરોમાં બીજા ચાર ભેદ છે: વાદી, સંવાદી, અનુવાદી અને વિવાદી. રાગોના મુખ્ય સ્વરોને વાદી, ગૌણને સંવાદી તેમજ બાકીના સ્વરોને અનુવાદી કહે છે; અને રાગમાં વર્જ્ય હોય તેવા સ્વરો વિવાદી કહેવાય છે.

સપ્તક: એક 'સા'થી બીજા 'સા' સુધીના સાત સ્વરોના એક ઝુમખાને સપ્તક કહે છે. તેના પણ ત્રણ પ્રકાર છે: મંદ્ર, મધ્ય અને તાર. મંદ્ર સપ્તકનો અવાજ હૃદયમાંથી, મધ્યનો કંઠમાંથી ને તારનો શીર્ષમાંથી ઉત્પન્ન થતો કહ્યો છે. આ ત્રણે સપ્તકોનું ઉચ્ચારણ એકમેકથી ચડિયાતી રીતે થાય છે. સામાન્યત: માણસનો અવાજ બેથી અઢી સપ્તક સુધી પહોંચે છે એમ કહેવાય છે.

આરોહ-અવરોહ: સ્વરોને એકમેકથી ચડિયાતા ક્રમમાં ગાવામાં આવે તેને આરોહ કહે છે. જેમકે સા, રી, ગ, મ, પ, ધ, ની. તેવી જ રીતે ઊતરતા ક્રમમાં ગાવાને અવરોહ કહે છે. જેમકે ની, ધ, પ, મ, ગ, રી, સા.

રાગ: આ સાતે સ્વરોની અમુક વિશિષ્ઠ પ્રકારની જે ચિત્તાકર્ષક રચના કરવામાં આવે તેને રાગ કહે છે. તેના ત્રણ પ્રકાર છે: ઔડવ, ષાડવ અને સંપૂર્ણ. જેમાં પાંચ સ્વરો હોય તે ઔડવ, જેમાં છ સ્વરો હોય તે ષાડવ અને જેમાં સાતે સાત સ્વરો હોય તે સંપૂર્ણ.

આ ઉપરાંત રાગના બીજા પણ ત્રણ ભેદો છે: શુદ્ધ, છાયાલગત્વ અને સંકીર્ણ. જે રાગની રચનામાં અન્ય કોઇ રાગની છાયા ન હોય તે શુદ્ધ; જેમાં અન્ય કોઇ એક રાગની છાયા હોય તે છાયાલગત્વ; અને જેમાં બેથી વધારે રાગોની છાયા હોય તે સંકીર્ણ.

રાગ-બંધારણ અંગે કેટલાક નિયમો પણ છે. જેમકે (૧) તેમાં ઓછામાં ઓછા પાંચ સ્વરો તો હોવા જ જોઇએ; (૨) આરોહ-અવરોહ હોવા જોઈએ. (૩) વાદી-સંવાદી વગેરે સ્વરો પણ હોવા જોઇએ.



૧૯૪૬નો કુમાર-ચન્દ્રક

શ્રી બલવંતરાય ક. ઠાકોર, શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
તથા શ્રી અનંતરાય રાવળના નિર્ણાયક-મંડળે
'૪૬ના વર્ષમાં 'કુમાર'માં આવેલાં મૌલિક સાહિત્યસર્જનો પૈકી
શ્રી યશોધર નર્મદાશંકર મહેતાની
નાટિકા 'રણછોડલાલ'ને
એ વર્ષના ચન્દ્રકને પાત્ર ગણી છે
એ સમાચાર પ્રકટ કરતાં અમને આનંદ થાય છે.

અલંકાર: સ્વરોની ઉલટ-પલટને અલંકાર કહે છે. જેમકે સારી, રીસા; રીગ, ગરી; ગમ, મગ; મપ, પગ; પધ, ધપ; ધની, નીધ વગેરે. આ અલંકારને સારીગમ કે આલાપથી ગવાય છે.

આલાપ: સ્વરને જ્યારે સારીગમના નામાક્ષરોને બદલે આકાર કે ઇકારમાં ગાવામાં આવે તેને આલાપ કહેવામાં આવે છે.

તાન: રાગનો જે વિસ્તાર કરવામાં આવે તેને તાન કહે છે.

તાલ: તાલ એ અગત્યનું અંગ છે. ગીત, વાદ્ય અને નૃત્ય એ ત્રણે કલાઓ તાલને આધારે જ છે. અમુક નિયત કાલ-મર્યાદા કે પ્રમાણને તાલ કહે છે.

માત્રા: એ તાલ માત્રાનો બનેલો હોય છે. એક સેકંડના સમયને કે એક તાળી પાડવાના સમયને એક માત્રા કહેવામાં આવે છે.

લય: ગીતના કાલની ગતિને લય કહે છે. તે વિલંબિત, મધ્ય ને દ્રુત એમ ત્રણ પ્રકારની છે. ધીમી ગતિને વિલંબિત લય, સાધારણ ગતિને મધ્ય લય અને ઝડપી ગતિને દ્રુત લય કહેવાય છે. (ચાલુ)

યોગેન્દ્ર પ્રિયદર્શી

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : હસમુખ મોદી, કૃષ્ણ કૉટેજ, જુહુરોડ. વીલેપારલે. મુંબાઇ ૨૪

પ્રિય મિત્ર, Roubaix (France) ૨૬ ઑકટોબર '૪૬

આજે આન્દ્રેને બદલે તેના પિતા તમારા પત્રનો જવાબ લખે છે! લીલ (Lille) પાસેની એક બોર્ડિંગ-શાળામાં આન્દ્રે ૧લી ઑકટોબરથી દાખલ થયો છે. ૯મી ઑગસ્ટનો તમારો પત્ર એ ત્યાં ગયો તે પહેલાં થોડાજ દિવસે આવ્યો. નવી શાળાએ જવાની તૈયારીઓમાં તે રોકાએલો હોવાથી તમને તે પ્રત્યુત્તર ન આપી શકયો. મને લાગે છે કે તેને ઘણું કામ હોવાથી આવતાં થોડાં અઠવાડિયાં તે પત્રવ્યવહાર કરી નહિ શકે. નવી શાળાના રીતરીવાજો ને કામથી તે ટેવાઈ જશે એટલે ઘણા આનંદથી તમારી સાથે પત્રવ્યવહાર ફરી શરૂ કરશે. તેના કહેવાથી તેને બદલે હું લખું છું. હું ઘણી મુશ્કેલીથી આ પત્ર લખું છું કારણકે મારી ડિક્શનરી આન્દ્રે પોતાની સાથે લઈ ગયો છે.

ત્રીસ વર્ષ પહેલાં હું થોડુંઘણું અંગ્રેજી શીખ્યો હતો, પણ પરદેશી ભાષા હમેશા ન વાપરીએ તો જલદી ભૂલી જવાય છે. યુદ્ધકાળમાં હું અંગ્રેજી ફરી શીખ્યો. અહીંની નાગરિક સંરક્ષણ-સમિતિનો હું મંત્રી હતો અને તેથી મારે અઠવાડિયાંઓ સુધી ટાઉન હૉલમાં બેસી રહેવું પડતું. ત્યાં નવરાશનો સમય મેં અંગ્રેજી શીખવામાં ગાળ્યો. મને આશા હતી કે આ જ્ઞાન મને 'મુક્તિદિન' (liberation day) પ્રસંગે ઉપયોગમાં આવશે. પણ તેમ ન થયું. ફક્ત મિત્રરાજ્યોના સૈનિકો સાથે થોડીઘણી વાતચિત હું કરી શકયો.

તમારા પત્રે અમને ખરેખરો આનંદ આપ્યો. પહેલું તો તમારા સુંદર અક્ષરોથી, કે જેની અમને જરા યે ટેવ નથી. અને બીજું, તે અમારી જિજ્ઞાસાવૃત્તિનો રસ જાગૃત કરે છે તેથી. ખરેખર, તમને ફ્રેંચ નથી આવડતું તે દુઃખની વાત છે. પણ મને આનંદ થાય છે કે તમે તે શીખવાના છો! અંગ્રેજી કરતાં ફ્રેન્ચ તમને મુશ્કેલ જરૂર લાગશે. પણ એ કેટલું સુંદર છે! અને લૅટિન!! હું ધારું છું કે હિંદમાં તો ઘણી બધી ભાષાઓ છે. તમે હમેશાં અંગ્રેજીમાં વાતો નથી કરતા?

હિંદના તમારા વર્ણન માટે આભાર. અમને તેમાં ઘણો રસ પડયો. તમારા રીતરિવાજો, જીવન, પોષાક, ખોરાક, હવામાન આદિ જાણવા અમે ઈંતેજાર છીએ. ટૂંકામાં, આપણા બંને દેશોમાં જેજે અસમાન હોય તે વિષે લખશો. આજે ફ્રેન્ચ લોકો વિષે તમને થોડું કહીશ. આજની ઘડીએ તેઓ ઘણા દુઃખી છે. ઇંગ્લંડ ને બીજા અનેક દેશો માફક ફ્રાન્સ પણ યુદ્ધોત્તર કાળની મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યું છે. યુદ્ધમાં હાર મળવાથી તેમનો જુસ્સો ભાંગી પડયો. દુશ્મનોનો સામનો કરવા છતાં યે તે બીજા વર્ગના દેશ તરીકે ગણાયું. ઉત્પાદન લડાઈ પહેલાંના જેટલું હવે થતું જાય છે તોપણ માલ મળતો નથી. અશક્ત ને અસ્થિર સરકાર, લોકોના સામાજિક ભાગલા, આ બધાં સર્વસામાન્ય ચિંતાનાં કારણો છે.

ખરું કહીએ તો ફ્રેન્ચ લોકો આજે પૂર્વવત્ જીવન ગાળતા નથી. નૈતિક શિથિલતા એમના અત્યારના જીવનની હરેક પ્રવૃત્તિને કોરી રહી છે. ફ્રેન્ચ લોકોનું જીવન દરેક પ્રાંતમાં અત્યારે જુદું જુદું છે. અમારા ઉત્તર પ્રદેશમાંનું જીવન (કામ કરવાની શક્તિ, નમ્રતા, વિચારો અને કરકસરમાં) બેલ્જિયમ, અંગ્રેજી અને જર્મન જીવનને મળતું આવે છે. આ ગુણોની અસર રોજિંદા જીવનમાં પણ પડે છે. દા. ત. ગૃહિણીઓ તદ્દન ચોખ્ખાં ઘર પસંદ કરે છે; ખેડૂતો જમીનનો નાનામાં નાનો ટુકડો પણ ખેડે છે. મધ્ય ફ્રાન્સના લોકો જરા હળવી પ્રકૃતિના છે. તેઓ સરળતાથી સત્યને વેગળું મૂકી દે ખરા. આ માટે અમે યુદ્ધને જવાબદાર ગણીએ છીએ. મધ્ય ફ્રાન્સના આવા લોકોની મુંબાઇવાસીઓ પર શી અસર થશે! તમે માનો છો તેમ ફ્રેન્ચ લોકો આનંદી, હસમુખા અને ખુલ્લા દિલના તથા સ્વતંત્ર છે, તે તો તેમનો ઇતિહાસ જ બતાવે છે. અતિથિ-સન્માન તેમને પ્રિય છે. આથી જ ફ્રાન્સનાં નગરો તેમજ તેની વસાહતોમાં પરદેશની અનેક સરકારોના બંડખોર લોકોને, તેમના પણ રાજકીય, સામાજિક અને ધાર્મિક વિચારોની ગણના કર્યા સિવાય આશ્રય મળે છે. પણ અંગ્રેજોથી જુદો પાડતો તેમનો મુખ્ય ગુણ તો તેમનો નવીનતાનો પ્રેમ છે. જીવનની બધીજ પ્રવૃત્તિઓમાં ફ્રેન્ચોને નવું જ કરવું ગમે છે. આથી ઇંગ્લંડની માફક અમારે ત્યાં પ્રણાલિકા-પૂજા નથી.

ખરું કહીએ તો આજે ફ્રેન્ચ લોકો રંગીલા રહ્યા નથી. ભૌતિક જીવનની અસંખ્ય ચિંતાઓનો તેઓ પર આજે બોજો છે અને તેમના દેશનાં ભાવિની ચિંતા તેમાં વધારો કરે છે.

આન્દ્રેને ટિકીટો ભેગી કરવામાં ખાસ રસ નથી, એટલે તે માટે માફી ચાહું છું. અહીંની ખાસ પ્રસંગની ટિકિટો બધી ખપી ગઈ છે ને તેની પાસે કંઈ જ નથી; પણ શાળાનાં મિત્રો પાસેથી મેળવવાનું તેણે મને કહ્યું છે. અને તેમાં જો તે સફળ થશે તો ખુશીથી મોકલશે. હમણાં મોકલું છું તે તો સામાન્ય ટીકીટો જ છે. કેટલીક તો તમારી પાસે હશે જ; કેટલીક જૂની-૧૯૧૪ પહેલાંની છે; કેટલીક માર્શલ પેતાંની આયુદ્ધની ટિકીટો છે. બોર્ડિંગશાળામાં જતાં પહેલાં આન્દ્રેએ પોતાના મિત્ર પાસેથી તે મેળવેલી.

ટપાલીઓની હડતાળનું તમારું વર્ણન અમે રસપૂર્વક વાંચ્યું, કારણકે ગયા ઑગસ્ટમાં ફ્રાન્સમાં પણ આવીજ હડતાળ દસ દિવસ ચાલી હતી. તમારો કાગળ જુલાઈમાં રવાના થયો હોત તો પોસ્ટ ઑફિસમાં જ પડયો રહેતને?

મારી ભૂલો અને ખરાબ વાકયરચના માટે તમારી માફી ચાહું છું. પણ તમને જવાબ લખતાં તો એ નહિ અટકાવેને?!

મુંબઇમાં હમણાં ઋતુ કેવીક છે? અહીં તો હમણાં ત્રણ દિવસ સખ્ત ઠંડી પડી (−૫ ડિગ્રી). અને હવે વરસાદ શરૂ થયો છે. આવતા માર્ચ કે એપ્રિલ સુધીમાં અમને ભાગ્યે જ સૂર્યદર્શન થશે.

થોડા મહિના પહેલાં મેં એક કૅમેરા ખરીદેલો, (લડાઈમાં મેં બે ગુમાવેલા). પણ મને ફિલ્મ મળતી નથી. ફિલ્મ મળશે કે તરત જ આન્દ્રે તમને ફોટો મોકલશે.

પત્ર બંધ કરતાં પહેલાં તમને અને તમારા કુટુંબીઓને મારાં અભિનંદન

આઈ. લેમ્પેરીઓર I Lempereor

ઑસ્ટ્રેલિયાનાં પત્રમિત્રો

[મુંબાઈની મૉડર્ન સ્કૂલના પ્રિન્સિપલ અને અમારા મિત્ર શ્રી રમણ વકીલે નીચેનાં ઑસ્ટ્રેલિયન વિદ્યાર્થીઓનાં સરનામાં અમને મોકલ્યાં છે. પોતાની ઉમરનાં વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થિનીઓ સાથે પત્રમૈત્રી બાંધવા એ બધાં આતુર છે. પત્ર લખનારે પ્રિન્સિપલ, ધ મૉડર્ન સ્કૂલ, સિક્કાનગર, મુંબઈ-૪, નો તથા 'કુમાર' માસિકનો ઉલ્લેખ કરવો. પાકીટ ઉપર સાડાત્રણ આનાની ટિકિટ ચોડવી.]

(૧) John Alan Miller, N.S.W. Australia ઉમર વર્ષ ૧૭; (૨) Miss Margaret Tipper, ૨, Belmore Road, Lorn,

West Maitland N.S.W. Australia, ઉંમર વર્ષ ૧૪, માત્ર પોતાની ઉંમરની છોકરીઓની પત્રમૈત્રી ચાહે છે; (3) Robbin Barnet, Gladstone, Macleay River, N.S.W. Australia, ઉંમર વર્ષ ૧૦; (૪) Miss Marie Jordan, Robilliard Street, Westmead, N.S.W. Australia, વર્ષ ૧૪; (૫) Miss Joy Porter, 55, Myrtle Street, Bendigo, Victoria, Australia, વર્ષ ૧૬; (૬) Miss Margaret Waddell, Ellisland, Maitland Road, Singleton, N. S. W. Australia, વર્ષ ૧૬; (૭) Miss Joan Killen, Ogilvi Street, Denman, N.S.W. Australia, વર્ષ ૧૪; (૮) Miss Gladis Ashley, Chrinolin Street, Denman, N.S.W. Australia, વર્ષ ૧૪, માત્ર છોકરીઓની પત્રમૈત્રી ચાહે છે; (૯) Miss Dorothy Harrison, 8 Leonard Street, Hay, N.S.W. Australia, વર્ષ ૧૬; (૧૦) Miss Pamela Lobb, 17-A Sydney Street, Concord, N.S.W. Australia, વર્ષ ૧૬, કૅનેડા, ઇંગ્લંડ ને આર્જેનટીનામાં પત્રમિત્રો છે; હિંદુસ્તાન વિષે સામાન્ય માહિતી આપી શકે એવાં પત્રમિત્રો ચાહે છે; (૧૧) Miss Iren Schulstad, 57 Watson Street, Bondi, Sydney, N.S.W. Australia, વર્ષ ૧૬; (૧૨) Miss Joyce Deane, 39 Brady Street, Croydon, Sydney, N.S.W. Australia, વર્ષ ૧૪, પોતાની ઉંમરની છોકરીની પત્રમૈત્રી ચાહે છે; (૧૩) Malcolm Irving, 3 Taloombi Street, Cronulla, N.S.W. Australia, વર્ષ ૧૬; (૧૪) Ray Koval, 231 Bronte Road, Waverley, N.S.W. Australia વર્ષ ૧૫; (૧૫) Miss Betty Murphy, Cottage Hospithl, Balfour Street, Culcairn, N.S.W. Australia વર્ષ ૧૫; (૧૬) Paul Terry, 27 Grose Lane, Comperdown, Sydney, N.S.W. Australia વર્ષ ૧૪; (૧૭) John Dowe, 2 Denman Ave., Punchbowl, Sydney N.S.W. Australia વર્ષ ૧૫; (૧૮) Miss Romena Duxbury, 8 Donald Street, Homeville, Via West Maitland, N.S.W. Australia વર્ષ ૧૫; (૧૯) Miss Noreen Pearce, 30, Grove avenue, Beverley Hills, N.S.W. Australia, વર્ષ ૧૪; (૨૦) Miss Mary Ganning, Rural Bank, Mudgee, N. S. W. Australia, વર્ષ ૧૪; (૨૧) Miss May Manners, Elizabeth House, Main Rd. Austinmer, N.S.W. Australia, વર્ષ ૧૬; (૨૨) Miss Margaret Hannon, 30 Radio Avenue, Balgowlah, Sydney, N.S.W. Australia, વર્ષ ૧૪; (૨૩) Miss Valerie Gribble, 34 Railway Avenue, Austinmer, Sth. Coast, N S.W. Australia, વર્ષ ૧૪; (૨૪) Malcolm Lackie, Viticultural Nursery, Narara, N.S.W. Australia, વર્ષ ૧૩; (૨૫) Miss Lotte Raubitschek, 1 Rosyl Rd. Rushcutters Bay, N.S.W. Australia વર્ષ ૧૪; (૨૬) Miss Shirley Yonge, 138 Rankin Street, Forbes, N.S.W. Australia વર્ષ ૧૭, માત્ર છોકરીઓ સાથે પત્રમૈત્રી ચાહે છે; (૨૭) Miss Jean Wallace 2, Mt. Eden Flats, 73 Gardyne Street, Bronte, Sydney, Australia, વર્ષ ૧૫; (૨૮) Miss Margaret Weess, 153, Mann St. Armidale, N.S.W. Australia વર્ષ ૧૬; (૨૯) Miss Leonie Segol, Ladies' College, 110 Brown Street, Armidale N.S.W. Australia વર્ષ ૧૬; (૩૦) Miss Joan Faulknen, Charles Street, N. Manilla, Manilla, N. S. W. Australia વર્ષ ૧૫; (૩૧) Miss Dorothy Revie, 25 Rangers Road, Cremorne, N.S.W. Australia વર્ષ ૧૭; (૩૨) Miss Joan Dillon, Abajo, South Woy Woy, N.S.W. Australia વર્ષ ૧૬; (૩૩) Miss Noreen Cornell, 127 Ebley Street, Bondi Junction, Sydney, Australia વર્ષ ૧૪.

નવાં હિંદી પત્રમિત્રો

(૧) નિર્મળા ઘેલાણી, C/o અભેચંદ જગજીવન, જગમલ બ્લૉક, બિલાસપુર (આર.એસ., બી.એન.આર.); (૨-૩) કુસુમબેન ન. અમીન તથા અનુભાઈ ન. અમીન, લક્ષ્મી બિલ્ડિંગ, સુપ્રીમ સીનેમા પાછળ, વડોદરા; (૪) એન. પી. રાઓલ, C/o રા.સા. પી. એચ. રાઓલ, કમિશ્નર ઑવ પોલીસ, પોરબંદર; (૫) રીખવચંદ પોપટલાલ શાહ, મુ. રણુજ, સ્ટે. મણુંદરોડ, ઉ. ગુજરાત; (૬) નવીન જી. ત્રિવેદી, રામબાગ સોપ ફૅક્ટરી, રામતલાવ રોડ, કરાંચી; (૭) વનુ ગાંધી, નૂતન કુમાર નિકેતન, ઓખાઈ બજાર, માંડવી (કચ્છ); (૮) ચીનુભાઈ ડી. શાહ, સરસ્વતી છાત્રાલય, હરગોવિંદ ભુવન, સરખેજ રોડ, એલિસ બ્રિજ, અમદાવાદ; (૯) સૂર્યબાલા ગોસ્વામી, C/o બી. ડી. ગોસ્વામી, ભીમનાથ, શાહીબાગ, અમદાવાદ—માત્ર સ્ત્રી પત્રમિત્રો જ ચાહે છે; (૧૦) ચન્દ્રકાન્ત મધુસૂદન ઠક્કર, મણિલાલ મરચાંવાલા બિલ્ડિંગ, ખારગેઇટ, ભાવનગર; (૧૧) દિલીપરાય કાન્તિલાલ વ્યાસ, દીવાનપરા રોડ, ભાવનગર; (૧૨) નટવરલાલ મહીપતરામ જાની, તખ્તેશ્વર પ્લૉટ, ભાવનગર; (૧૩) ઇન્દુલાલ ઓચ્છવલાલ મહેતા, C/o મોહનલાલ ઝવેરદાસ, કાપડના વહેપારી, કાલોલ (પંચમહાલ); (૧૪) અબ્દુર્રહેમાન એમ. વહોરા, બહારપુરા, ખેડા; (૧૫) અનિલ, કૉન્ટ્રાકટર્સ બિલ્ડિંગ, રૂમ નં. ૫, સેકન્ડ ફ્લોર, નાનપુરા કોર્ટ સામે, સુરત; (૧૬) યશવંત ર. શાહ, કાળા મહેતાની ડેલી, ભૂજવાળે નાકે, માંડવી-કચ્છ; (૧૭) ઝવેરલાલ વીરચંદ ફોફળિયા, કેશુ વકીલની બાજુમાં, માંડવી-કચ્છ; (૧૮) સત્યપાલ મોતીલાલ સંઘવી, મોટી પક્ષના સ્થાનક પાસે, બારીવાળે નાકે, માંડવી-કચ્છ; (૧૯) હરિલાલ ચત્રભુજ વાયડા, નૂતન પ્રાથમિક શાળા, બારીવાળા નાકા બહાર, માંડવી-કચ્છ; (૨૦) યશવંતસિંહ કલ્યાણજી ટોપરાણી, કલ્યાણજી ચાંપશી, બંદર પાસે, માંડવી-કચ્છ; (૨૧) કાન્તિકુમાર કરસનદાસ દોશી, ધો.૫.અ; જી. ટી. હાઇસ્કુલ, માંડવી-કચ્છ; (૨૨) મનુભાઈ ત્રીકમલાલ મહેતા, મોટા સુતારવાડાની પોળ, ખાડિયા, અમદાવાદ; (૨૩) દેવેન્દ્રપ્રસાદ જી. ત્રિવેદી, પો. પ્રતાપનગર, સ્ટે. મહાખાડ, જી. બી. એસ. રેલવે; (૨૪) બાહુ રવ. શાહ, ઘાટની ચાલ, રૂમ નં. ૪૪, ગુલાલવાડી, મુંબાઇ-૪; (૨૫) પંકજ કોઠારી, ચુનીલાલ મહેતા જૈન વિદ્યાલય, ૧૯ મઝંબાન રોડ, કોટ, મુંબાઇ-૧; (૨૬) મનુભાઇ વસનજી દોશી, સરનામું ઉપર મુજબ; (૨૭) જયસુખ વી. મહેતા સરનામું ઉપર મુજબ જ; (૨૮) શાન્તિ દાણુકિયા, બી.એન. ભગોળ નિવાસ, બ્લૉક ૧૬, વિન્સેન્ટ રોડ, માટુંગા, મુંબાઇ-૧૯; (૨૯) સુરેશ સી. ઝવેરી, ૬૮ મરીન ડ્રાઇવ, મુંબાઇ-૧; (૩૦) જયંતીલાલ પુ. સોની, વેરાના મદ્રેસા પાસે, માંડવી-કચ્છ; (૩૧) મણિલાલ વેલજી કોઠારી, નવાપુરા, માંડવી-કચ્છ; (૩૨) મીનોચર હૉરમસજી કેલાવાળા, રૉયફીલ્ડ સ્ટ્રીટ, કોટ, ભરૂચ; (૩૩) ચંદ્રકુમાર કે. મોદી, સ્કુલ પાસે, વઢવાણ કૅમ્પ; (૩૪) મનુ C/o ભીખુભાઈ ર. ગોહિલ, ટાવર પાસે, વઢવાણ કૅમ્પ; (૩૫) મનુભાઇ, કે. ટી. મોદી વકીલ, વઢવાણ કૅમ્પ; (૩૬) હસમુખલાલ નાનાલાલ શાહ, શ્રી સચ્ચિદાનંદ વિહાર, રૂડાના વાડા, રાજમહેલ રોડ, વડોદરા; (૩૭) રાયજી શાહ, ચુનીલાલ જશરાજ શાહ, પોસ્ટ ઑફિસ, વઢવાણ કૅમ્પ; (૩૮) કે. આર. મહેતા, એન. ટી. એમ. હાઈસ્કૂલ, ધો. ૪બ, વઢવાણ કૅમ્પ.

(૩૯) કિશોરકુમાર કુંદાણી, રૂમ ૪, એલ. આર. જૈન બોર્ડિંગ, આઈસ્ક્રૅકટરી પાસે, અમદાવાદ-૬; (૪૦) શ્રી તેજ, સરનામું ઉપર મુજબ જ; (૪૧) અમૃત એલ. વોરા, જૈન બોર્ડિંગ, માટુંગા, જી. આઇ. પી.; મુંબાઈ-૧૯; (૪૨) શ્યામકુમાર વી. ગાલા, સરનામું ઉપર મુજબ જ; (૪૩) ચન્દ્રકમલ, એસ. એન. શાહ, રૂમ ૭, દેશળ બજાર, ભાઈજીવાળા બિલ્ડિંગ, કરાંચી-૧; (૪૪) નરોત્તમ તન્ના, પી. મનજી હૉસ્ટેલ, જામ-ખંભાળિયા, કાઠિયાવાડ; (૪૫) જયસુખ જાની, ધીરજલાલ નથુરામ, ભાટની આંબલી, આણંદા બાવાનો ચકલો, જામનગર; (૪૬) કૃષ્ણકુમાર કનૈયાલાલ પંડિત, ગોરાવાડી, પાલીતાણા; (૪૭) બાબુ કાનજીભાઇ પટેલ, C/o સ્ટેટ એન્જીનીઅર, પાલીતાણા; (૪૮) શશીકાન્ત બી. રસણિયા, ૩૪૧ ચાંલ્લાઓળ, માણેકચોક, અમદાવાદ; (૪૯) એમ. એ. શાહ, C/o અમીચંદ સી. શાહ, વકીલ, વઢવાણ કૅમ્પ; (૫૦) એમ. એમ. શાહ, C/o એમ. એ. શાહ, કનક વિલાસ, જેલ રોડ, વઢવાણ કૅમ્પ; (૫૧) જયસુખ જગમોહનદાસ શાહ, બી.એસસી., શેઠ ખડકી, જંબુસર, ભરૂચ; (૫૨) કનૈયાલાલ જેઠાલાલ શાહ, (ડિપ. મૉન્ટ.) ૧૭૫૫ નવા તળિયાની પોળ, લુણસાવાડા, દરિયાપુર, અમદાવાદ.

જીતની યાદ

શેરશાહે હુમાયૂં પર જીત મેળવી હતી. એની ખુશાલીનો દરબાર હતો.

કવિઓએ કલ્પનારંગી કવિતાઓ કરી. સંગીતકારે દિલ ઝણઝણાવે એવું ગાયું અને બજાવ્યું. અપ્સરાસમ નર્તિકાઓએ મુગ્ધ કરી નાખે એવાં નૃત્યો કર્યાં. લોકો વાહવાહ કરી ઊઠયા.

કવિતા સુંદરતમ હતી. સંગીત આસમાની હતું. નૃત્ય ઈંદ્રદરબાર જેવું હતું. લોકો ખુશખુશાલ હતા.

કવિતા પૂરી થઈ. સંગીત પૂરું થયું. નૃત્ય પણ પૂરું થયું.

ન્યાયની શરૂઆત થઇ. ખુશાલીના દરબારમાં ન્યાયની પકડ ઢીલી મુકાઇ. ઘણાને છોડી મૂકવામાં આવ્યા. થોડાને નામની સજા થઈ. દરબારમાં એક વધુ ખુશાલી વ્યાપી ગઈ.

વફાદારોની કદર થઇ. ઈનામો વહેંચાયાં. પઠાણોને, મુઘલોને અને હિંદુઓને પણ.

લડાઇમાં મરેલાઓને માટે દુવા પોકારાઈ. દરબાર એક ક્ષણ શાંત રહ્યો.

કવિઓએ મએલાઓને બિરદાવ્યા. મુલ્લાંએ બંદગી કરી. પંડિતજી થોડા મંત્રો ભણ્યા. સંગીતકારે મરનારને બિહાગની ઢબમાં ગાયો. સભાએ મૂઢ થઇ જોયા જ કર્યું.

રાજા પ્રજાને આપી રહ્યો. હવે પ્રજાનો વારો આવ્યો.

નબળા ખંડણિયાઓએ કુર્નિશ બજાવી વફાદારીના સોગંદ લીધા ને નજરાણાં ધર્યાં. સૈન્યે સલામી આપી. નગરશેઠે સમસ્ત પ્રજા તરફથી આવકાર આપી નજરાણું ધર્યું. બીજાં પણ ઘણાંઓએ ભેટો ધરી.

સેનાપતિ ઊભો થયો. મોં એનું મલકતું હતું. આંખોમાં આશા હતી. ગર્વથી ઊંચી થએલી ગરદન નમાવી એણે ભેટ ધરવા આજ્ઞા માગી.

આજ્ઞા મળી. દરબાર સ્તબ્ધ થઇ જિજ્ઞાસાથી જોઈ રહ્યો.

નજરાણું હાજર થયું. શું હતું એ?

સોનારૂપાના દાગીના? હીરામાણેક? કોઇ નવી અદ્‌ભુત વસ્તુ?

… ના—એક સ્વરૂપવાન યુવતી. નિરાશ વદન અને વેરવિખેર વસ્ત્રોવાળી. છતાં એનું સ્વરૂપ ઢાંકયું નહોતું રહેતું. એ હતી હુમાયૂંની એક બેગમ.

શેરશાહ ઊભો થયો. એની આંખો લાલ હતી. મોં નમ્ર હતું અને ઉપર શરમ છવાએલી હતી.

એણે યુવતીને સંબોધી: 'બેન!'

'મને શરમ આવે છે કે મારા સેનાપતિએ આવું કૃત્ય કર્યું. આજના દરબારની યાદગીરી શું આવા કૃત્યથી રહેશે? વઝીરજી, આજની યાદમાં એક મકબરો ચણાવો—મારે માટે, કે જેથી મને સદા યાદ રહે કે મારે એકદા જવું છે—ખુદાને જવાબ આપવા. જેથી દરેક કામ કરતાં હું વિચાર કરૂં. બેનને જયાં જવું હોય ત્યાં પહોંચાડી દો.'

દરબાર હજુ પણ સ્તબ્ધ હતો. 'ભજન'

કસોટી

બુદ્ધિને કસતા થોડા પ્રશ્નો આ નીચે આપ્યા છે. તમે ઉકેલી ન શકો તો જવાબો આ નીચે અવળા છાપ્યા છે.

(૧) ત્રણ બહેનો તુવેર ફોલવા બેઠી; અને સાથે ફોલવાથી કંટાળો આવતાં ઢગલાના ચાર સરખા ભાગ પાડી નાખ્યા. કમુ પોતાનો ઢગલો પંદર મિનિટમાં ફોલી રહી; રૂખીએ તેનાથી અરધા જ વખતમાં પોતાનો ઢગલો પૂરો કર્યો, જ્યારે મંગુએ તો, કમુ ને રૂખી બંને મળીને ફોલે તેટલા વખતમાં પોતાનો ઢગલો ફોલી કાઢયો. પછી ચોથો ઢગલો ત્રણે સાથે ફોલવા બેઠી. તો એ ફોલતાં તેમને કેટલો વખત લાગ્યો હશે?



(૨) આપણી કવિતાની એક જાણીતી કડી આ ચક્રમાં ગોઠવાએલી છે. શોધી શકશો?

(૩) નીચેનાં પુસ્તકોમાંથી બે સિવાયનાં બીજાં બધાં શ્રી કનૈયાલાલ મુનશીનાં લખેલાં છે. એ બે કયાં? ગુજરાતનો નાથ, સ્વપ્નદ્રષ્ટા, પાટણની પ્રભુતા, મારી કમળા, ગુજરાતનો જય, ભગવાન કૌટિલ્ય, કોનો વાંક?, ચૌલાદેવી, રાજાધિરાજ.

(૪) નીચેના આંકડા અમુક પ્રગતિક્રમથી ગોઠવ્યા છે. એ ક્રમ શોધીને તમે ખાલી સ્થાનના આંકડાઓ મૂકી શકશો? ૧,૨,૪,૭ —,—,—,૨૯.

(૫) આ નીચે અમુક ભૌગોલિક નામ તથા પૃથ્વીપરનાં તેનાં સ્થાન સેળભેળ કરીને મૂકયાં છે. કયું કયાં આવ્યું તે કહી શકશો?

ક–કાસ્પીઅન સમુદ્ર	ચીનની ઉત્તરે
ખ–જમાઈકા	દક્ષિણ યુનાઇટેડ સ્ટેટ્સમાં
ગ–વ્લાડીવૉસ્ટૉક	હંગેરીની રાજધાની
ઘ–ગોબીનું રણ	રશિયા ને ઈરાનની વચ્ચે
ઙ–બ્યૂડાપેસ્ટ	મેકસિકોના અખાતના મુખ પાસે
ચ–ટેકસાસ	રશિયાના પૂર્વકિનારે

ઉત્તરો: (૧) કમુ ૧ મિનિટમાં પોતના ઢગલાનો $\frac{1}{15}$ ભાગ ફોલી શકેલી, રૂખી $\frac{2}{15}$ ભાગ ફોલી શકી અને મંગુ $\frac{3}{15}$ ભાગ. આથી ચોથા ઢગલા પર ત્રણે સાથે મળતાં એક મિનિટમાં $\frac{6}{15}$ ભાગ ફોલી શકે. એટલે આખો ઢગલો $2\frac{1}{2}$ મિનિટમાં પૂરો કરે. (૨) હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને. 'હ' થી શરૂ કરીને એક એક અક્ષર છોડતા જઇ વાંચવાથી ઉકેલી શકાશે. (૩) ગુજરાતનો જય, ચૌલાદેવી. (૪) ૧૧,૧૬,૨૨. અંકાનુક્રમે અંકો જ એક પછી એક ઉમેરેલા છે. (૫) 'ક'નું સ્થાન 'ઘ'માં બતાવ્યા મુજબ; 'ખ'નું 'ઙ' મુજબ; 'ગ'નું 'ચ' પ્રમાણે; ઘ–ક; ઙ–ગ; ચ–ખ

ડેન્માર્કનો મુસાફર (અનુસંધાન પાછળ પૃ. ૯થી)

ડૉક્ટર: મારે અહીં રહેવું છે.

હાવેન: હું નક્કી કરું તેમ થાય.

ડૉક્ટર: હું દિલગીર છું.

હાવેન: એટલે?

ડૉક્ટર: તબિયત સારી નથી.

કાર્સ્ટન: કેમ, કંઇ થયું?

સ્વીડ: તો અમે બેત્રણ દિવસ રોકાઈશું; એમાં શું?

ડચ: હા જરૂર. કંઇ એકલો મુકાય?

હાવેન: દિલગીર છું, ક્રેમર! પણ તને એકલો મૂકીને અમે નહિ જઇએ, હો. સારું થયા પછી જ જઇશું. બ્હીશ ના.

ડૉક્ટર: ના, ના. તમારે તમારું કામ પડતું ન મૂકવું જોઇએ. મને એકાદ અઠવાડિયામાં ઠીક થઈ જશે.

હાવેન: પણ તને થયું છે શું એ તો કહે.

ડૉક્ટર: મને ખબર નથી.

હાવેન: એટલે?

કાર્સ્ટન: તું પણ યાર કંઈ ગૂઢ આદમી છે!

ડચ: કાલ રાત સુધી તો ઘોડા જેવો હતો!

સ્વીડ: અને અત્યારે પણ ખાસ્સો ઘોડો જ લાગે છે.

કાર્સ્ટન: ક્રેમર! કહે તો ખરો યાર.

ડૉક્ટર: ખાસ કંઈ જ નથી. મને ન પૂછશો એટલું ઈચ્છું છું.

હાવેન: (સત્તાથી) ક્રેમર! બહુ થયું હવે. ચાલ, સીધી વાત કર. શું થયું છે? હું તારા ઉપરી તરીકે હવે પૂછું છું.

[ક્રેમર ઊભો થઈ જાય છે અને છટાથી ઉપરી હાવેનને સલામ કરે છે.]

ડૉક્ટર: સાહેબ! હું આવી શકું તેમ નથી.

હાવેન: (સત્તાથી) કેમ?

[ક્રેમર માથું નીચું નાખીને ઊભો રહે છે.]

હાવેન: (સત્તાથી) મારો હુકમ છે, બોલ.

ડૉક્ટર: હું આપને એકલાને જણાવીશ.

હાવેન: ગૃહસ્થો તમે બધા બેસો. ક્રેમર! ચાલ બહાર.

[હાવેન અને ક્રેમર બહાર જાય છે.]

સ્વીડ: ખરો ભાઈ! આ પણ કમાલ છે!

ડચ: ખસી તો નહિ ગયું હોય?

કાર્સ્ટન: ભાઇઓ! મને લાગે છે કે રાતમાં કંઈક બન્યું છે.

સ્વીડ: લ્યો! એમાં તે કયો નવો પ્રકાશ નાખ્યો?

ડચ: રાતમાં શું બને? સ્વપ્નાં આવે, બીજું શું?

કાર્સ્ટન: પણ સ્વપ્નાંમાં ખાનગી રાખવાનું શું હોય! મને કંઇ તે બેસતું નથી.

સ્વીડ: અરે છોડ ખ્યાલ. ગમે તે હોય.

[હાવેન અને ક્રેમર દાખલ થાય છે. બંને ગંભીર દેખાય છે.]

હાવેન: ગૃહસ્થો! ડૉક્ટર ક્રેમર આપણી સાથે આવી શકે તેમ નથી. મને તેની પૂરી ખાત્રી થઈ છે. આપણે સૌએ પોતપોતાના કાર્યક્રમ પ્રમાણે આજે મુસાફરી આરંભવી. બસ ગૃહસ્થો, આપ પોતપોતાના કામે લાગી શકો છો.

પડદો

દૃશ્ય ચોથું

સ્થળ: વહાણની કૅબિન.

સમય: બે વર્ષ પછી.

પાત્રો: હાવેન તથા કાર્સ્ટન.

[કાર્સ્ટન મજૂરો પાસે સામાન ગોઠવાવતો ને પૈસા ચુકવતો ઊભો છે. વહાણનો ઘંટ વાગે છે. એટલામાં એક સ્ટ્રેચરમાં બીમાર હાવેનને કૅબિનમાં લાવવામાં આવે છે. હાવેન પથારીમાં ગોઠવાય છે. ઘંટ ફરી વાગે છે. વહાણ ઊપડે છે.]

*

હાવેન: કાર્સ્ટન! વહાણ ઊપડ્યું? ઊપડ્યું લાગે છે. લગાર પૉર્ટ હોલ ખોલીશ? થૅન્ક યૂ, થૅન્ક યૂ. હા . . . શ કાર્સ્ટન! આખરે મિસર છોડ્યું આપણે! પણ ભારે હૈયે, કપાતે હૃદયે! હસમુખો, આનંદી, બોલકણો બીચારો ક્રેમર! ને પેલા સ્વીડ ને ડચ પ્રોફેસરો! કાળિયા આઝાર, તને કોઈ બીજું ન મળ્યું કે તેં એ બાપડાઓને માર્યા! બીચારો ક્રેમર! કાર્સ્ટન! આ તે સમુદ્રનાં મોજાં વહાણને અથડાય છે કે ક્રેમરના મુક્ત હાસ્યનાં મોજાં! કાર્સ્ટન, ભાઇ, આ પૉર્ટ હોલ બંધ કર. મારાથી પવન નથી ખમાતો.

[આંખો મીંચી દે છે. કાર્સ્ટન પૉર્ટ હોલ બંધ કરે છે.]

કાર્સ્ટન: હાવેન! બંને પ્રોફેસરોની ચીજો ને ડાયરીઓ વગેરે બધું મેં સાથે લીધું છે. તમારી સૂચના મુજબ ડેન્માર્ક પાછું નથી મોકલ્યું.

હાવેન: હેં? કેમ વારુ?

કાર્સ્ટન: એ જ એમના જાણે પ્રતિનિધિઓ ન હોય, એમ એ જોઇને એમની સાથે મૂક વાર્તાલાપો કરીશું. એમની બંનેની પત્નીઓને મેં ખબર આપી છે.

હાવેન: કાર્સ્ટન મારી પત્નીને પણ તું ખબર આપીશ ને? અને કાર્સ્ટન! મારાં નાનકડાં કાર્લ ને આના!

કાર્સ્ટન: એવું શું બોલો છો મુરબ્બી! તમને કાંઇ જ થવાનું નથી.

હાવેન: (હસીને) ગાંડા રે ગાંડા! આ જીવલેણ કાળિયો તાવ મને નથી મૂકવાનો. મને એ છેતરી શકે તેમ નથી. કાર્સ્ટન! તું બાકીની મુસાફરી એકલો પણ પૂરી કરજે. અને ભાઇ! ઉપાડેલું પ્રાણાંતે પણ મૂકતો નહિ. ફ્રેડરિકને મારું વચન છે. અને મારું વચન તે તારું પણ વચન. કાર્સ્ટન, લગાર પૉર્ટ હોલ ખોલી નાખ ભાઇ! હું તો તાપે બળી રહ્યો છું. આ કમબખ્ત કાળો આઝાર તો મને પૂરો કરશે ત્યારે જ જંપશે. અરેરે. મારી કૅથરીન ને મારાં નાનકડાં કાર્લ ને આના! (હસીને) હાવેન, કંઇ નહિ. તેં હાઇરોગ્લિફિક લિપિ ને મેમ્ફિસ તથા થીબીસના કોયડા ઉકેલ્યા છે. સુખેથી મર. કાળિયા આઝાર! સુખેથી મને સંહાર.

કાર્સ્ટન: (પૉર્ટ હોલ ખોલતો) હાવેન! તમે લગાર શાંતિથી સૂઇ રહો.

હાવેન: ભલે, પણ તે પહેલાં આટલું સાંભળ. મારી નોંધપોથીઓ, ટિપ્પણો એ બધું જીવ સાટે સાચવજે. અને ભાઈ! તારી તબિયત પણ ખૂબ સંભાળજે. તારે જ માથે હવે બધો ભાર છે.

કાર્સ્ટન: એવું ના બોલશો મુરબ્બી! તમને કશું જ નથી થવાનું.

હાવેન: કાર્સ્ટન! હું તારા હાથમાં નથી, કાળા આઝારના હાથમાં છું, ભાઈ! એ તારું માને તેવો નથી. ને તેને કંઈ મારી પત્ની કે મારાં નાનકડાં કાર્લ ને આનાની પણ દયા આવવાની નથી. કાર્સ્ટન! તું હિંદથી પાછો ફરે ત્યારે મારાં કાર્લ ને આના સારુ જરૂર રમકડાં લઇ જજે. (હસીને) કાર્લ કહે, ડૅડી, મારે માટે સિંહ ને વાઘ ને હાથી લાવજો! ને આના કહે, ડૅડી, મારે માટે પરીઓ ને પરી-

એનો મહેલ લેતા આવજે! કાર્સ્ટન, ભાઈ! એટલું ભૂલીશ નહિ. અરે, પણ કાર્લ ને આના તો ત્યારે મોટાં યે થઈ ગયાં હશે! મારા મનમાં કે હું એકાદ વરસમાં પાછો ફરીશ! (હાવેનની આંખો આંસુથી ઉભરાય છે) કાર્સ્ટન! લગાર પૉર્ટ હોલ બંધ કર ને ભાઇ! મને ટાઢ ચડી ગઇ છે.

કાર્સ્ટન: (પૉર્ટ હોલ બંધ કરતો) મુરબ્બી, આપ જરા આરામથી સૂઇ જાઓ: આપને કશું જ થવાનું નથી.

હાવેન: એ તો તું કહે છે, કાળિયો આઝાર નહિ. કાર્સ્ટન! મિસરમાં સેંકડો મુડદાં જોયા પછી મૃત્યુની સાથે તો મને મહોબ્બત થઈ છે. ખરે, મૃત્યુની મને બીક નથી. પણ મારી પત્ની ને મારાં નાનકડાં કાર્લ ને આના મને ખૂબ સંભારશે ને રડશે તેની બીક છે.

કાર્સ્ટન: હાવેન! તમે જરા શાંતિથી સૂઈ રહો.

હાવેન: હા; પણ લગાર પૉર્ટ હોલ ખોલી નાખ. હું તો પરસેવે રેબઝેબ થયો છું. અને સૂઇ જાઉં તે પહેલાં એક કાગળ લખાવું તે લખ.

કાર્સ્ટન: (પૉર્ટ હોલ ખોલતો) જરૂર, ફરમાવો.

હાવેન: 'મારી પ્રિય કૅથરીન તથા મારાં વહાલાં કાર્લ અને આના! મારી તબિયત સારી છે. અને કાર્લ ને આના! તમારાં રમકડાં મેં લીધાં છે. કાર્લ! તારો સિંહ તો ભાઇ બહુ બીહામણો ને જબરો! એની ગરદને તો વાળના જાણે ઢગલેઢગલા છે. આના, તારી પરીઓ તો, દોસ્ત, એવી સરસ છે, કે હું તેમની સાથે રોજ વાતો કરું છું. અને તેઓ મને રોજ પૂછે છે કે આના ક્યાં છે? તમે બંને મને રોજ ખૂબ ખૂબ ખૂબ સંભારજો ને હવે . . . .' (હાવેનથી બોલી શકાતું નથી. તેનું ગળું ભરાઇ જાય છે અને આંખો આંસુથી ઉભરાય છે.) કાર્સ્ટન! મારી સહી કરાવ.

[કાર્સ્ટન કાગળ આપે છે. તે ઉપર હાવેન ધ્રૂજતે હાથે સહી કરે છે.]

કાર્સ્ટન: પ્રોફેસર! આપ હવે સૂઈ જાઓ.

હાવેન: કાર્સ્ટન! મારાં કાર્લ ને આના મને છોડતાં નથી.

કાર્સ્ટન: હાવેન ગભરાશો નહિ, હું છું. શાંતિ રાખો, મુરબ્બી.

હાવેન: કાર્સ્ટન! આવજે ભાઇ. ને (ઘણું ધીમેથી) કાલથી તું કદાચ એકલો હશે. મારું શબ તારા હાથે જ સમુદ્રને સ્વાધીન કરજે. ને ભાઈ! મારાં કાર્લ ને આનાને ભૂલીશ નહિ. આવજે. હવે સૂઇ જા. (કાર્સ્ટનની આંખોમાં અશ્રુ ઉભરાય છે.)

[સ્ટેજ પર એક મિનિટ અંધારું થઈ જાય છે. પછી પ્રકાશ પડે છે. પ્રકાશમાં કાર્સ્ટન પથારીમાંથી આળસ મરડી ઊભો થતો લાગે છે.]

કાર્સ્ટન: ગુડ મૉર્નિંગ પ્રોફેસર! (જવાબ મળતો નથી. કાર્સ્ટન પાસે જાય છે. ચાદર ઉઘાડે છે. નાડી પકડે છે. અરધી મિનિટ પછી ઘૂંટણીએ પડી બે હાથનો ક્રૉસ કરે છે. પડદો ધીમેધીમે પડે છે.)

દશ્ય પાંચમું

સ્થળ: મુંબાઈમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીની ઑફિસ
સમય: છ માસ પછી
પાત્રો: કંપનીનો એક અંગ્રેજ કારકુન અને કાર્સ્ટન

*

કારકુન: આ તો વેપારીઓનું રાજ છે. એક બાજુ વેપાર થાય ને બીજી બાજુ અમલદારી યે થાય. શું સમજ્યા સાહેબ?

કાર્સ્ટન: એટલું સમજ્યો કે વેપારી તરીકે ચૂસવાનું ને અમલદાર તરીકે લૂટવાનું.

કારકુન: તદ્દન તો સાચું નહિ, પણ કંઈક એવું ખરું. જોકે હવે તો ગવર્નરની કાઉન્સિલમાં વેપારીઓની જગ્યાએ લશ્કરી અમલદારો સભ્યો તરીકે આવશે એવી ખબર આવી છે. વળી ખુદ ગવર્નર પણ લશ્કરી અમલદાર જ હશે.

કાર્સ્ટન: કંપનીના નોકરોને પગાર કેવોક મળે છે?

કારકુન: પેટ પૂરતો તો નહિ જ.

કાર્સ્ટન: પણ બધા રહો છો તો દોરદમામથી, રાજાઠાઠથી.

કારકુન: કેમ વારુ ન રહીએ? અમે કંપનીના નોકર તેથી કંઇ વેપારી મટી જઈએ છીએ? અંગ્રેજ બચ્ચો જન્મથી જ વેપારી. શું સમજ્યા સાહેબ?

કાર્સ્ટન: પણ નોકરી અને વેપાર સાથે તો નથી કરતા ને?

કારકુન: કેમ વારુ નહિ? એ જ ખૂબી છે. અહીં તો વેપાર કરાય માટે જ નોકરી કરાય છે, દેશમાં બૈરાંછોકરાં છે હો કે! ને ન હોય તો યે વાંઢા જન્મ્યા તે કંઇ વાંઢા મરવા માટે નહિ, શું સમજ્યા સાહેબ?

કાર્સ્ટન: પણ આ તો તમે એક નહિ પણ અગિયાર પરણેતરને પોસી શકો તેવા રસ્તા શોધ્યા છે! પણ વેપાર શેનો અને ક્યાં, અને કોની સાથે કરો છો તે તો કહો.

કારકુન: શું મારા સાહેબ! કેપ ઑવ ગુડ હોપથી તે છેક ચીન સુધી. અમારા વગર ચીનાઓને અફીણ ન મળત, ને અફીણ વગર તેઓ બીચારા પગ ઘસતા મરી જાત. શું સમજ્યા સાહેબ?

કાર્સ્ટન: વાહ, વાહ. ચીનાઓને જીવાડયા ને તમે પણ જીવ્યા!

કારકુન: અને જીવીશું. ચીનાઓના અમને આશીર્વાદ છે.

કાર્સ્ટન: તમારાં ગજવાંમાં તો, ભાઈ, કાવડિયાં કૂદકૂદા કરતાં હશે? કેટલાક બનાવ્યા?

કારકુન: એ તો ઠીક છે મારા સાહેબ. પણ એક વહાણનો દરજી ૧૭૬૦માં આવ્યો ને પાંચ વરસે પાછો ફર્યો ત્યારે શું ધારો છો? સોના-ચાંદીના દાગીના તથા વાસણો ને પાંચ લાખ રોકડા હતા! અને એ તો દરજી હતો. અને લખનૌના અંગ્રેજ ધાંયજાએ નવાબની હજામતમાંથી પાંચ લાખ કર્યા છે, શું સમજ્યા સાહેબ? અને કલકત્તાની અમારી ઑફિસના કારકુનો તો નાચ પાર્ટીઓ આપે છે. 'નાચ' શું એ ખબર છે? ડઝન દેશી સ્ત્રીઓ કાને, નાકે, હાથે તથા ગળે સોને ને હીરે શોભતી નાચે. શું સમજ્યા સાહેબ?

કાર્સ્ટન: સમજ્યા, ભઈલા, સમજ્યા! પણ તમારા ખરચા કેટલા છે તે તો જણાવો.

કારકુન: મારો પગાર દોઢસો છે, ખરચ સાડા છસો છે. હું તો કંજૂસિયો છું. કંઈ બહુ ખરચ નથી કરતો. શું સમજ્યા સાહેબ?

કાર્સ્ટન: સમજવું કઠણ છે. બાકીના પાંચસો ક્યાંથી લાવો છો તે જણાવ્યા પહેલાં સાડા છસો ક્યાં નાખો છો તે લગાર જણાવો.

કારકુન: સદ્‌ગૃહસ્થને કશું સંતાડવાનું હોય નહિ. સાંભળો, નોકરોના પગારમાં દોઢસો, ઘરભાડાના દોઢસો અને બાકીના સાડા ત્રણસો ખાવું પીવું પરચુરણ. શું સમજ્યા સાહેબ?

કાર્સ્ટન: કશું જ નહિ. વિગતો આપો. તે વગર શું સમજ્યા, શું સમજ્યા, ન પૂછો.

કારકુન: સાંભળો: વીસ મહેતાને, દસ ઘર ચલાવનારને, ચાર બજારના નોકરને, આઠ બે પીરસનારાઓને, આઠ રસોઇયાને, બે તેને મદદ કરનાર છોકરાને, આઠ ચિઠ્ઠીચપાટી લાવનાર લઈ જનાર બે નોકરોને, ચાર બારણે ઊભો રહેનાર નોકરને, બત્રીસ પાલખી ઉપાડનાર આઠ નોકરોને, ચાર હુક્કા તૈયાર કરનારને, ચાર ઝાડુ કાઢનારીને, છ ઘોડાવાળાને, ચાર ઘાસ કાપનારને . . .

કાર્ટન : નથી સાંભળવું, બહુ થયું. કંપનીના હજાર માણસો ઉપર આખા હિંદુસ્તાનની વસ્તી ખડે પગે ઊભી રહે તો પણ ઓછી પડે! તમારા હાથપગ હલાવનાર ન ગણાવ્યા તે રહી ગયું! તમારી આ જરૂરિયાતો જાણ્યા પછી તમારા ઉપરીની, તેના ઉપરીની અને ખુદ ગવર્નરની જરૂરિયાતો પણ જાણવાની હવે બાકી રહેતી નથી.

કારકુન : પણ સાહેબ, મેં તો કહ્યું કે હું તો કંજૂસિયો ઠર્યો છું એટલે મને બીજા શોખ નથી. મારા જોડીદારોને તો બીજા યે ખરચા છે.

કાર્ટન : એમ? બોલો, રહી ના જાય.

કારકુન : રખાત; એટલે કે પરણેતર નહિ, પણ પરણેતરથી યે વધારે. પરણેતર એટલી મોંઘી નહિ. એનો દરમાયો, વત્તા ત્રણ દાસીઓનાં ખરચ, વત્તા પાનપટ્ટી, વત્તા કપડાંલત્તાં તથા જોડાજૂડી, વત્તા ઘરેણાં! ખારસા સો જુદા. શું સમજ્યા સાહેબ?

કાર્ટન : કશું જ નહિ.

કારકુન : ધીમેધીમે સમજશો, અહીં થોડો વખત રહ્યા પછી.

કાર્ટન : વહેલા મરવાના બધા જ ઇલાજો જાણ્યા.

કારકુન : ના મારા સાહેબ. આ ગરમ મુલકમાં ખૂબ દારૂ, અને તે પણ ભારે જેવો ફિરંગી દારૂ, અને ખૂબ માંસ એ રહી ગયાં.

કાર્ટન : તમે કેટલું જીવવાનો 'પ્લાન' ઘડ્યો છે?

કારકુન : આપણે તો સાહેબ! રહ્યા સીધાસાદા. આપણું લીવર તથા બીજું બધું સાજુંસમું, એટલે આપણે તો કમનસીબે લાંબું જીવવાનું લાગે છે.

કાર્ટન : એ માટે દિલગીર છું. ચાલો, હવે કહો કે લોકો કેવા છે.

કારકુન : ઘણા સારા. ભલાભોળા. ધર્મી ઘણા, પણ ટંટાફિસાદ જરા યે નહિ. પોતપોતાને રસ્તે. મુસલમાન મુસલમાનનું સરઘસ કાઢે, હિંદુ હિંદુનું. ને વાજંત્રો વાગે. પણ સાહેબ, આપણા મુલક જેવા ધર્મના ઝગડા અહીં ન મળે. હિંદુના તહેવારમાં મુસલમાન પણ ભળે, પારસી પણ ભળે, ખ્રિસ્તી પણ ભળે, અને હિંદુ એમનામાં ભળે.

કાર્ટન : આ હિંદુ તે પેલા મૂર્તિઓ પૂજે છે તે ને?

કારકુન : એ તો સાહેબ આપણે કંઈ ન જાણીએ. ગમે તે પૂજતા હોય. પણ લોકો મિજાજના બહુ સારા. મહેનતુ, નમ્ર ને સદ્‌ગુણી. બીજું શું જોઇએ? મરતાને મેર ન કહે ને પડતાને પાટુ ન મારે. કોઇનું બૂરું ન કરે. જોકે હિંદુ હિંદુ સિવાય કોઇનું ખાયપીએ નહિ. પણ એમાં યે પાછી નાતજાતો ને એમાં યે પાછા વાડા! પણ સાહેબ, આપણે કાંઇ સમજીએ નહિ. એટલું જ સમજીએ કે લોક ભલો, ભોળો, સાદો, સીધો. અમને અંગ્રેજોને તો એ લોક ઘણો ગમે છે.

કાર્ટન : પણ એ નાતજાત શું છે?

કારકુન : કહ્યું તો ખરું કે એ કંઈ આપણે ન સમજીએ હિંદુઓ ખુદ પણ કદાચ નહિ સમજતા હોય. કંઇ ચાર જાત છે. પહેલો બ્રાહ્મણ આવે, બીજો ક્ષત્રી, એવુંતેવું કંઇ છે. જે આ દેશમાં ચડે ઘોડે આવીને જીત્યો તે ઊંચો, એમ કંઈક હશે.

કાર્ટન : પણ તમે તો રાજકર્તા છો; તો કહોને કે અમે પણ બ્રાહ્મણ-ક્ષત્રી.

કારકુન : હા એ ખરૂં. પણ હવે એમણે મેમ્બરશિપ બંધ કરી લાગે છે! હવે તો બ્રાહ્મણને ઘેર જન્મ્યો તે બ્રાહ્મણ, ક્ષત્રીને ઘેર પાક્યો તે ક્ષત્રી.

કાર્ટન : તમે વાંધો ઉઠાવોને. તમે તો રાજકર્તા છો.

કારકુન : ના રે સાહેબ, એવો ક્યાં વખત છે? અમે અમારે છો રહ્યા વેપારી. બ્રાહ્મણક્ષત્રી થઇને પણ વેપલા જ કરવાના છે ને! પણ કહો તો ખરા કે આ દેશ અને આ લોક તમને કેવા લાગ્યા?

કાર્ટન : એક તો એ કે આ દેશને કોઈ જીતી શકશે નહિ. બીજું એ કે આ દેશની સંસ્કૃતિમાંથી આખી દુનિયાને યુગેયુગે પ્રેરણા મળ્યા કરશે.

કારકુન : તમે તો સાહેબ, આવી ભારે વાતો કરો તેમાં મારા જેવાને કશી ગમ ન પડે. હું તો એટલું માનું કે આ દેશમાંથી પૈસો ઘણો બનાવી શકાય. શું સમજ્યા સાહેબ?

કાર્ટન : ખરૂં. પણ શું વ્યક્તિ કે શું પ્રજા, એકલા પૈસાથી નથી જીવી શકતી. રોટલો તો માણસ ને પશુ બંનેને જાડોપાતળો મળી રહે છે.

કારકુન : ઠીક સાહેબ ઠીક, પણ કપડાંનું શું?

કાર્ટન : હા, મનુષ્ય કપડાં પહેરે છે; પણ તેથી કંઈ તે જીવતો નથી.

કારકુન : શું બોલ્યા મહેરબાન! ઇસ્ટ ઇંડિયા કંપની કપડાંથી જીવે છે.

કાર્ટન : કબૂલ, ઇસ્ટ ઇંડિયા કંપની એક નહિ પણ ઘણી ચીજોથી હસ્તી ધરાવે છે; સિવાય કે સંસ્કૃતિ.

કારકુન : તમે તમારે ભરડ્યે રાખો. તમારા વિચારોથી મને કે કંપનીને કશો વાંધો આવવાનો નથી. કંપનીના નફાનું આ પત્રક જોયું?

કાર્ટન : તમારી કંપની કાયદાની ઓથે જે લૂટ ચલાવે છે તે બ્રિટિશ પ્રજા સિવાયની તમામ યુરોપી પ્રજા જાણે છે.

કારકુન : ઠીક મહેરબાન; લૂટ કહો તો લૂટ. પણ તમને બધાને એ લૂટમાંથી હિસ્સો નથી મળતો એટલે તમે ઉપદેશકો થઇ પડ્યા છો. અમે અંગ્રેજો તો એટલું જાણીએ કે માણસની બધી જ દોડધામ પાછળ દોઢિયાં કમાવાનો હેતુ હોય છે.

કાર્ટન : હા, તમારો બધો જ પુરુષાર્થ અર્થપ્રાપ્તિમાં સમાયો છે. પણ તમે જે દેશમાં છો તે દેશની માન્યતા એવી છે કે પુરુષાર્થ ત્રણ છે અને તેમાં મુખ્ય પુરુષાર્થ ધર્મ છે; પછી કામ અને અર્થ; પહેલાં નહિ.

કારકુન : વારૂ, પૈસા સિવાયના બીજા કોઈ પુરુષાર્થ અમે માનતા નથી, છતાં જાણવા માગીએ છીએ. સમજાવો, એ ધર્મ શું?

કાર્ટન : ધર્મ એટલે પોતાને માટે બધા છે એમ નહિ, પણ બધાને માટે પોતે છે તેવી સામાજિક ભાવના.

કારકુન : ઈસ્ટ ઇંડિયા કંપની પોતાને માટે જ નથી; હિંદુસ્તાનના ભલા માટે પણ છે.

કાર્ટન : જ્યાં લગી એ ભાવના મારીમચડીને મનમાં ઠસાવશો ત્યાં લગી ધર્મને નામે તમે ઘણું કરી શકશો. હિંદુસ્તાન બસો વર્ષ પછી કંઈક જુદું કહેશે; જોકે તમે ને હું સાંભળનારા નહિ હોઇએ.

કારકુન : ઠીક સાહેબ ઠીક, ચલાવે રાખો તમે.

કાર્ટન : મેં કહી તે ધર્મની ભાવના હિંદમાં ઘણી ઊંડી છે. તે ભાવના સિદ્ધ કરવી તે મુખ્ય પુરુષાર્થ ગણાય છે. જીસસે પણ આ ભાવના ફેલાવવા પ્રયત્ન કરેલો, પણ તે ત્યાં સામાજિક બંધારણનું અંગ ન બની. ફક્ત ભાવના તરીકે મઠોમાં ને દેવળોમાં પડી રહી. તેથી દેવળના ને સમાજના ધર્મો જુદા પડ્યા. બીજી રીતે મૂકીએ તો ધર્મ દેવળની બહાર જ ન નીકળ્યો!

કારકુન : અરે સાહેબ એ તો ઘેરઘેર માટીના ચૂલા. અહીં પણ શું છે? એનું એ.

કાર્ટન : ફેર છે. અહીં પૈસા મેળવાની પ્રવૃત્તિ બીજા પુરુષાર્થોને સિદ્ધ કરવા ખાતર છે, પૈસા ખાતર જ નથી. જોકે આ પુરાણી અને સંસ્કારી પ્રજા પણ તમારી અસર હેઠળ તમારે વાટે ચડશે તો એને પણ ઓળખવામાં જરા વાર લાગશે.

કારકુન : ભલે; ચલાવે રાખો આપ. પૈસો મેળવવો ન હોત તો

હું આટલે દૂર જખ મારવાને આવત ?

કાર્સ્ટેન: તમારે માટે બરાબર છે; પણ હિંદુઓ એટલા જ માટે તો પરદેશગમન તરફ નિરુત્સાહ છે. પૈસાની એમને પડી નથી ને ધર્મનું પોટલું પારકા ઉપર ઠાંસીને ચડાવવામાં એ માનતા નથી. વેલજીભાઇને 'વિલિયમ' કરવામાં આપણે ધર્મબદલી માનીએ છીએ; એ લોકો એનાં ફક્ત નામબદલી જુએ છે.

કારકુન: હા, પણ જ્યારે વેલજીભાઇ 'વિલિયમ' થાય ત્યારે એમના મટી આપણા થાય અને 'સાહેબ' થવાથી એમની છાતી ગજ ફૂલે તે ભૂલશો નહિ.

કાર્સ્ટેન: તે જ મારું કહેવું છે. ધર્મને બહાને તમારું હિત સચવાય છે.

કારકુન: અમે કશું પણ ધર્મના સહકાર વગર કરતા નથી.

કાર્સ્ટેન: કબૂલ; હવે બીજો પુરુષાર્થ લઇએ.

કારકુન: લ્યો, પણ અમે તો અર્થને જ માનીએ છીએ તે ભૂલશો નહિ; ચલાવો.

કાર્સ્ટેન: 'કામ' એટલે મન તથા શરીરને કાબૂમાં રાખીને ભોગવાતા ભોગ. ધર્મથી વિરુદ્ધ નહિ પણ ધર્મની સાથે રહીને.

કારકુન: પણ તમે 'ધર્માધર્મ' કૂટો છો તે તો અંતઃકરણ જ ને?

કાર્સ્ટેન: ના; ધર્મ એટલે શું એ તો હું કહી ગયો. ધર્મ એટલે 'બધા આપણી ખાતર નહિ, પણ આપણે બધા ખાતર.' અંતઃકરણમાં તો ધર્મ પણ હોય અને અધર્મ પણ હોય. અંતઃકરણમાં તો સારું ખોટું બધું પડ્યું છે. જોજો એવી ભૂલ કરતા. હિંદુઓ અંતઃકરણનો વિશ્વાસ બહુ નથી કરતા, પણ સાધુપુરુષોના શબ્દનો વધારે કરે છે. મને લાગે છે કે તેઓ વધારે ડાહ્યા અને સમજુ છે.

કારકુન: ઠીક સાહેબ ઠીક. અમે તો કાપડ, હાથીદાંત, લોખંડ, તાંબુ, કલાઇ એ બધાના વેપારમાં સમજીએ.

કાર્સ્ટેન: પણ એલીફંટા કે ઇલોરાની મૂર્તિઓમાં તથા તેના સંકેતોમાં, ઉપનિષદોનાં સત્યોમાં કે કાલિદાસનાં કાવ્યોમાં ન સમજો! પૈસા વડે તમે પૈસો જ મેળવવાનું શીખ્યા છો અને શીખવાડશો.

કારકુન: ઈસ્ટ ઇંડિયા કંપની પૈસો કમાવા ઊભી થઈ છે, સંસ્કૃતિ કમાવા નહિ.

કાર્સ્ટેન: સાચી વાત છે. લ્યો, રજા લઉં. (જવા માંડે છે.)

કારકુન: અને તમે પણ પૈસા કમાયા વગર જશો તો જીવન એળે ગયું જાણજો. અરે બેસો બેસો, જાઓ છો ક્યાં? હમણાં ચહા આવશે. (બૂમ પાડે છે) છોકરા! (છોકરો દાખલ થાય છે) ચા ઓર ટોસ્ટ લે આવ. (છોકરો સલામ ભરીને જાય છે.) હં, મેં શું કહ્યું? તમે પણ પૈસા કમાયા વગર જશો તો જીવન એળે ગયું જાણજો.

કાર્સ્ટેન: ઠીક ભાઈ, તમે સફળ કરજો. (બેસે છે.)

કારકુન: કેમ, સૂરત કેવું લાગ્યું?

કાર્સ્ટેન: સારું, મોજીલું.

કારકુન: કેમ ન હોય! મુઘલોનું મુખ્ય બંદર. ઘણું તવંગર છે હો? અંગ્રેજ અને વલંદા વેપારીઓનું ધન ગણ્યું ગણાય તેમ નથી. ઉપરાંત દેશી વેપારીઓને ઘેર પણ નોબતો વાગે છે. બોલો!

કાર્સ્ટેન: પૈસો એ તમારો વિષય છે માટે તમે બોલ્યે રાખો, હું સાંભળ્યે રાખીશ.

કારકુન: તો સુખી થશો. સાંભળો ત્યારે. સુરતના દેશીઓનાં વહાણ સાતે સમુદ્રમાં ફરે છે. વહાણોનું લાકડું, બનાવટ અને આકાર બધું, આપણાંને ટક્કર મારે એવું! એક વહાણ સો વરસ કાઢે.

કાર્સ્ટેન: પણ તાપીનો પ્રવાહ સરકાર કેમ રીતસર બાંધતી નથી! પુસ્તો બાંધે તો સપાટી ઊંચે આવે ને નદીનો પટ સચવાય. વહાણવટું વિકસે, નહેરો પણ નીકળે ને સૂરતની આબાદી યે વધે.

કારકુન: અરે, ત્યાં તો નવાબી છે? દહાડા ને રાતનું જ્યાં ભાન નથી ત્યાં આવી ઈજનેરી વાતો શી! નવાબ સાહેબ આખા સુરતની નાચનારીઓને ઓળખે પણ તાપી નદી ક્યાં છે તે ન જાણે!

કાર્સ્ટેન: હિંદના એ નવાબોની વાતો ઘણી સાંભળી છે.

કારકુન: સાંભળી જ હશે. લ્યો આ ચા આવી.

[છોકરો ચા લાવે છે. કારકુન તે બનાવે છે.]

કાર્સ્ટેન: કંપનીના નવાબો પણ કંઇ ઊતરે તેવા નથી! બાકી જ્યાં રાજા એ જ રાજ્ય, ત્યાં રાજાના અંધારે રાજ્યમાં અંધારું.

કારકુન: વાત સવા વીસ છે. અમે અંગ્રેજોએ આ રાજસત્તાના વિષયમાં દુનિયાને કંઈક શીખવ્યું છે. પ્રજા એ જ રાજ્ય. રાજા એ રાજ્યનું અંગ, એથી પ્રજાનું પણ અંગ. અંગ કોહી જાય તો કાપી નંખાય. (ચાનો પ્યાલો ધરે છે.)

કાર્સ્ટેન: (પ્યાલો લઇ) તમે અંગ્રેજો વેપારથી નહિ જીવતા રહો, તમારા પ્રજાસત્તાવાદથી જીવશો. તમે માનવતાને નવો મંત્ર આપ્યો, નવું જોમ આપ્યું, નવી ભાવના આપી. ને એટલા માટે જ તમે અમર થશો, વેપારી કુનેહ કે સાહસ માટે નહિ. (ચાનો ઘૂંટડો પીએ છે.)

કારકુન: (ઘૂંટડો પીતાં) અને સાહેબ, અમીર-ઉમરાવો કંઈ ઓછા ફાટ્યા'તા? રાજા તો વળી ઈશ્વરી સત્તાના દાવા કરતા! અમે કહ્યું એ બધી લાહ્યરી રહેવા દ્યો. પ્રજા તે રાજ્ય છે, અને તમે રાજ્યનું અંગ છો. રાજ્ય તમારું અંગ નથી. શું સમજ્યા સાહેબ?

કાર્સ્ટેન: હું ક્યાં રાજા છું તે ન સમજું?

પડદો

દૃશ્ય છઠ્ઠું

સ્થળ: ડેન્માર્કના રાજા પાંચમા ફ્રેડરિકના મહેલમાં તેની ઑફિસ
સમય: વરસ પછી
પાત્રો: રાજા તથા કાર્સ્ટેન

*

[રાજા બેઠા છે. થોડી વારે સેવક આવીને ઘોષ કરે છે: 'પ્રોફેસર કાર્સ્ટેન'. કાર્સ્ટેન પ્રવેશે છે ને રાજાને ઝૂકીને માન આપે છે.]

રાજા: આવો આવો, કાર્સ્ટેન! ધન્ય છે તમને. જ્ઞાનની ખાતર, તમારા સ્વર્ગસ્થ પંડિત મિત્રોના આત્માની ખાતર, અને અમારી અભિલાષાની પરિતૃપ્તિ ખાતર તમે અસંખ્ય સંકટો સહ્યાં અને અંતે આરંભેલું કાર્ય સફળતાથી પાર પાડ્યું તે બદલ, ફરીથી જણાવીએ છીએ કે ધન્ય છે તમને! જ્ઞાનનો ભેખ હજો તો આવો હજો. વારુ, કહો કે હિંદમાં બ્રિટિશ સત્તાનાં મૂળ કેવાંક છે.

કાર્સ્ટેન: નામદાર! ઊંડાં ઊતરતાં જાય છે. ધન કમાવાની વાસનાને સંતોષવા ખાતર અંગ્રેજો તેમના વેપારનું સંરક્ષણ અને સંવર્ધન ઇચ્છે છે, અને એ વેપારના સંરક્ષણ અને સંવર્ધનની ખાતર હવે રાજસત્તા હાથ કરી રહ્યા છે.

રાજા: (હસીને) બ્રિટિશ ફિલસૂફી શાશ્વત આદર્શો ઉપર નથી રચાઈ, પરંતુ શાશ્વત હિતો ઉપર રચાઈ છે. (ગંભીર બની) અમે જાણવા ઈચ્છીએ છીએ કે હિંદની પ્રજા આ પરપ્રજાને સંઘરે છે કયા કારણે.

કાર્સ્ટેન: મહારાજ! હકીકત એમ સમજાય છે કે હિંદી પ્રજાએ પૂર્વે કદી નહિ માણેલી વાણી તથા વર્તનની સ્વતંત્રતા બ્રિટિશ હકૂમત હેઠળ તેને મળી છે. સ્વાતંત્ર્યની સ્વચ્છ હવા હિંદી સમાજનાં ફેફસાં-

માં ફેલાવનાર અંગ્રેજોને તો હિંદીઓ ઉલટા ચાહે છે; જ્યારે ગુલામીમાં ગોંધનાર, મારપીટ, લૂટ, બળાત્કાર આદિ અનેક જુલ્મોના ગુજારનાર એમના દેશના આતતાયીઓને તેઓ ધિક્કારે છે. એમાં આશ્ચર્ય કશું નથી.

રાજા : પરમેશ્વરનો કંઈક સંકેત જ. પાકેલું ફળ અનાયાસ મોંમાં પડે એવું નામ ભાગ્યની બલિહારી. એમનું બળવાન પ્રારબ્ધ જ એમને હિંદ ખેંચી ગયું.

કાર્ટન : આપનું કહેલું સર્વથા યથાર્થ છે, નામદાર ! સેવકનું તો એમ પણ નમ્ર માનવું છે કે પ્રારબ્ધની આ ગહન ઘટનામાં હિંદનું પણ પરિણામે શ્રેય જ નિર્માણ હશે. જુલમગારો, સિતમગારો, દુરાચારીઓ અને નરાધમોથી એ સીધી, સાદી, સરળ અને સંસ્કારી પ્રજા ત્રાહિ ત્રાહિ પુકારી રહી હતી.

રાજા : (હસીને) પરમાત્માએ એ પુકાર સાંભળ્યો અને અંગ્રેજને મોકલી આપ્યો !

કાર્ટન : નામદાર ! બેઅદબી માફ કરશો, પરંતુ વિચાર કરતાં મને અલ્પજ્ઞને તો એમ જ સમજાય છે.

રાજા : પણ પેલા, શું કહ્યા તમે ? તે તો અંગ્રેજોને કંઇ ફાવવા દે એમ લાગતું નથી !

કાર્ટન : મરાઠાઓની સત્તા છે તે કબૂલ કરૂં છું, નામદાર ! પણ એ સત્તા માત્ર તલવારથી જ છે, અને તેથી તકલાદી છે. સાચી સત્તા પ્રજાના દિલના પ્રેમમાં છે, વાયમાં નથી. અંગ્રેજો આ સૂત્ર સમજે છે, હિંદના દેશી રાજાઓ સમજતા નથી. વળી અંગ્રેજી તોપો, બંદૂકો, લશ્કરી તાલીમ અને શિસ્ત ઊંચા પ્રકારનાં છે તે વધારામાં.

રાજા : તમારા પૃથક્કરણથી સમજાય છે કે અંગ્રેજોના હાથમાં જ અંતે હિંદની સત્તા આવશે ને હિંદી પ્રજા અંગ્રેજી છત્ર નીચે સુખી થશે.

કાર્ટન : મારૂં એમ માનવું છે, નામદાર, કે અંગ્રેજોને જ છેવટે સત્તા મળશે, કેમકે બીજાઓ સત્તા સાચવી રાખવાની શક્તિ ધરાવતા નથી. એ બધા એમ માને છે કે સત્તા સમશેરથી જ છે, જ્યારે અંગ્રેજ એમ માને છે કે સત્તા સાંપડે ભલે સમશેરથી, પરંતુ તેને ટકાવનાર તો પ્રજાનો પ્રેમ જ છે. સમ્રાટ્ અકબર પછી આ સૂત્ર જો કોઈ સમજ્યા હોય તો તે ફક્ત અંગ્રેજો જ.

રાજા : (હસીને) પરંતુ અંગ્રેજોના વ્યાપારને હિંદીઓ પોતાના પ્રેમનો સાથ ક્યાં સુધી આપશે ?

કાર્ટન : હિંદી પ્રજાને એકાદ સૈકો તો ભૂતકાળના જખમો રૂઝાતાં થશે. ત્યાર બાદ અરધોક સૈકો શક્તિ મેળવતાં થશે. અને એ સૈકા–દોઢ સૈકા દરમ્યાન અંગ્રેજ સત્તા પગભર થઈ જશે.

રાજા : અને એ પગભર થશે એટલે સત્તાને વળગી રહેશે, અને હિંદ ટટાર થશે એટલે પોતાના દેશની સત્તા સ્વહસ્તક કરવા મથશે. (હસીને) જોવા જેવી થશે !

કાર્ટન : આપ નામદારનું નિરૂપણ યથાર્થ જ છે. પરંતુ પરિણામે અંગ્રેજી સત્તાએ અંગ્રેજી સિદ્ધાંતને નમતું આપવું જ પડશે. અંગ્રેજી સત્તા જોકે જશે, પરંતુ હિંદુસ્તાન તો વ્યક્તિસ્વાતંત્ર્ય અને પ્રજાસત્તાવાદના અનુપમ અંગ્રેજી આદર્શો ઉપર જ રચાશે.

રાજા : ન જાણે માનવી અલ્પ,
સંકેતો ભાવિના ઝીણા.


પડદો

[ગુજરાત સાહિત્ય સભા–અમદાવાદ–ના આગામી નાટ્યસંગ્રહ 'રણછોડલાલ અને બીજાં નાટકો'માંથી : બંનેના સૌજન્યથી]

નવાં પુસ્તકો

Short stories of Premchand હિંદીના વિખ્યાત વાર્તાનવેશ પ્રેમચંદજીની નવલિકાઓનો અંગ્રેજી અનુવાદ: અનુવાદક ગુરુદયાળ મલ્લિક; પ્રકાશક : નાલન્દ પબ્લિકેશન્સ, મુંબાઈ નં. ૨, ૪-૧૪-૦; **ભારતનો વારસો :** ભારતની પ્રાચીન ધર્મ-સંસ્કૃતિને આ યુગમાં મૂલવી બતાવનાર આપણા સમર્થ તત્ત્વવેત્તા સર સર્વપલ્લી રાધાકૃષ્ણના શિક્ષણ, રાજકારણ અને યુદ્ધ પરના વિચારોનો શ્રી ચન્દ્રશંકર શુક્લની બાણીની કલમે ઉતારેલો અનુવાદ: પ્રકાશક–વોરા ઍન્ડ કં. પબ્લિશર્સ લિ.; રાવપુરા, વડોદરા, ૩-૦-૦; **ખગોળ પ્રવેશ :** આપણે ત્યાં જેના શાસ્ત્રીય જ્ઞાનની ઘણી મોટી અછત છે એવા ખગોળના વિષયમાં જનસામાન્યને પ્રવેશ કરાવતી સાદી સરળ ભાષામાં સાધિકાર લખાએલું અત્યંત ઉપયોગી અને સચિત્ર પુસ્તક: લેખક–શ્રી છોટુભાઇ સુથાર, પ્રકાશક–ચરોતર એજ્યુકેશન સોસાએટી, આણંદ, ૨-૮-૦; **વારસ :** ભાવનગરના શક્તિશાળી નવલેખક શ્રી ઉમેશ કવિની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ: પ્રાપ્તિસ્થાન–ભારતી સાહિત્ય સંઘ લિ; અમદાવાદ, ૨-૦-૦; **નાના હતા ત્યારે:** ડૉ. હરિપ્રસાદ વ. દેસાઈના બાલજીવનનાં સંસ્મરણો: પ્રકાશક–આદર્શ પુસ્તક ભંડાર, ભદ્ર અમદાવાદ, ૨-૦-૦; **રાંકનાં રતન:** શ્રી પુષ્કર ચંદરવાકરની નાટિકાઓનો સંગ્રહ: પ્રકાશક–પદ્મજા પબ્લિકેશન્સ, વડોદરા, ૩-૦-૦; **ભારતની બે વીરાંગનાઓ:** રાણી દુર્ગાવતી અને લક્ષ્મીબાઈની સરળ ચરિત્રકથાઓ: લેખક પ્રાણલાલ કિરપારામ દેસાઇ, પ્રકાશક-ગુજરાત સાહિત્ય મંદિર અમદાવાદ, ૦-૪-૦; **પરપોટા :** રમૂજી પ્રાસંગિક ટુચકાઓનો સંગ્રહ: લેખક–ચન્દ્રકાન્ત સુતરિયા, પ્રકાશક–એન.એમ. ઠક્કરની કં., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ, ૩-૦-૦; **શુભાક્ષરી :** માતાજીનાં સ્તવનસ્તોત્રો (૨૨૨)નો સંગ્રહ : લેખક–પૂજાલાલ, પ્રકાશક–શ્રી નરેન દાસગુપ્ત, અરવિંદ આશ્રમ પૉંડીચેરી; **અર્ઘ્ય :** શ્રી અરવિંદને એક સાધકનો ભક્તિપૂર્ણ અર્ઘ્ય: લેખક–શ્રી રજનીકાન્ત મોદી, પ્રકાશક ઉપર મુજબ, ૧-૪-૦; **રક્તપાત કી કરુણ કહાની :** કલકત્તાની પ્રત્યક્ષ જાતમાહિતી મેળવીને લખેલા બયાનની પુસ્તિકા; લેખક-પ્રકાશક–જગતસિંહજી વોરા, ૧૬૬ હૅરિસન રોડ, કલકત્તા, ૦-૧૨-૦; **યુવાનોને ને બહેનોને** સ્વામી વિવેકાનંદનાં ઉદ્બોધનોનાં મૌક્તિકો સંઘરેલી નાની પુસ્તિકાઓ: અનુવાદકો–અનુક્રમે જયંતીલાલ મંગળજી ઓઝા અને કલ્પલતા મુનશી, પ્રકાશક–રામકૃષ્ણઆશ્રમ રાજકોટ; **ગુજરાત સાહિત્ય સભાની કાર્યવહી ૧૯૪૪-૪૫:** સાહિત્યના અભ્યાસીઓમાં ખૂબ પ્રતિષ્ઠિત અને આધારભૂત ગણાતી, વર્ષોવર્ષનાં વાઙ્મયોની આ સભા દ્વારા કરાવાતી ૧૯૪૪-૪૫ની સમીક્ષા તથા ણીજાં વ્યાખ્યાનોનો સંગ્રહ, ૩-૦-૦; **વિભૂતિ:** સંપાદક અને પ્રકાશક-વિષ્ણુપ્રસાદ વેણીલાલ બક્ષી રાજકોટ; **व्यायाम:** 'કુમાર'ના ૨૫૦મા અંકમાં આવી ગએલાં વ્યાયામના વિવિધ આસનોવાળા લખાણનો એ જ ચિત્રો સાથેનો હિંદી અનુવાદ, લેખક–ભદ્રશંકર દીક્ષિત, ચિત્રકાર શ્રી રવિશંકર રાવળ, પ્રકાશક–સસ્તા સાહિત્ય મંડલ, નવી દીલ્હી, ૦–૮–૦; **સુમનસારથિ:** શ્રીમતી જયાવતી પ્રાણલાલનાં કાવ્યો ને નાટિકાઓનો સંગ્રહ: પ્રકાશક-એન.એમ. ઠક્કરની કં. મુંબાઈ, ૨૫-૦-૦; **ચિનગારી:** રાષ્ટ્રગીતોનો નાનકડો સંગ્રહ, લેખક-હરિલાલ પંડ્યા, એમ. એ, પ્રકાશક- ઑગસ્ટ પ્રકાશન મંદિર, ૦–૪–૦; **कलकत्ता से काबुल :** નેતાજીના કાબુલ પ્રવાસનાં વર્ણનો ઉપરથી દોરેલાં ચિત્રોનો સંગ્રહ, ચિત્રકાર–શનિ, ૧–૦–૦; **સાચાં સંતાન:** વિકાસ સાહિત્ય મંદિરની બાળવિકાસ ગ્રંથાવલિનું પ્રથમ પુસ્તક, ૦–૬–૦.

આ લેખના પ્રારંભમાં વર્ણવેલા મિત્રમંડળમાંની વ્યક્તિઓ દર્શાવતો સમૂહ: ઊભેલા–શ્રી રવિશંકર રાવળ, શ્રી મસ્તરામ પંડ્યા, શ્રી પરમાનંદ કાપડિયા; બેઠેલા: શ્રી હીરાલાલ શાહ, શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી હીરાલાલ પંડ્યા, સ્વ. ગિજુભાઈ બધેકા; સ્વ. પ્રભુદાસ ઠક્કર



કવિવર નાનાલાલનાં સંસ્મરણો (અનુ૦ પાછળના પૃ. ૬ થી)

પ્રયત્ન કરીશ, પણ કોઈ જાતની જવાબદારી લેવા હું હાલ તૈયાર નથી. છતાં એમણે કહ્યું કે અમે જ બધું સંભાળી લઈશું તમારે ફક્ત હાજરી આપવી; પણ તમારા વિના અમે મંડળ કરી શકીએ નહિ વગેરે.

બપોરે જણાવ્યા પ્રમાણે શ્રી જનાર્દન દીવેના બાલા હનુમાન પાસે આવેલા નૅશનલ સ્ટુડિઓમાં હું ગયો ત્યારે ઉપર્યુક્ત ગૃહસ્થો અને કવિ આવેલા હતા. મને તરત જણાયું કે આ બધા પાછળ કવિશ્રીની જ હીલચાલ છે. મંડળનું નામ 'ગુજરાત કલા પ્રવર્તક મંડળ' ઠર્યું અને તરત હોદ્દેદારો નીમવા માંડ્યા. પ્રમુખ તરીકે કવિશ્રીનું નામ નક્કી થયું. તે પછી શ્રી ચંદુલાલે ઉપ-પ્રમુખ તરીકે મારૂં નામ રજૂ કર્યું. મેં વિનયપૂર્વક અસ્વીકાર કરી જણાવ્યું કે હું કોઇ પણ જવાબદારી હાલ લેવા તૈયાર નથી. છતાં **શ્રી** રામનારાયણ પાઠક, શ્રી રસિકલાલ વગેરેએ કહ્યું કે અમે સાથે જ છીએ, પણ કલામંડળમાં બીજાનું નામ ન મૂકી શકીએ. કવિએ પણ ખૂબ દબાણ કર્યું અને મારૂં નામ ઉપ-પ્રમુખ તરીકે લખી નાખ્યું. આર્ટિસ્ટ બંધુઓ શ્રી માહુલીકર અને ચંદુલાલ મંત્રીઓ થયા. શ્રી પાઠક, શ્રી રસિકલાલ, ડૉ. હરિપ્રસાદ, ડૉ. મચ્છર વગેરે કાર્યવાહક મંડળમાં નીમાયા. થોડા સભ્યોનાં નામ પણ લખાયાં. એ જ બેઠકમાં કવિએ એકદમ તંત્રો હાથમાં લીધાં: 'ચાલો, હવે કલામંડળની એક વર્ષની પ્રવૃત્તિ નક્કી કરો. આવતી વસંત પંચમીએ એક મોટું કલાપ્રદર્શન ભરવું. રાવળે મંડળ તરફથી પહેલું વ્યાખ્યાન આપવાનું.' મેં કહ્યું, 'ભાષણ મને આવડશે નહિ. આપ જ પહેલું ભાષણ આપો.' કવિ કહે 'લખીને પણ વાંચવું, હું તો વાર્ષિક ભાષણ જ આપીશ.' હેડમાસ્તર પરિણામની મુદ્દત ઠરાવે તેમ તેમણે મારા ભાષણની તારીખ પણ નક્કી કરી નાખી. તે પ્રથમ દિવસે જ કવિએ એટલી આપખુદી ચલાવી કે મારૂં મન મંડળ વિષે ઉદાસીન થઇ ગયું. એમની સામે બોલવાની કોઈની જ હિંમત નહોતી. છતાં મેં ઘણી મહેનતે હિંદી ચિત્રકળા પર એક નિબંધ તૈયાર કર્યો અને એક મહિને મંડળ તરફથી પ્રેમાભાઈ હૉલમાં તે માટે સભા થઇ. કવિ પ્રમુખ તરીકે બેઠા. મારી તબિયત નાદુરસ્ત હતી, તોપણ મેં હાજર રહી ધીરેધીરે નિબંધ વાંચ્યો. અવાજ બરોબર પહોંચતો નહોતો. એ બધું જાણતાં છતાં કવિએ ઉપસંહારમાં ટીકા તરીકે કહ્યું કે 'ચિત્રો કરી શકવામાં જ માત્ર કળાકારપણું રહેલું નથી; ચીતરવાની માફક લખવું એ પણ એક કળા છે, તેમ વાંચવું કે બોલવું એ પણ કળા છે, વગેરે' અને એક બે ઐતિહાસિક સાલની ભૂલો પર પણ બહુ કડવી ટકોર કરી. એ ટીકાની પદ્ધતિ બહુ કઠોર હતી ને ઘણાઓને લાગ્યું કે કવિએ અઘટિતરીતે ટીકાઓ કરી હતી. મેં શરૂઆતથી જ મારી તબિયત વિષે જણાવ્યું હતું છતાં કવિએ મને પાછો પાડનારાં આવાં વચનો કહ્યાં એ મને લાગી આવ્યું.


એવામાં તા. ૧૩-૮-'૨૩ના રોજ ડૉ. જેમ્સ કઝિન્સ પહેલી જ વાર અમદાવાદમાં આવ્યા. તેઓ હિંદની સાંસ્કૃતિક સમાલોચના કરવા નીકળ્યા હતા અને પોતાના મિત્રોને લખેલું હતું કે તેમના પ્રાન્ત કે શહેરમાં જે જે કલાકારો, કવિઓ, વિદ્વાનો વગેરે હોય તેમનો પરિચય કરવાની તક ગોઠવે. તેઓ થીઓસૉફિસ્ટ પ્રચારક હતા એટલે ડૉ. જૅકબ સૅલોમનના મહેમાન થયા હતા. ડૉ. મચ્છરનું દવાખાનું ડૉ. સૅલોમનના દવાખાનાની સામે જ હતું, એટલે ડૉ. સૅલોમને તેમને કવિઓ ને કલાકારોની વાત પૂછી. તે પરથી તેમણે ડૉ. કઝિન્સની મુલાકાત મારે ત્યાં ગોઠવી. છતાં કવિશ્રીને એ મુલાકાત મેં સ્વતંત્રપણે ગોઠવેલી લાગી. આ પ્રસંગ પર મારી નોંધપોથીમાં આ પ્રમાણે નોંધ છે: 'તા. ૧૨મીએ અમદાવાદમાં જાહેર પત્રિકાઓ ફરી વળી, જેમાં ડૉ. કઝિન્સનું પ્રોગ્રામ છપાએલું હતું ને તેની મુલાકાતમાં બીજો નંબર મારાથી થતો હતો. તા. ૧૨મીની સાંજે મેં 'ગુજરાત કલાપ્રવર્તક મંડળ'માં ઠરાવ મૂકયો કે મંડળ તરફથી તેમનું સ્વાગત કરવાની ગોઠવણ કરવી. આ પરથી શ્રી ચંદુલાલ શાહે નાનાલાલ કવિને મળી તે વાત નક્કી કરવાનું માથે લીધું અને ઠરાવ્યું કે

ડૉ. કઝિન્સ રવિવારે મારે ત્યાંથી નીકળી કવિને ત્યાં ગુજરાત કલા-પ્રવર્તક મંડળના સભ્યોને હઠીભાઇની વાડીમાં મળશે.'

તા. ૧૩મીએ મારે ત્યાંની ડૉ. કઝિન્સની મુલાકાત પતાવી ચાર વાગતાં તેમને લઈ હું કવિશ્રીને ત્યાં હઠીભાઇની વાડીમાં ગયો. પણ ત્યાં ડૉ. કઝિન્સનો હિંદી કલા પ્રતિનો પ્રેમ, આદર અને પરિચય કેટલો ગાઢ છે તે કોઈ જાણતું જણાયું નહિ અને કવિએ પણ કોઇ ઉત્કૃષ્ટ વાર્તાલાપ જમાવ્યો કે છેડયો નહિ. ડૉ. કઝિન્સે અમદાવાદમાં કલામંડળ સ્થપાયા બાબત બહુ આનંદ દર્શાવ્યો. તેમને પૂછવાના કેટલાક પ્રશ્નો હતા તેના જવાબ ફુરસદે આપવાનું કહી તેઓ પ્રેમાભાઈ હૉલમાં વ્યાખ્યાન-સમય સાચવવા તરત નીકળ્યા. ત્યાંના આ ઠંડા સત્કાર પછી કવિશ્રીને ત્યાં જવાનું મને કદિ આકર્ષણ થયું નહિ.

પ્રદર્શનને થોડા માસ બાકી રહ્યા એટલે શ્રી ચંદુલાલ પ્રદર્શનનું વિજ્ઞાપન અને વિગતો મારી પાસેથી લખાવી લઇ ગયા, અને મારી જ સહી સાથે તે પ્રગટ થયાં. કવિશ્રી બે મંત્રીઓ સાથે કલામંડળનું તંત્ર ચલાવતા ને હું ન મળતો એથી રોષે ભરાતા. મેં દૂર રહીને શક્ય એટલી બધી મદદ કરેલી. એ પ્રદર્શનનું પોસ્ટર સુદ્ધાં મેં કરી આપેલું. પ્રદર્શન માટે આમંત્રણો વગેરે કવિએ પોતે જ હાથમાં રાખ્યાં હતાં, અને દરેક જણને એક હાથે ચાલવા ફરજ પાડતા. શ્રી ચંદુલાલ પણ કવિ વિષે ફરિયાદો કરતા અને કહેતા કે પ્રદર્શન બાદ પોતે પણ રાજીનામું આપી દેવાના છે. બીજાઓ ખબર લાવતા કે દરેક જણ અકળાય છે પણ કવિશ્રી આગળ કોઇનું ચાલતું નથી.

બરોબર વસંત પંચમી ઉપર જ મારા પુત્રોના યજ્ઞોપવીતનો પ્રસંગ હોઇ મારાં કેટલાંક ચિત્રો પ્રદર્શન માટે શ્રી ચંદુભાઇ સાથે મોકલી હું ભાવનગર ગયો. ત્યાં સામળદાસ કૉલેજમાં ભાષણ આપવા કવિ આવી ચડ્યા. હું તેમને બારણા આગળ મળ્યો અને નમસ્કાર કર્યા; પણ કવિ લાગલા જ ધૂંધવાઇને એવી અપમાનજનક રીતે બોલ્યા કે મેં તે જ વખતે ચિઠ્ઠી લખી જણાવી દીધું કે 'હું હવે આપની સાથે કામ કરી શકીશ નહિ. આપ આપની રીતે જે કાંઈ કરવું હોય તે કરશો. કળાની સેવા કરવાનાં મારાં સાધનો ને માર્ગ જુદાં છે.' આ રીતે મેં મારો છુટકારો શોધી લીધો ને વધુ ગભીર પ્રસંગોથી હમેશ માટે બચ્યો. સંસ્કારી જનો માટે બહારની દુનિયામાં નાહક હોહા થાય એ મને ઈષ્ટ લાગ્યું નહિ એટલે મેં આવો મૂગો માર્ગ લીધો.



'વીસમી સદી' માસિકના પહેલા અંકમાં છપાયેલું કવિવર નાનાલાલનું કાવ્ય: શ્રી રવિશંકર રાવળનાં આલેખેલાં શોભનચિત્રો તથા રેખ સાથે

આ પછી કોઈ વખતે રસ્તામાં કવિને આવતા જોઉં તો સામે કાંઠે રહી મૌન નમસ્કાર કરી વિદાય લેતો. પણ સ્વ. ગોવર્ધનરામને અંજલિ રૂપ કવિએ લખેલો 'જગત્ કાદંબરીઓમાં સરસ્વતીચંદ્રનું સ્થાન' નામક નિબંધ ગ્રંથાકારે સુંદર રીતે છાપવા માટે તેમણે કુમાર કાર્યાલયને સોંપવા ઇચ્છા કરી ત્યારે તેમણે કાર્યાલયના સંચાલક શ્રી બચુભાઇ રાવત મારફત એનાં ચિત્રો મારે જ કરવાં એવો આગ્રહ જણાવ્યો. મેં એ કામ કરી આપ્યું, પણ કવિએ રૂબરૂ મળવા ઇચ્છા ન બતાવી, તેમ મે પણ કદિ સામું કદમ ભર્યું નહિ. પછી એમણે ગીતા માટે પણ મારી પાસે ચિત્ર કરાવ્યું.

કવિશ્રીને સાઠ વર્ષ થયાં તેના મણિમહોત્સવના અભિનંદનની લીટીઓ 'કુમાર'માં મેં જ લખેલી. મારા મનમાં કવિશ્રીની પ્રતિભા અને વ્યક્તિત્વ માટે હમેશાં માનની લાગણી મેં જાળરાખી છે, પણ તેમના સંપર્ક અને સ્વભાવ માટે રોજરોજ જે સાંભળતો તે પરથી ફરી કદિ મળવા જવાની હિંમત બતાવી શક્યો નહિ, કેમકે એથી પરિણામ સુધરે કે બગડે તેની શંકા હમેશાં રહેતી. જોકે પૂ૦ માણેકબાનું મમતાળુ સ્વાગત તો એક દિવસ પણ ભુલાયું નથી. અને થોડા જ વખત પહેલાં ઘણાં વર્ષે ટ્રેનમાં સાથે પ્રવાસ કરતાં તેમને ઓળખ્યાં ત્યારે ભાવથી વંદન કરી હું કૃતાર્થ થયો છું.

કવિશ્રીના ભાવનાદેહને પણ આજે એવા જ ભાવે અંજલિ અર્પું છું.



ગુજરાત કલાપ્રવર્તક મંડળ તરફથી ભરાએલા પ્રદર્શનનું પોસ્ટર (ચિત્રકાર : રવિશંકર રાવળ)



માધુકરી

એક છે હિંદુ મુસલમાં: એક છે, રહેશે સદા:
એક થઇને બેયના જીવન અહીં વ્હેશે સદા!
એક માટીથી ઘડાયાં, એક અન્ને ઊછર્યાં:
દાદ દેશે એક માના સાદને બંને સદા!
એક જંજીરે જડાયાં, એક પિંજરમાં પડ્યાં:
એક મુક્તિ-જંગ: સંગે ઝૂઝશે બંને સદા!
એક સમદર, એક બંદર, એક તાકત ને તુફાન:
એક કિશ્તી ને કિનારો: એક બેનો નાખુદા!
લાખ હિકમત છો કરે દુશ્મન દીવાલો બાંધવા:
કોઈ કાળે ના થવાના ભાઈ ભાઇથી જુદા!

—વૈશંપાયન

ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ

'કુમાર'ના ગયા ઑક્ટોબરના અંકમાં 'મથુરાની શિલ્પકળા' ઉપર એક પરિચયાત્મક લેખ આવી ગયો. એ જ વિષય પર ગઇ તા. ૧૭ થી ૨૦ ડિસેમ્બરના રોજ અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી (હવે ગુજરાત વિદ્યા સભા) સંચાલિત અધ્યયન-સંશોધન વિદ્યાલય તરફથી ચાર સચિત્ર મનનીય વ્યાખ્યાનો જેમણે આપ્યાં તે વિદ્વાન પુરાવિદ ડૉ. વાસુદેવશરણ અગ્રવાલનો પરિચય આપણે ત્યાં નહિવત્ છે; પણ હિંદભરમાં આજે પુરાવિદ્યા, મૂર્તિશાસ્ત્ર, તેમજ પ્રાચીન શિલ્પ, સિક્કા આદિના જે ગણ્યાગાંઠ્યા તજ્જ્ઞો છે તેમાં એમનું નામ મોખરે આવે છે. ભારતીય સંસ્કૃતિના તેઓ વિરલ અને અખંડ ઉપાસક છે અને એમનું સંસ્કૃતનું જ્ઞાન એટલું વિશાળ અને પ્રવાહી છે કે તેનાં ઝડપી હાથવગાં પ્રમાણો વડે તેઓ પ્રાચ્યવિદ્યા જેવા વિષયને અત્યંત સરળ લોકભોગ્ય અને પ્રમાણિત બનાવી દે છે. એમની શક્તિઓની કદર પ્રીછીને હમણાં તેમને દિલ્હીના મધ્યસ્થ સરકારના 'સેન્ટ્રલ એશિયન ઍન્ટીક્વીટીઝ મ્યૂઝિયમ'ના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે નીમવામાં આવ્યા છે.



(બ્લૉક: પ્રજાબંધુના સૌજન્યથી)

એમનો જન્મ સં. ૧૯૬૧ની શ્રાવણ વદિ ૧૧ને દિવસે અલ્લાહાબાદમાં થએલો. લખનૌમાં એમના કુટુંબની, લોખંડના વેપારની મોટી પ્રતિષ્ઠિત 'અગ્રવાલ કંપની' છે, પણ એમને તો એ વ્યાપારી વ્યવસાય કરતાં ભારતીય સંસ્કૃતિની ઉપાસના અને વિદ્વાન બ્રાહ્મણજીવન પસંદ છે. લખનૌ અને કાશીમાં વિદ્યાર્થી જીવન વ્યતીત રી તેઓ લખનૌ કૉલેજમાંથી એમ.એ. થયા. વિદ્યાર્થીકાળથી જ તેઓ ગહન અભ્યાસી હતા. ઇતિહાસ તથા પુરાતત્ત્વ તેમના પ્રિય વિષયો હતા. 'સરસ્વતી', 'માધુરી', 'સુધા', 'વિશાલ-ભારત' આદિમાં આવતા સ સ્કૃતિ તથા ઇતિહાસ ઉપરના એમના વિચારગંભીર લેખોએ સાહિત્યકારો તથા વિદ્વાનોમાં સારી છાપ પાડી હતી.

એમ. એ. થયા. પછી એઓ હિંદી સરકારના પુરાતત્ત્વ ખાતામાં જોડાયા;

આ માસનું પંખી: હંસ



ભારતવર્ષના સાહિત્ય અને કલામાં અત્યંત વ્યાપ્ત ને ગૌરવ પામેલું આ પંખી, મૂળ તો હિમાલયમાં માનસરોવર, રાવણહ્રદ તથા તિબેટ-લડાખ-કાશ્મીર વગેરે પ્રદેશોનાં બીજાં સરોવરોના કિનારાઓનું માત્ર શિયાળો બેસતાં એ હિંદ આવે છે અને આખા ઉત્તર ભારતમાં ફેલાઈ જાય છે, તે છેક વસંત બેઠે પાછાં જાય છે. ગુજરાતમાં સરસ્વતી અને સાબરમતીના કિનારાઓ પર દેખાતાં કહેવાય છે.

પશ્ચિમી ચિત્રોના સંપર્કથી આપણે જેને હંસ તરીકે ઓળખતા થયા છીએ ને swan એ આપણો હંસ નહિ. એ તો સાઇબીરિયા ને મધ્ય એશિયાનું વાસી. આપણો હંસ તો બતકના દેખાવનો. શરીરે ભરાવદાર. બેએક ફૂટ લાંબો. ડોક શરીર કરતાં નાની. દેહનો રંગ સિત—સાવ ધોળો દૂધ જેવો નહિ પણ લાકડાંની રાખ જેવો આછો ગોરો. માથું ને ગળું તદ્દન શ્વેત. દાઢી તથા છાતી આછાં રાખોડી. ગરદન પાછળનો ભાગ ઘેરો બદામી પેટ સફેદ. એને ઓળખવાની ખાસ નિશાની તે એના માથા પાછળના બે કાળા પટ્ટા. તેમાં ઉપલો પટ્ટો મોટો—બે આંખોને જોડતો; નીચલો નાનો. ચાંચ ને પગ ઘેરા પીળા કે નારંગી. ચાંચ નાની, વચ્ચેથી ઢાળ પડતી, પણ છેડે કાળો નખાગ્ર. પગનાં આંગળાં વચ્ચેથી જોડાએલાં.

જૂન જુલાઈમાં તિબેટનાં સરોવરની પાળે હજારો ભેગાં થઈ માળા બાંધે તથા ઈંડાં મૂકે. હિંદનાં વિશાળ જળાશયો ઉપર પણ એ હજારોનાં ટોળાંમાં જ વસે. દિવસભર નદીનાં પાણીમાં કે રેતીમાં ઊંઘે ને રાત પડયે ચરવા નીકળે. કેવળ વનસ્પતિ એનો આહાર. કમળનાં બિસતંતુ, લીલા ચણા, ઘઉં, ડાંગર વગેરે ખૂબ ખાય. જે ખેતરમાં હંસ પેસે તેનો ઘાણ નીકળી જાય. ઊડે ત્યારે ગંભીરસ્વરે 'હૉંક, હૉંક', કરીને બોલે. ચાલ ધીરી, લચકાતી, ગૌરવવાળી. ઊડે ત્યારે Λ આકારમાં. તેમાં મોખરે નાયક વારંવાર એ નાયક બદલાતો જાય.

(શ્રી 'વનેચર'ના લેખ ઉપરથી સંપાદિત)

અને પોતે મથુરા મ્યૂઝિયમના ક્યૂરેટર (સંવિધાતા) બન્યા પછી મથુરાના પુરાવસ્તુ સંગ્રહને સુવ્યવસ્થિત કરી તે પર ઉત્તમ લેખો લખી ઘણો પ્રકાશ પાડયો. તેમના પ્રયત્નથી આજે મથુરાનું મ્યૂઝિયમ આખા હિંદમાં નમૂનેદાર ગણાય છે. ત્યાંથી તેઓ દિલ્હીના સેંટ્રલ એશિયન એન્ટીક્વીટીઝ મ્યૂઝિયમના સુપરિન્ટેન્ડન્ટના હોદ્દા પર ગયા. મ્યૂઝિયમો ને તેમાં પ્રેમ ધરાવનાર વ્યક્તિઓ તથા સંસ્થાઓ માટે 'મ્યૂઝિયમ એસોસીએશન ઓવ ઈન્ડિયા' સ્થપાઈ તેનું એક ત્રિમાસિક પત્ર નીકળે છે તેના તેઓ સંપાદક છે. તેમની વિદ્વત્તાથી સંતુષ્ટ થઈ લખનૌ યુનિવર્સિટીએ તેમને 'ડૉક્ટર ઓવ લિટરેચર'ની પદવી આપી છે.

પુરાતત્ત્વના વિદ્વાન હોવા સાથે તેઓ વૈદિક ગ્રંથોના સારા વિદ્વાન ને પંડિત છે. તેમજ હિન્દી સાહિત્યના પણ મર્મજ્ઞ છે. તેમનું અંગત જીવન તદ્દન સાદું અને સરળ છે એમનાં વિચાર અને વાણી સ્પષ્ટ સરળ અને સુમધુર છે. તેઓ હંમેશાં અધ્યયનશીલ જ રહે છે પૂ. ગાંધીજીના ચુસ્ત અનુયાયી અને રાષ્ટ્રવાદી છે તથા મન, વચન અને કર્મથી તેના સિદ્ધાંતો પાળે છે.

નાળિયેર

ફળોમાં સર્વશ્રેષ્ઠ શ્રીફળ માંગલિક કાર્યોમાં, પરણમાં, મરણમાં અને સર્વ ધર્મનાં દેવદેવીને અર્પણ કરવામાં અગ્ર ભાગ ભોગવે છે. વેદકાળથી જ હિંદમાં નાળિયેર-શ્રીફળ ની હયાતી ને વપરાશ થતો આવેલો જણાય છે, એટલું જ નહિ પણ સાત્ત્વિક, રાજસ ને તામસ દેવોના ઉપાસકો પણ શ્રીફળને અગ્રસ્થાન આપે છે. મુસલમાન કોમમાં પણ મંગળ પ્રસંગોમાં નાળિયેર છે જ.

નાળિયેર રેતાળ પ્રદેશમાં અને દરિયાકિનારા ઉપર થાય છે. કાઠિયાવાડમાં પોરબંદર, ભાવનગર, મહુવા વગેરે સ્થળે નાળિયેર સારાં થાય છે. કોંકણ અને મલબાર તરફ પુષ્કળ નાળિયેર થાય છે. ગુજરાત નાળિયેર બહુ ઓછાં વાપરે છે દક્ષિણ નાળિયેરને રોજની વાનીઓમાં છૂટથી વાપરે છે અને મુંબઈવાસીઓ મહારાષ્ટ્રી પ્રજા-ની સંગતિથી નાળિયેરનું ખમણ, શાક ચટણી ને રાયતામાં છંટકારતાં શીખ્યું છે. પરંતુ નાળિયેરમાં રહેલા અલૌકિક ગુણોને જાણ્યા સિ-વાય માત્ર સ્વાદ અને શોખની ખાતર જ એ વપરાય છે.

ચરક ને સુશ્રુત આદિ વૈદક ગ્રંથોમાં નાળિયેરનો ઔષધ તરીકે ઉપયોગ કહેલો છે. સમગ્ર કોપરું, કોપરાનું તેલ અને નાળિયેરનું પાણી, આમ ત્રણ જુદીજુદી રીતે એના ગુણનું વર્ણન મળે છે. કોપ-રામાં રહેલા અલૌકિક ગુણથી કોપરામાંથી બનતો 'નાળિયેરનો ખંડ પાક' ચક્રસંગ્રહ ગ્રંથમાં ક્ષય જેવા મહાવ્યાધિ માટે આપ્યો છે. પરંતુ 'કૉડ લીવર' તરફ લાગી ગએલી જનતા ને ચિકિત્સકોનું આવા ઉત્તમ પ્રયોગો તરફ નજર જ નથી ફેરવી. ડૉ. ડીમક શોધખોળ અને પ્રયોગો કર્યા પછી જાહેર કરે છે કે નાળિયેર કૉડલીવર ઓઈલ જેટલું જ ગુણકારી છે. લીલા નાળિયેરને છૂંદી નીચોવીને દૂધ જેવો રસ ની-કળે તેમાંથી તૈયાર કરી લીધેલું તેલ જેને યુરોપમાં 'કોકો ઓઈલીઈન' કહે છે, તે ખાવામાં કૉડલીવર કરતાં હલકું ને ગુણમાં ચડિયાતું છે.

મેજર ડૉ. બી. ડી બસુ નાળિયેર-ચિકિત્સા નામના પોતાના લેખમાં નાળિયેરની મહત્તા અને અપૂર્વ ગુણ માટે લખે છે કે નાળિ-યેરી જેવું જગતને અતિ ઉપયોગી ઝાડ પેદા કરીને ઈશ્વરે માનવ ઉપર ઘણો મોટો ઉપકાર કર્યો છે. તેનું એકેએક અંગ મનુષ્ય શરીર-નાં અનેક રોગોને નાબૂદ કરવા માટે ઉપયોગી છે. મધુમેહના દરદી માટે કોપરું એ વ્યાધિનિવારક ને પોષક પદાર્થો પૂરા પાડનાર ખો-રાક છે. નાળિયેરનો ખોરાક સંપૂર્ણ એટલા માટે છે કે જવ, બટાટા, ચોખા ને બીજા કાર્બોહાઇડ્રેટ્સ ખાદ્ય વિરુદ્ધ જે ફરિયાદો કરવામાં આવે છે તેમાંની એક પણ ફરિયાદ નાળિયેરના ખોરાક માટે કરવા-માં આવી નથી. મનુષ્યનાં સ્વાસ્થ્ય ને તંદુરસ્તી માટે જોઈતાં અનેક તત્ત્વો નાળિયેર પૂરાં પાડે છે.

લીલા નાળિયેરનું પાણી એક ઉત્તમ અને આહ્લાદજનક પીણું છે. હવામાં રહેલી ઠંડક કરતાં તે ૨૫ ટકા જેટલું વધારે ઠંડું છે. એથી તરસ છીપે છે, સંતોષ થાય છે ને પિત્તની ઉષ્ણતાને તે નિવારે છે. અમ્લપિત્તનો દરદી કે જેને કોઈપણ ખોરાક લીધા પછી ઉલટી થઈ નીકળી જતી હોય તેવા સેંકડો દરદીઓને માત્ર નાળિયેરના પાણી પર જ રાખીને પ્રયોગ કરાવવાથી અમ્લપિત્ત શાંત થઈ જાય છે.

ડૉક્ટરો કહે છે કે નાળિયેરનું પાણી એ વિટામિન બીથી ભરપૂર પેય પદાર્થ છે. જેમને સગવડ અને સરળતા છે તેઓ ઉનાળો ચો-માસું આઠ માસ રોજ બેત્રણ નાળિયેરનું પાણી પીતા રહે, તો શરીર ચૈતન્યના દીવડા જેવું ચમકી ઊઠે.

બિહાર અને બંગાળમાં કોપરેલનો માલિશ એ નિત્યક્રમ ગણાય છે. કોપરેલ જંતુનાશક છે. એ લીખ, જૂ, શરીરની રૂંવાટીમાં પડતા સવા વગેરે બધા જંતુઓનો નાશ કરે છે, એટલું જ નહિ પરંતુ ખો-રાકમાં લેવામાં આવે તો કેટલાયે વ્યાધિઓના જંતુ માંનો એ નાશ કરે ને ખોરાકને સ્નિગ્ધ પદાર્થો પૂરા પાડે, ઉપરાંત બીજા ઉપયોગી તત્ત્વો પણ. આજે ગાય અને ભેંસના ચોખ્ખા ઘીના સાંસાં પડયાં છે, અને પ્રજા વેજીટેબલ ઘી ખાઈને તંદુરસ્તી બગાડે છે ત્યારે તેઓ રોજના વપરાશમાં કોપરાનું વિશુદ્ધ તેલ વાપરે તો ગાય ને ભેંસનાં દૂધમાંથી તૈયાર કરેલા શુદ્ધ ઘીના બીજા જ નંબરે કોપરેલ એમની ઘીની ઇચ્છાને ને ખોરાકની ઉણપને પૂરી કરે, અને શરીરને પૂરતા પ્રમાણમાં પોષણ આપી શકે એટલું ખરું કે કોપરામાંથી તેલ કાઢવાનું શીખી લેવું જોઈએ, જે લેખને છેડે દર્શાવ્યું છે.

કોપરા જેવો ઉત્તમ, પૌષ્ટિક મહત્ત્વનો ખોરાક આપણા રોજના ખોરાકમાં શા માટે સ્થાન નથી મેળવતો? લીલા કોપરાને ખમણી એમાં ચણાનો અને ઘઉંનો આટો મેળવી પૂરી, ચપાટી ને ચોપડા એટલા સરસ બનાવી શકાય ને એવાં સ્વાદિષ્ટ થાય કે ન પૂછો વાત! અને તે શરીરને પોષણ પણ પૂરું આપે. જો મિઠાઈમાં ઘીની જગ્યા-એ કોપરેલ વાપરવાનું શરૂ થાય તો આજે વેજીટેબલથી બનતી મિઠાઈઓ કરતાં તેનું સ્થાન ઘણું ઊંચું આવે.

મધુમેહનો દરદી ચણા ને બાજરીના આટા સાથે સારા પ્રમાણ-માં કોપરાનું મિશ્રણ કરી એનો ખોરાક લેવા માંડે તો સાકર ઘટી જાય, વજન વધે ને ડાયાબીટીસ માટે મોંઘાં ઇંજેક્શનો લેવાં ન પડે. એ તો ઘણી સ્પષ્ટ હકીકત છે કે નાળિયેરનું તેલ માથાના વાળને ઘણું ઉત્તમ પોષણ આપે છે અને બહેનો માથામાં નાખવાનાં તેલ કોપરેલ ઉપર જ બનાવે છે. પરંતુ કોપરેલના તેલમાં રહેલો બાલ-વૃદ્ધિનો સ્વાભાવિક ગુણ, અતિ ઊકળવાથી નાબૂદ થાય છે. વાળ વધારવાનો અજબ ગુણ અનુભવવો હોય તેમણે તો લીલા કોપરાને ઘસી, માથામાં ભરી, રહેવા દેવું. ચારેક કલાક પછી કાંસકીથી ઓળી કોપરું કાઢી નાખી તેલ રહેવા દો તો બહુ જ ઉત્તમ ગુણ બતાવશે. તેલને વધુ પડતું ગાળવું, ઉકાળવું અને રીફાઈન કરી નાખવું, એથી એના બાલવૃદ્ધિકર ગુણોને હાની પહોંચે છે.

વળી એક માન્યતા એવી છે કે નાળિયેરીનો તાજો નીરો (તાડી) સગર્ભા સ્ત્રી અઠવાડિયામાં બે વખત પીવાનું રાખે તો બાળકો ગોરાં આવે છે. કાળા રંગનાં માતાપિતાએ શક્ય હોય અને મેળવી શકાય તો આ ઉપાય અજમાવવા જેવો છે. નુકસાન કંઈ નથી.

અત્યાર સુધી નાળિયેરના સામાન્ય ગુણો માટે આપણે જોયું. પરંતુ નાળિયેરની મહત્તા શિયાળામાં કોઈ ઓર જ પ્રકારની છે. શિયાળામાં ટાઢ વધતી જાય છે તેમ માનવીનું જઠર પણ પ્રદીપ્ત થાય છે. શિયાળામાં સૌ કાંઈક પૌષ્ટિક ખોરાક લેવા લલચાય છે. શ્રીમંતો માટે તો સાલમ, બદામ, માવા, કસ્તુરી ને અંબર તેમના આદિ હોય છે. પરંતુ આ કપરા કાળમાં આપણા મધ્યમ વર્ગ માટે મોંઘવારીમાં શું? અરે મોંઘવારી નહોતી તે વખતે, ચાલીસ વરસ પહેલાં, જ્યારે અમે તેરચૌદ વરસનાં હતાં ત્યારે શિયાળો આવતો અને વડિલો ઘરમાં કોપરાં અને ગોળની નવી ભરતી કરતાં. દાંત આવેલાં ને ચાવતાં શીખેલાં છોકરાંથી માંડી જુવાનજોધ ને ચાળીસી વટી ગએલો તથા બત્રીસી પૂરી ધરાવતો મરદ, આણાં વળતી વહુઓ, ને હાડ ન લેતી હોય ને ફૂચા જેવી રહેતી હોય એ છોકરીઓ માગશર, પોષ ને મહા એ ત્રણ મહિના સવારમાં કોપરાં ને ગોળ આરોગે. ચાવીચાવીને ખાય. તો દરેક ઘૂંટડેઘૂંટડે લોહી માંસ ને હાડ બંધાય, છાતી પહોળી થાય, લોહીમાં ગરમી વધે, શાલદુશાલા, પટુ અને બનુસ વગર પણ એ કકડતી ઠંડી ગોળ-કોપરાના આહાર કરનારનાં બદન પર ભટકાઈને પાછી પડે. ઝાલાવાડ, હાલાર, કાઠિયાવાડ, કચ્છ અને વાગડનો શ્રમજીવી ખેડૂ, મધ્યમ વર્ગ ને ગ્રામવાસી આજ વર્ષો થયાં શિયાળામાં કોપરાં ને ગોળ હોંશથી ખાતો આવ્યો છે, જુવાનોને ખવડાવતો આવ્યો છે અને નવી પરણેતરોનાં બાવડામાં બબ્બે ભેંશોની છાશ વલોવવાનું કૌવત પૂરતો આવ્યો છે.

આયુર્વેદમાં નાળિયેરને શોષ, તૃષા, પિત્ત, વાતપિત્ત, રક્તદોષ, દાહ, ક્ષત અને ક્ષયનો નાશ કરનાર માન્યું છે. ક્ષય એટલે હ્રાસ. જે વસ્તુ શરીરના હ્રાસને-ક્ષયને અટકાવે એ વસ્તુ શરીરને પૂરતું પોષણ આપે, નવાં તત્ત્વો પેદા કરે ને હમેશનો શરીરનો જે ઘસારો તેને પહોંચી વળે. આજે નહિ પણ હજારો વર્ષ પહેલાં લખાયેલા 'નિઘંટુ'-કારોએ કોપરામાં એ ગુણ અનુભવ્યા છે અને બતાવ્યા છે.

આ બળદાયક, પૌષ્ટિક અને ક્ષયનાશક નાળિયેર સાથે શુદ્ધ શેરડીમાંથી તૈયાર કરેલો ગોળ અદ્‌ભુત પોષણ આપે છે. શેરડીમાંથી તૈયાર થએલો ગોળ તે ચોખ્ખું ગ્લુકોઝ જ છે. એ ગ્લુકોઝગોળ—હૃદયને બળ આપનારો, પેશાબને સાફ લાવનારો ને લોહીને શુદ્ધ કરનારો ગોળ રોજનો પાશેર દોઢપાશેર, અને પાશેર કોપરૂં, જે આંતરડાં હોજરી પચાવે, રસનું પોષણ કરે અને રક્તમાં ભેળવે અને એમાંથી શરીર બંધાય, વિકાસ થાય ને બળ પ્રાપ્ત થાય તે અલૌકિક હોય છે. આજે દુબળાં, માયકાંગલાં પાતળાં ને કમજોર છોકરાંને માવતરો શિયાળામાં ગોળ કોપરાં ખવડાવે તો? જુવાનો સવારે વહેલા ઊઠી ગોળ કોપરાં ખાય તો? ચા-ચવાણું, ફાફડા-ગાંઠિયા અને ચટણીનો મોહ છોડી શિયાળામાં બે કે ત્રણ મહિના ગોળ કોપરાં ખાઈ તો જુઓ!

નાળિયેરમાંથી અનેક સરસ ઔષધો, ચમત્કારિક પ્રયોગો અને સફળ દવાઓ બનાવી શકાય છે, પરંતુ અત્યારે તો માત્ર નાળિયેરમાંથી તેલ કાઢવાની ક્રિયાનો ઉલ્લેખ કરી સમાપ્ત કરીએ.

ચાર મોટાં દળદાર પાકાં લીલાં નાળિયેર લઈ ભાંગી નાખી છીણવાં. આ છીણ અથવા ખમણમાં દસ તોલા ગરમ પાણી નાખી ખૂબ ચોળવું અને કપડાંથી નીચોવી લેવું. ફરી ફૂચા બારીક વાટી દસ તોલા ગરમ પાણી નાખી ખૂબ નીચોવી લઈ લેવું. એ દૂધ જેવો પદાર્થ નીકળે તેમાં કોપરામાંનું સઘળું તેલ લગભગ આવી જાય છે. આ નીચોવેલા દૂધને ધીમા તાપે માખણમાંથી ઘી બનાવવાની ક્રિયા જેમ ઉકાળવું. પાણીનો અંશ બળી જતાં ઉતારી, ફરી કપડે ગાળી લેવું. એવું કોપરેલનું તેલ ચાર નાળિયેરમાંથી ૨૦ તોલા મેળવી શકશો.

આ ગુણશાળી તેલ ક્ષયના દરદીને આપી શકાય, ખાઈ શકાય, માથે નાખી શકાય અને શરીર ઉપર માલિશ પણ કરી શકાય છે. એ સંપૂર્ણ ગુણયુક્ત મહાન ઔષધિ છે.

(ગુજરાત સમાચાર) —વૈદ્ય જાદવજી ન. શાસ્ત્રી

નાળિયેર જેમ કૂણું હોય તેમ તેનું કોપરૂં ખાવામાં સારૂં. બહુ પાકટ નાળિયેરનું કોપરૂં પચવામાં ભારે છે, કેમકે તેના રેસા ચીવટ થાય છે. સૂકું કોપરૂં પચવામાં ભારે, દાહ કરનાર ને મળનું સ્તંભન કરનાર છે. જોકે બલ, વીર્ય અને રુચિપ્રદ છે.

લીલા કોપરાને બારીક છીણી, સાફ વસ્ત્રમાંથી ગાળી લેતાં જે દૂધ જેવો પ્રવાહી નીકળે તેમાં સહેજ મધ કે સાકર નાખીને પીવું શ્રેયસ્કર છે. નાનાં બચ્ચાંને આવું પ્રવાહી આપવાથી કૉડલીવરની ગરજ સારે છે. શક્તિ હોય તો દરેક સ્ત્રી પુરુષ બાળકે રોજ એકાદ લીલું કોપરૂં લેવું જોઈએ ઘી કરતાં આ જાતના પ્રવાહીમાં વિશેષ સુપાચ્ય સ્નેહ (તેલ) રહેલું છે. —બાપાલાલ ગ. વૈદ્ય

આયોડીન વિષે વધુ

આયોડીન મૂળ તત્ત્વ છે. તેને ગમે તેવી રાસાયનિક રીતે પણ તોડી ન શકાય તેમજ તેનું એકીકરણ પણ ન કરી શકાય. આયોડીનમાં કપુરના જેવો ગુણ છે કે તે સ્વતઃ ઘનમાંથી વાયુરૂપ બની ઊડી જાય છે; વચલી પ્રવાહી સ્થિતિમાં આવતું નથી. ખરૂં પ્રવાહી આયોડીન દુષ્પ્રાપ્ય છે; માત્ર વૈજ્ઞાનિકો જૂજ પ્રમાણમાં સંશોધન અર્થે ખાસ પ્રયોગો દ્વારા તે બનાવે છે. આપણે ઔષધ તરીકે જે પ્રવાહી વાપરીએ છીએ તે તો ઘન આયોડીનને દારૂમાં ઓગાળીને બનાવેલું દ્રાવણ છે. પાણીમાં આયોડીન અદ્રાવ્ય છે. ઘન પાસાદાર આયોડીન ભૂરૂં-કાળું હોય છે તે ધાતુની માફક ચળકે છે, છતાં તે ધાતુ નથી, અધાતુ છે; પણ અતિ વિરલ અધાતુ છે ને જમીનની સપાટી પર લગભગ બધે અત્યંત જૂજ પ્રમાણમાં ફેલાએલું મળી આવે છે ખડક, ખનીજ કે જમીનનો ભાગ ભાગ્યે જ એવો હશે કે જેમાં આયોડીનનો જરાક અંશ ન હોય. દરિયાના પાણીમાં પણ તે છે, બધી વનસ્પતિમાં પણ છે, ઉચ્ચ શ્રેણીના પ્રાણીઓમાં પણ તે છે અને તેમના જીવનનો એક આવશ્યક અંશ છે.

પણ તે સ્વતંત્ર અવસ્થામાં કદી મળી આવતું નથી. બીજાં તત્ત્વોના સાથે સંયુક્ત સ્થિતિમાં મળી આવે છે. પથ્થર, જમીન, પાણી, વનસ્પતિ, પ્રાણી–ગમે તેમાં હોય, પણ તેનું અસ્તિત્વ પુરવાર કરવા રાસાયનિક અન્વેષણની જરૂર પડે છે. માત્ર બે ત્રણ વસ્તુઓમાં– દરિયાઈ ખડસલાં, વાદળી ને પરવાળાંમાં આયોડીન ઠીક પ્રમાણમાં હોય છે. આ ઉપરાંત, કૅલીફૉર્નિયા, જાવા, રશિયા અને ઈટલીમાં કેટલાક ઝરાનાં પાણીમાં અને ઊંડા તેલના કૂવાઓના બોરિંગના પાણીમાં આયોડીનનું અસ્તિત્વ હોય છે. પરંતુ ઉત્તર ચીલીના કુદરતી નાઇટ્રેટમાંથી નીકળતું આયોડીન ખૂબ ધ્યાન ખેંચે એવું છે.

દરિયાઈ વનસ્પતિ, વાદળી અને પરવાળાંમાં બીજા કરતાં આયોડીનનું પ્રમાણ વધારે હોવાથી એવી માન્યતા પ્રવર્તે છે કે દરિયામાં ખૂબ આયોડીન છે. પણ આ માન્યતા સાચી નથી. વજનના હિસાબે, દરિયા કરતાં જમીન પર સો ગણું વધારે આયોડીન આવેલું છે. કેટલીક દરિયાઈ વનસ્પતિમાં આયોડીનનું પ્રમાણ ખૂબ છે એ દર્શાવે છે કે દરિયાના પાણીમાં આવેલું આયોડીન એ વનસ્પતિ સંઘરે છે. એંસી વર્ષો પૂર્વે એ વનસ્પતિની રાખ આયોડીન મેળવવાનું મુખ્ય સાધન હતું. એ રાખ કૅલ્પ કહેવાય છે. આ ઉદ્યોગ ફ્રાંસ (નૉર્મંડી) અને સ્કૉટલંડમાં મુખ્યત્વે ચાલતો.

આયોડીનની શોધ ૧૮૧૨માં ફ્રેન્ચ વિજ્ઞાની કુર્ત્વોએ કરી. તેને

માલૂમ પડયું કે સોડા કાઢી લીધા પછી જે દ્રાવણ રહે તેને અમુક રાસાયનિક પદાર્થો સાથે ગરમ કરવાથી જાંબલી વરાળ નીકળે છે. આયોડીન આપનાર કેલ્પ ખાસ કરીને લેમાનેરીયા નામનાં દરિયાઇ ખડસલાંમાંથી બનાવાય છે. આ ખડસલાં હમેશાં દરિયાના પાણીમાં રહે છે અને તોફાન વખતે ખડકમાંથી ઉખેડાઈને કિનારે ઘસડાઈ આવે છે. આ ખડસલાંના કેલ્પમાંથી આયોડીન કાઢવામાં આવે છે.

પરંતુ ઉપર દર્શાવેલી રીત અનુસાર પેદા થતું આયોડીન ઉતર ચીલીના નાઇટ્રેટનાં થરોમાંથી મળતા આયોડીનના હિસાબે સાવ નિર્માલ્ય લાગે છે. પૃથ્વીની સપાટી પર ખૂબ આયોડીન ભેગું થયું હોય તો એ જગ્યાએ જ છે. એ 'નાઈટ્રેટનું રણ' દરિયાની સપાટી કરતાં ૩૦૦૦ ફૂટની ઊંચાઇએ આવેલું છે. તે ૫૦૦ માઈલ લાંબું ને આશરે ૧૦૦ માઇલ પહોળું છે. એ પ્રદેશમાં ૩૦૦ માઇલ લાંબા ને ૧૫-૨૦ માઈલ પહોળા પટામાં નાઇટ્રેટના થર આવેલા છે. આ જગ્યા સાવ નિર્જન છે, વરસાદ ત્યાં ભાગ્યે જ આવે છે, સૂર્ય નિરભ્ર આકાશમાંથી અગ્નિ વર્ષાવે છે, વનસ્પતિ ઊગતી નથી, પશુપંખી પણ રહેતાં નથી. ત્યાં જમીનની સપાટી નીચે ૨ થી ૫૦ ફૂટ ખોદવાથી નાઈટ્રેટનાં ખનિજ મળી આવે છે, જેમાંથી નાઇટ્રેટ અને આયોડીન કાઢવામાં આવે છે. આ ખનિજમાં એક ટન દીઠ અશરે ૮ ઔંસ આયોડીન હોય છે. આ પ્રમાણ જોકે લાગે છે તદ્દન નજીવું, પણ બીજી વસ્તુઓની સરખામણીમાં તે ૪૦૦ ગણું વધારે છે!

આ ખનિજનો ભૂકો કરી તેને પાણી સાથે મેળવવામાં આવે છે, જેમાંથી નાઈટ્રેટ જુદું પાડવામાં આવે છે અને દ્રાવ્ય આયોડેટ ક્ષારો પાણીમાં રહે છે. આ આયોડેટ ક્ષારોવાળા પાણીને લાકડાના મોટા પીપમાં રાખી તેમાં સોડિયમ હાઇડ્રોજન સલ્ફાઇટ નાખવામાં આવે છે, જેથી આયોડીન છૂટું પડે છે. આ અશુદ્ધ આયોડીનને એકઠું કરી પછી તેને શુદ્ધ કરવામાં આવે છે.

દુનિયાની આયોડીનની વાર્ષિક વપરાશ ૧૫૦૦ટન છે ને તેનો ૬૬ ટકા જેટલો ભાગ ચીલીનાં નાઇટ્રેટ-ક્ષેત્રોમાંથી આવે છે. આયોડીનમાંથી આયોડોફૉર્મ, પોટૅશિયમ આયોડાઈડ વગેરે ઔષધો બનાવાય છે. આયોડીન જંતુઘ્ન છે. તે ઘસવાથી દુઃખ દૂર થાય છે. આયોરેક્ષ, આયોડીપીન, આયોડીવાલ જેવી પેટન્ટ દવાઓમાં આયોડીન હોય છે. આયોડીન રાસાયનિક પૃથક્કરણમાં ને રંગોની બનાવટમાં પણ વપરાય છે. ટેલીવિઝનમાં પણ તેના સ્ફટિક વપરાય છે.

આપણા શારીરિક વિકાસમાં આયોડીન અગત્યનો ભાગ ભજવે છે. આપણા ગળા પાસે થાઇરૉઈડ નામની ગ્રંથી છે. તેમાં થાઇરોક્સિન નામનો જે પદાર્થ હોય છે તેમાં આયોડીન હોય છે. એ ગ્રંથી બરાબર કાર્ય ન આપે તો માણસનો વિકાસ રૂંધાય છે. આવા માણસોને આયોડીનવાળી દવાઓ આપવાથી ઘણો ફાયદો થાય છે. (ઊર્મિ)

સરગવો

સરગવાનાં ઝાડ પશ્ચિમ હિમાલયનાં જંગલો, આંધ્ર પ્રાંત ને હિંદમાં અન્યત્ર પણ લગભગ બધે થાય છે. એને લાંબી શીંગો થાય છે.

સરગવા બે જાતનાં થાય છે: મીઠી શીંગોવાળા અને કડવી શીંગોવાળા. મીઠી શીંગો શાક બનાવવામાં વપરાય છે. સરગવાનાં પાન પણ શાકભાજી તરીકે ઉપયોગમાં લેવાય છે. તેમાં વિટામીન એ, બી અને સીનું પ્રમાણ સારીરીતે હોય છે.

સરગવાની શીંગોનાં બીમાંથી તેલ નીકળે છે, તેને બેન ઑઇલ કહેવામાં આવે છે. આ તેલ સારી જાતના નાજુક સંચા ઊંજવામાં વપરાય છે. એ બીયાં ઉત્તેજક હોય છે અને સિધ્રમાં જાતીય દર્દો મટાડવા માટે ઉપયોગમાં લેવાય છે. બેન તેલ કૉસ્મેટિકની બનાવટમાં પણ વાપરવામાં આવે છે. (ઊર્મિ)

આ માસ (જાન્યુઆરી) ઈતિહાસમાં

તા. ૨ પૂનાની જાણીતી ફર્ગ્યુસન કૉલેજની સ્થાપના.

તા. ૫ દક્ષિણધ્રુવના સાહસસફરી શૅકલ્ટનનું એ શોધમાં મૃત્યુ, ૧૯૨૨.

તા. ૬ આધુનિક હિંદી ભાષાનું સાહિત્ય જન્માવી તેનું ગૌરવ સ્થાપનાર બાબુ ભારતેન્દુ હરિશ્ચન્દ્રનું અવસાન. ૧૮૮૫.

તા. ૯ અર્વાચીન ગુજરાતના કવિવર નાનાલાલનું અવસાન, ૧૯૪૬.

તા. ૧૪ વડોદરાના રેસિડેન્ટ તથા પોલીટીકલ એજંટ કર્નલ ફેરને ઝેર દેવાના આરોપસર મલ્હ રરાવ ગાયકવાડની ધરપકડ, ૧૮૪૭.

તા. ૧૬ ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેનું અવસાન, ૧૯૦૧.

તા. ૧૮ લૉર્ડ અર્વિનને હાથે નવું દિલ્હી ખુલ્લું મુકાયું. ૧૯૨૭.

તા. ૨૩ તાલીકોટના યુદ્ધમાં વિજયનગરનું મહાન હિંદુ સામ્રાજ્ય પડયું અને તેનો આમૂલ ધ્વંસ કરવામાં આવ્યો, ૧૫૬૫

તા. ૨૬ ઑસ્ટ્રેલિયાનું પાટનગર સિડની વસ્યું, ૧૭૮૮.

તા. ૨૮ મુંબઈ મદ્રાસ-કલકત્તામાં ટેલીફોન દાખલ થયા, ૧૮૮૨.

આ માસની વ્યક્તિવિશેષ

જોન ઑવ આર્ક



'ઑર્લીઅન્સની કુમારી'ના નામથી ઇતિહાસમાં, અને પાછળથી સંતજોન'ના નામથી લોક હૃદયમાં અંકિત થએલી ફ્રાન્સની આ કન્યા કુમારી Joan of Arc જોન ઑવ આર્ક (મૂળ ફ્રેન્ચમાં Jean d' Arc ઝયાં દ'આર્ક)નો જન્મ એ દેશના લૉરેં પ્રાંતમાં દોંરેમી નામે ગામડામાં જૅક નામના ગરીબ ખેડૂતને ત્યાં ઈ. ૧૪૧૨ના જાન્યુઆરીની છઠ્ઠી તારીખે થયો હતો. એ વેળા અર્ધું ફ્રાન્સ અંગ્રેજોએ પડાવી લીધું હતું, દેશના અમીરો માંહેમાંહે લડતા હતા ને પરશાસન તથા અંધાધૂંધીથી પ્રજા ત્રાસી ગઇ હતી. નાનપણથી મા પાસે ભકતો ને દેવોની વાર્તાઓ દ્વારા પવિત્ર ને સેવારત જીવનના આદર્શો પીને મોટી થતી જતી જોનને આત્માના કે દૈવી અવાજ હોય એમ ઈશ્વરી આદેશ સંભળાતા કે તારા દેશનું પરિત્રાણ કર. અંતે ૧૪૨૯ની છઠ્ઠી માર્ચે એ ફ્રાન્સના ગાદીહીન રાજા ચાર્લ્સ સાતમાને મળી, જેણે એના પ્રેરણા બળની ખાત્રી થતાં એને લશ્કર આપી, અંગ્રેજોએ ઘેરેલા ઑર્લીઅન્સનગરને છોડાવવા મોકલી. એની કૂચ લશ્કર કરતાં ધાર્મિક રથયાત્રા જેવી હતી. ૨૯મી એપ્રિલે એણે ઘેરો છોડાવી ઑર્લીઅન્સમાં પ્રવેશ કર્યો ને તે પછી બીજાં શહેરો પણ ઉત્તરોત્તર જીતી લઈ, જુલાઈની ૧૭મીએ હ્રીમ નગરમાં ચાર્લ્સનો રાજ્યાભિષેક કર્યો. પણ ત્યાર પછી ૧૪૩૦ના મે માસમાં કૉંપીએન્ય ગામે એ લડતાં લડતાં ઘવાઈ ને બર્ગન્ડીના જાં દ લુક્સામ્બુર્ગને હાથે પકડાઈ; ને એ દુષ્ટ પુરુષે એને—૨૦,૦૦૦ પાઉન્ડમાં અંગ્રેજોને વેચી દીધી. છ માસના દુઃસહ કારાવાસમાં પીડયા બાદ અંગ્રેજોએ એના ઉપર ડાકણપણા તથા નાસ્તિકપણાનો આરોપ મૂકીને કામ ચલાવ્યું અને દોષિત ઠરાવી રૂઆં નગરના ચોકમાં ૧૪૩૧ની ૩૦મી એ જીવતી બાળી મૂકી. મરતાં મરતાં એ બોલી: 'મેં, સાંભળેલા સાદ ભગવાનના હતા; એણે મને ભોળવી નથી.' અને એના આ શહીદી પછી છઠ્ઠે વરસે પારીસમાંથી ને આઠમે વર્ષે ફ્રાન્સમાંથી અંગ્રેજને ભાગવું પડયું ને ફ્રાન્સ સ્વતંત્ર થયું. પાંચસો વર્ષ પછી ૧૯૨૦માં તે સંત તરીકે લોકમાન્ય થઈ. લોકહૃદયની પ્રેરણામૂર્તિ બનેલી એ ધર્મવીર કુમારી ઉપર વિપુલ સાહિત્ય લખાયું છે, જેમાં બર્નાર્ડ શૉનું લખેલું 'સંત જોન' નાટક અગ્રણી છે.

અંધ ભૂલે ડગલું તો કહીએ અંધ હતો તે ભૂલ્યો, મ્હાણ ડૂબે પાણી તો કહીએ મ્હાણ હતો તે ડૂબ્યો;
પણ જો ચેતન બુદ્ધિવંતુ માનવપ્રાણી પોતે, દેખી બૂઝી કૂવે પડે તો કાં ના મરે કમોતે?

અમદાવાદમાં કોમી આગનો આતશ જલતો હતો ત્યારે આગ અને છરીના એ તાંડવ વચ્ચે, ઊંચા સુકલકડી દેહવાળો એક નિરાડંબરી અને ઋજુ માણસ, એકલપંડે ને ઉઘાડે પગે ધૂમાધૂમીને રખડતાં શબોને અવલગંજલ પહોંચાડતો હતો ને સંકટગ્રસ્તોને સલામત સ્થળે પહોંચાડતો હતો; અનાથનાં આંસુ લૂછતો હતો ને હતાશ માનવીઓને હૂંફ ને હિંમત આપી કહેતો હતો: ભાગશો મા; ભાગશો તો યે મોત મૂકવાનું નથી.

'ધારાળાના ગોર'ના નમ્ર પણ ગૌરવભર્યા નામથી જાણીતા એ મહાનુભાવ આત્મા રવિશંકર મહારાજને એક યુવાન પત્રકારે પૂછ્યું, 'દાદા, તમને બીક નથી લાગતી?'

જવાબ મળ્યો, 'મને બીક શાની? કોઈનું મેં કાંઈ બગાડ્યું નથી મૃત્યુનો મને ડર નથી: મોત કોઈને છોડતું નથી.' અભયના પાયા પર રચાએલા જીવનનો આ જવાબ હતો.

મચ્છરદાની વસાવવાની અનુકૂળતા વિનાના લોકો મચ્છરથી બચવા માટે દવાવાળાને ત્યાં મળતું નારંગીનું તેલ વાપરી શકે. એ તેલની વાસથી મચ્છર દૂર નાસતા હોવાથી, શરીરના ખુલ્લા રહેતા ભાગો ઉપર તે લગાડી સૂવાથી તેની વાસ ચાલુ રહે ત્યાં સુધી મચ્છર પજવતા નથી. કરકસરને ખાતર તેમાં લગભગ $\frac{૧}{૪}$ કે $\frac{૧}{૩}$ ભાગનું મીઠું તલનું તેલ પણ ઉમેરી શકાય. ઘણા કેરોસીન લગાડે છે તેના કરતાં આ તેલ સુગંધી હોવાથી વધુ અનુકૂળ થશે.



આ ચિત્રમાં તમને ઘડીમાં કાળી ભોંય પર સફેદ ફૂલ પાડેલું જણાશે, ને ઘડીમાં સફેદ ભોંય ઉપર કાળું. એ દૃષ્ટિભ્રમ છે.

અનેકાર્થી શબ્દ: **ઋષભ**: આખલો; સંગીતના સાત સ્વરમાંના બીજા સ્વરનું નામ; ઉત્તમ અથવા શ્રેષ્ઠ,–સમાસમાં છેડે; **ઋષભ**દેવ: જૈનોના તીર્થંકર; વિષ્ણુના એક અવતાર.

મખમલના કોઈ કપડામાં ઘડીઓ ને કરચલીઓ પડી ગઈ હોય તો બાથરૂમમાં ગરમ પાણીએ નહાતા હોઈએ ત્યારે એ કપડું ઊંચે ટાંગી રાખવું. વરાળથી ઘડીઓ-કરચલીઓ જતી રહેશે ને મખમલ પર ચમક આવશે.

ગણિતગમ્મત

૧	$= ૧ = ૧^{૨}$
૧+૩	$= ૪ = ૨^{૨}$
૧+૩+૫	$= ૯ = ૩^{૨}$
૧+૩+૫+૭	$= ૧૬ = ૪^{૨}$
૧+૩+૫+૭+૯	$= ૨૫ = ૫^{૨}$
૧+૩+૫+૭+૯+૧૧	$= ૩૬ = ૬^{૨}$
૧+૩+૫+૭+૯+૧૧+૧૩	$= ૪૯ = ૭^{૨}$

અને એ પ્રમાણે આગળ. સર્વ એકી ક્રમિક સંખ્યાનો સરવાળો વર્ગસંખ્યા જ (વર્ગમૂળ બરાબર નીકળી શકે તેવી) આવે. (મ.ના.ખત્રી)

કલાકણિકા

સુંદર ચીજોનો શોખ એ માણસ માત્રની સાહજિક લાગણી છે, અને માણસજાતમાં સંસ્કારિતા મ્હોરતી ગઈ તેની સાથોસાથ તેણે પોતાનાં વપરાશનાં સાધનોમાં સુડોળ ઘાટ, રૂપનું સૌન્દર્ય ને શોભન કે કારીગરી ઉતારવાના પ્રયત્નો કર્યા જ છે. એમ હજારો વર્ષ પહેલાંના અવશેષોની ક્રમપરંપરા બતાવે છે. બીજી રીતે કહીએ તો, કોઈપણ પ્રજાનાં વપરાશનાં ઉપસ્કરો, સાધનો અને જીવન સર્વસ્વમાં રહેલાં રૂપસૌન્દર્ય કે કલાતત્ત્વ તે તે પ્રજાની સંસ્કારિતાની પારાશીશી છે.

પ્રજાપ્રજાની એવી રૂપસુંદર ચીજો અહીં 'કલાકણિકા' નામથી નિયમિત આપ્યા કરવાની યોજના આ માસથી શરૂ થાય છે



કેરોસીન ને વીજળી આવ્યા પૂર્વેના આપણા સળંગ સંસ્કૃતિકાળમાં બળાતા તેલના દીવા માટે પ્રજાપ્રજાઓએ જે સુંદર ઉપસ્કરો સરજાવ્યાં તેમાં ગુજરાતે કોડિયાંની દીવી માટે સર્જેલી આ પૂતળી અતિ વિશિષ્ટ છે. બે હાથમાં તેલપાત્ર ધરી ઊભેલી એ શોભનમય પિત્તળની પૂતળીઓ ગુજરાતના આગવી લાક્ષણિકતા છે.

કહેવતોના અર્થ: 'ખળે ખબરૂં (ખબર) પડે' એ રીતે બોલાતી આ કાઠિયાવાડી કહેવતને કેટલાક 'ખરે ખબર પડે' એમ બોલીને તે । એવો અર્થ કરે છે કે જ્યારે ખરો કટોકટીનો સમય આવે ત્યારે જ માણસનું મૂલ્ય કે સાચી કસોટી થઈ જાય છે. પણ આ ઉચ્ચાર તથા મજાણ્ ભૂલભરેલાં છે. મૂળ શબ્દ તો 'ખળે (એટલે કે ખળામાં) છે અને તેનો અર્થ એવો છે કે અનાજ જ્યારે ખળામાં આવે છે ત્યારે જ તેની પાછળની ખેડૂતની મહેનત, આબોહવા અને જમીનના કસનું સાચું મૂલ્ય થાય છે,–એટલે કે અનાજના મૂલ્યની 'ખળે ખબર પડે છે.' એ જ રીતે માણસનું મૂલ્ય પણ કસોટીના સમયે જ થાય છે.



ગાયને સામાન્યત: એક જ વાછરડું જન્મે છે, અને કવચિત એકથી વધુ જન્મે તો બધાં ભાગ્યે જ જીવતાં રહે છે. દક્ષિણ હિંદમાં અનાકપલ્લે મુકામે એક ગાયે એકીસાથે ત્રણ વાછરડાંને જન્મ આપ્યો છે અને એ ત્રણે જીવે છે (ફોટો મોકલનાર: બાબુભાઈ શાહ)



ગણેશમૂર્તિઓ

(પ્રાચીન શિલ્પ)

સર્વત્ર શુભંકર મનાએલા દેવતા ગણેશ વિષે આ અંકમાં આપેલા માહિતીપૂર્ણ લેખને અનુસંધાને આપણા મધ્યકાલિન શિલ્પના ગણેશમૂર્તિના આ બે લલિત-કલાત્મક નમૂના રસદાયક થઈ પડશે. આપણા સમૃદ્ધ પ્રાચીન કલા વારસા વિષે આપણે જ્યારે બેફામ હતા એ આપણા સુષુપ્ત ગુલામી કાળમાં હિંદી શિલ્પકલાના જે સર્વોત્કૃષ્ટ નમૂનાઓ વીણાઇ વીણાઇને પરદેશ ખેંચાઈ ગયા છે તેમાં અનેકોની માફક આ બંને રૂપમનોહર મૂર્તિઓ પણ બ્રિટિશ મ્યૂઝિયમના આગારોમાં પહોંચી ગએલી છે. એમાંની ડાબી તરફની, પાંચ મુખ ને દશ ભુજવાળા ગણેશની પ્રગલ્ભ મૂર્તિ ઓરિસ્સાના ભુવનેશ્વર મંદિરમાંની છે. ૪૦ ઇંચ ઊંચી અને ૨૨ ઇંચ પહોળી, ઘેરા લીલા રંગના કલોરાઈટ-શિસ્ટ (Chlorite schist) નામના લીસા પત્થરની એ મૂર્તિ આમ્રવૃક્ષની નીચે સિંહાસન ઉપર સુખાસને બેઠેલી છે, જેમાં એનો જમણો લટકતો પગ પંજામાંથી તૂટી ગએલો છે. એના સૌથી ઉપરના જમણા હાથમાં ચક્ર, તેની નીચેનામાં ત્રિશૂલ, પછીનામાં ધનુષ ને ચોથામાં ગદા છે, અને ઠીચણ ઉપર રહેલા હાથમાં આમ્રફળ (કેરી) છે; સૌ ઉપરના ડાબા હાથમાં કમળ છે અને બીજા તથા ત્રીજા ડાબા હાથે એ જ કમળની દાંડી પકડેલી છે. ચોથા ડાબા હાથમા ચામર ને પાંચમામાં પોતાના તૂટેલા દંતૂશળનો ટુકડો પકડેલો છે. તેમના ડાબા વળેલા પગ ઉપર, હાથમાં કમળ ધારી રહેલી સ્ત્રી-મૂર્તિ છે. સિંહાસનને સિંહ અને કીચકોનાં શોભનોના પાયા છે, જેની બાજુમાં એક તરફ ગણેશનું વાહન ઉંદર અને બીજી તરફ હાથી કોરેલો છે. જમણી તરફની નૃત્ય કરતા ગણેશની મૂર્તિ આ છાપમાં દર્શાવી છે તેથી માત્ર સવાગણી જ મોટી (આશરે પાંચ ઇંચની જ) છે પણ એટલી નાની મૂર્તિમાં ઉતારેલું નૃત્યનું લાલિત્ય મનોહારી છે. એના ઉપલા જમણા હાથમાં માળા, બીજામાં પરશુ અને ચોથામાં પોતાનું તૂટેલું દંતૂશળ પકડેલું છે.

